દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 52 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 March 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૩ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





ફોરમ વર્લ્ડવાઈડ પ્રસ્તુત કરે છે

## યુરોપ 2025

ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ.
20 વર્ષો ના અનુભવ સાથે... યુરોપ માં કિચન કેરેવાન સુવિધાઓ નો
ઇતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ.. 2025 માટે વચનબદ્ધ

FORAM WORLDWIDE
#ChaloForamKeSang







### યુરોપ ફક્ત ફોરમ શાહ સાથે જ કેમ ?

- ★ ટુર માં અમારા પોતાના રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ આપવા ની ઐતિહાસીક ઉપલબ્ધી. 2006 થી પોતાના માલિકીની કિચન કેરેવાન સાથે ની ટુરો નું સફળતાપૂર્વક સંચાલન કરનાર એક માત્ર પાયોનીયર.
- ★ પોતાના વર્ષોના અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજર અને રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ
- ★ ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ વિરલ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ 20 વર્ષો ના અનુભવ સાથે. યુરોપ માં મહારાજ અને કિચન કેરેવાન સાથે ની સુવિધાઓ નો ઇતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ
- ★ ફક્ત અમારી સાથે માણો SWITZERLAND ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- ★ સવાર - બપોર - સાંજ અમારા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઇ (જૈન પણ ). બપોરનું FULL FLEDGE ગુજરાતી/મારવાડી લંચ સાથે સાથે રાત્ર ના ટેસ્ટી વેરાઈટી MULTI CUISINE ડિનર
- ★ વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ ટુરો નું આયોજન
- ★ દરેક સ્થળે કિચન કેરેવાન ની સુવિધા (SWIZTERLAND & PARIS માં પણ) ફક્ત ફોરમ સાથે જ સંભવ
- ★ કિચન કેરેવાન ની સુવિધા પૂર્ણ UK-SCOTLAND-IRELAND, EASTERN EUROPE અને ICELAND માં પણ ફક્ત ફોરમ વર્લ્ડવાઈડ સાથે સંભવ છે
- ★ અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીઈંગ નો સમાવેશ (NO HIDDEN CHARGES)
- ★ ICELAND RING - RING ROAD NO. 1 ફરાવનાર એકમાત્ર કંપની
- ★ સંપૂર્ણ EASTERN EUROPE WITH CROATIA મા કિચન કેરેવાન ના પાયોનિયર
- ★ 2 રાત્રી LOFOTEN ISLAND માં મુકામ ફક્ત અમારી સાથે
- ★ હાર્ટ ઓફ SWITZERLAND ઇન્ટરલૅકન માં 3 રાત્રી મુકામ ફક્ત ફોરમ સાથે જ સંભવ
- ★ વેનિસ માં ગન્ડોલા રાઈડ સાથે પેરિસ બાય નાઈટ ટુર (ફક્ત ફોરમ સાથે)
- ★ UK SCOTLAND IRELAND માં કિચન કેરેવાન સાથે ફોરમ વર્લ્ડવાઈડ એ માત્ર પાયોનિયર
- ★ અચેનસી લેક ક્રુઝ - 45 MINS CRUISE RIDE ON LARGEST LAKE IN TYROL
- ★ સમગ્ર ટુર દરમિયાન A/C કોચ ની મુસાફરી

**જાહેર માંગ સાથે અમને સારો પ્રતિસાદ મળ્યા બદલ, અમે ડિસ્કાઉન્ટ ઓફર 15 માર્ચ 2025 સુધી વધારી છે.**



આ ઉપરાંત યુરોપ ની બીજી ટુરો પણ ઉપલબ્ધ

| | |
|---|---|
| SPAIN-PORTUGAL (15N\|16D) | ARCTIC (11N\|12D) |
| GREECE (07N\|08D) | TURKEY (11N\|12D) |

### OTHER 2025 SECTORS

AUSTRALIA | NEW ZEALAND | CANADA | SOUTH AMERICA
SCANDINAVIA | JAPAN | FAR EAST | GREECE | UK SCOTLAND
TURKEY | BAKU | DUBAI | VIETNAM | SOUTH AFRICA |

FORAM 9324366095 | DIVYA 9833998338 | DINESH 8591728602 | BHAKTI 9321236935 | DHRUV 8169369686

HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM I INFO@FORAMWORLDWIDE.COM I FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

## અમિત શાહે મહેસાણામાં નવનિર્મિતવિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ગુજરાતના પ્રવાસ પર છે. આ દરમિયાન તેમણે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવાઈ ખાતે નવનિર્મિત વિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું લોકાર્પણ કર્યું હતું. અમિત શાહના વરદ્‌હસ્તે શેઠ ગિરધરલાલ ચુનીલાલ હાઇસ્કૂલ ટ્રસ્ટ, પીલવાઈ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીની સ્મૃતિમાં નવનિર્મિત સુંદરલાલ મંગળદાસ શાહ સાંસ્કૃતિક ભવન અને અનિલચંદ્ર ગોકળદાસ શાહ વિદ્યાભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિદ્યાભવનના લોકાર્પણ બાદ કેન્દ્રીય પ્રધાને નવનિર્મિત વિદ્યાભવનમાં સ્માર્ટ ક્લાસરૂમ અને કૉમ્પ્યુટર લેબ સહિત વિવિધ વર્ગખંડોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ અવસરે અમિત શાહ તેમ જ તેમના પરિવારનું ટ્રસ્ટ દ્વારા સાલ અને વિદ્યાભવનનું સ્મૃતિ ચિહ્ન આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૨૭થી સંચાલિત આ શાળા વિશે વિગતો આપતાં ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ ગુણવત્તાસભર શિક્ષણ મેળવી સમાજના આદર્શ નાગરિક બને તે આ સંસ્થાની નેમ છે તેમ જ વર્ષ ૨૦૨૬માં સંસ્થાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં શતાબ્દી મહોત્સવ ઊજવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ ઉપરાંત અમિત શાહે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવાઈ ખાતે શ્રી ગોવર્ધનનાથજી મંદિરે ભગવાન ગોવર્ધનનાથજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમણે ભગવાન ગોવર્ધનનાથજીની પૂજા અર્ચના કરી જનસુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ પારિવારિક પ્રસંગે અમિત શાહના પુત્ર અને આઈ.સી.સી. અધ્યક્ષ જય શાહ સહિત પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## વડા પ્રધાન મોદી સાસણ ગીર ખાતે નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડના સભ્યો સાથે બેઠક યોજશે

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસ ગુજરાત પ્રવાસે આવ્યા છે. વડા પ્રધાન મોદી સોમનાથથી સાસણ ગીર પહોંચશે. આવતી કાલે એટલે કે ૩ માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ વન્યજીવ દિવસ'ની ઉજવણી કરાશે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં સાસણમાં વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી થશે. નરેન્દ્ર મોદીના આગમનને પગલે સાસણ ખાતે પોલીસ અને પ્રશાસન વિભાગ સજ્જ બન્યાં છે. વડા પ્રધાન મોદીના આગમનને પગલે સાસણ ખાતે હેલિપેડ બનાવાયું છે. મોદીના આગમનને જોતાં સુરક્ષા બંદોબસ્ત સઘન કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ૮ જેટલા એસપી તેમ જ ૧૫ ડીવાયએસપી તો ૩૦ પોલીસ ઇન્સ્પેકટર અને ૧૦૦ પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને ૧૨૦૦ પોલીસ જવાનોની સાથે ચુસ્ત બંદોબસ્ત તહેનાત કરવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સાસણ ખાતે આયોજિત સાતમી રાષ્ટ્રીય વન્ય જીવ બોર્ડ બેઠકમાં ઉપસ્થિત રહેવાના છે. અત્યાર સુધી છ બેઠકો પૂર્ણ થઈ છે. ૩ માર્ચે વિશ્વ વન્યસૃષ્ટિ દિવસ છે. નરેન્દ્ર મોદી પોતે હોદ્દાની રૂએ નેશનલ વાઇલ્ડલાઇફ બોર્ડના અધ્યક્ષ હોવાથી બેઠકમાં ભાગ લેવા સાસણ આવી રહ્યા છે. જેમાં અહીં તેઓ ૨૯૦૦ કરોડના પ્રોજેક્ટ લાયનનું લોંચિંગ કરશે. ગુજરાતમાં વધનારી સિંહોની વસતીને જોતાં આ પ્રોજેક્ટ હેઠળ ૮ સેટેલાઇટ સિંહ વસવાટ કેન્દ્રોમાં નિયંત્રણ, દેખરેખ અને પ્રાણીઓ માટેની હૉસ્પિટલ સહિત સુવિધાઓ લોકાપર્ણ કરશે અને સાસણ ખાતે રાત્રીરોકાણ કરશે. તેમ જ ૩ માર્ચના વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડેના દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સિંહદર્શન પણ કરશે. આવતી કાલે સવારે ૬ વાગે સફારી પાર્કમાં સિંહદર્શન કરશે તેમ જ વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે નિમિતે ફોરેસ્ટ મહિલા બીટ ગાર્ડને પેટ્રોલિંગ માટે બાઇક વિતરણ કરશે. નરેન્દ્ર મોદીના વન્ય સંરક્ષણ અને વન્ય પ્રાણી દેખરેખ નીતિરીતિ પગલે સિંહોની સુરક્ષામાં વધારો થયો છે.

## નરેન્દ્ર મોદીનો જામનગરમાં રોડ શો યોજાયોઃ સોમનાથદાદાનું દર્શન-પૂજન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે છે. શનિવારે સાંજે વડા પ્રધાન મોદીનું જામનગરમાં આગમન થયું હતું. ઍરફોર્સ સ્ટેશન ખાતે તેમનું આગમન થતાં મહાનુભાવોએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ઍરપૉર્ટથી પાઇલટ બંગલા સુધી ભવ્ય રોડ શો યોજાયો હતો. મોદીની એક ઝલક જોવા મોટી સંખ્યામાં લોકો ઊમટ્યા હતા. વડા પ્રધાન મોદીએ સર્કિટ હાઉસ ખાતે રાત્રિરોકાણ કર્યું હતું. જે બાદ રવિવારે સવારે વનતારાની મુલાકાત લીધી હતી.

વડા પ્રધાને લાલ બંગલા સ્થિત સર્કિટ હાઉસમાં રાત્રિરોકાણ કર્યું હતું. રવિવારે સવારે ૫:૪૫ વાગ્યે તેઓ વનતારા જવા રવાના થયા હતા. સવારે ૬:૨૫ કલાકે એનિમલ રેસ્ક્યુ સેન્ટર વનતારા પહોંચ્યા હતા. તેમણે વનતારામાં સાત કલાકથી વધુ સમય વિતાવ્યો હતો. બપોરે ૨:૧૦ કલાકે તેઓ સોમનાથ જવા રવાના થયા હતા.

જામનગર ખાતે વનતારાની મુલાકાત બાદ સોમનાથ પહોંચ્યા હતા. અહીં તેમણે હેલીપેડથી સોમનાથ મંદિર સુધી એક કિલોમીટરનો રોડ શો કર્યો હતો. મોદીનું અભિવાદન ઝીલવા મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. સોમનાથ મંદિરમાં સોમનાથદાદાનાં દર્શન-પૂજન કર્યાં પછી તેમનો કાફલો સાસણ જવા રવાના થયો હતો.

## રાજ્યમાં ઘર વેચવા અને ખરીદવા પર હાઉસિંગ સોસાયટીઓ બેફામ ટ્રાન્સફર ફી વસૂલી શકશે નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાઉસિંગ સોસાયટીમાં ઘર વેચવું કે વારસામાં મેળવવું હવે વધુ પારદર્શક અને કોસ્ટ સસ્તું બનશે, કારણ કે રાજ્ય સરકારે ટ્રાન્સફર ફી મર્યાદિત કરી છે અને વધારાના ચાર્જ પર પ્રતિબંધ મૂક્યો છે. એક અહેવાલ મુજબ ગુજરાત સહકારી સોસાયટી (સુધારા) બિલ, ૨૦૨૪ પસાર થયાના એક વર્ષ પછી, ગુજરાત સરકારે હાઉસિંગ સોસાયટીઓ માટે મહત્તમ ટ્રાન્સફર ફી માટેના નિયમો સૂચિત કર્યા અને વિકાસ ચાર્જ પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારના આ પગલાનો હેતુ હાઉસિંગ સોસાયટીઓને મિલકત ટ્રાન્સફર પર મનસ્વી ચાર્જ લાદતાં અટકાવવાનો છે, જે ઘર ખરીદનારાઓ અને વેચાણકર્તાઓમાં સામાન્ય ફરિયાદ છે. સૂચિત નવા નિયમો અનુસાર, ટ્રાન્સફર ફી અવેજ મૂલ્યના ૦.૫ ટકા અથવા રૂા. ૧ લાખ, જે પણ ઓછું હોય તે મર્યાદિત કરવામાં આવી છે. નિયમોમાં સોસાયટીઓને નવા સભ્યો પાસેથી વિકાસ ચાર્જ, દાન અથવા અન્ય કોઈ પણ ભંડોળમાં યોગદાનની માંગણી કરવાથી પણ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે.

ગુરુવારે પ્રકાશિત ગેઝેટ નોટિફિકેશનમાં સૂચિત ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) નિયમો, ૨૦૨૫ અનુસાર, હાઉસિંગ અથવા હાઉસિંગ સર્વિસ કો-ઓપરેટિવ સોસાયટીઓના કિસ્સામાં ટ્રાન્સફર ફી રૂા. ૧ લાખ સુધી મર્યાદિત કરવામાં આવી છે. ''આવાસ અથવા ગૃહ સેવા સહકારી મંડળી, બાય લોની જોગવાઈઓને આધીન, ટ્રાન્સફર કરેલી મિલકતના અવેજ મૂલ્યના ૦.૫ ટકાથી વધુ દર અથવા રૂા. ૧ લાખ, જે ઓછું હોય તેનાથી વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરશે નહીં. સૂચનામાં જણાવાયું છે કે જ્યાં કોઈ મિલકત નાણાકીય અવેજ વિના કાનૂની વારસદારને ટ્રાન્સફર કરવામાં આવી રહી હોય, ત્યાં કોઈ ટ્રાન્સફર ફી લાગુ થશે નહીં. નિયમો વિકાસ ચાર્જ હેઠળ કોઈ પણ વધારાની રકમ વસૂલવા પર પણ પ્રતિબંધ મૂકે છે. ટ્રાન્સફર સમયે ટ્રાન્સફર કરનાર અથવા ટ્રાન્સફર કરનાર પાસેથી વિકાસ ચાર્જ, દાન અથવા અન્ય કોઈ પણ ભંડોળમાં યોગદાન માટે અથવા અન્ય કોઈ પણ બહાનાં હેઠળ કોઈ વધારાની રકમ વસૂલવામાં આવશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) બિલ, ૨૦૨૪, ગયા વર્ષે ૨૯ ફેબ્રુઆરીના રોજ પસાર કરવામાં આવ્યું હતું. સહકાર રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે રહેણાક એકમના નવા માલિક પાસેથી સોસાયટીઓ દ્વારા વસૂલવામાં આવતી ટ્રાન્સફર ફી અંગે કોઈ ચોક્કસ જોગવાઈ નથી. દર વર્ષે, આ કાયદા હેઠળ ૧,૫૦૦ નવી હાઉસિંગ સોસાયટીઓ નોંધાય છે. જો કોઈ જોગવાઈ ન હોય તો, સોસાયટીનું મૅનેજમેન્ટ નવા માલિક પાસેથી તેમની વિવેકબુદ્ધિ મુજબ ટ્રાન્સફર ફી વસૂલ કરે છે. ટ્રાન્સફર ફી ક્યારેક લાખ રૂપિયા સુધી વધી જાય છે અને સોસાયટી નવા માલિકને તે ચૂકવવા દબાણ કરે છે.'' તેમ તેમણે ગૃહમાં જણાવ્યું હતું.

''તેથી જ અમે એક નવી જોગવાઈ દાખલ કરી રહ્યા છીએ જે સરકારને ટ્રાન્સફર ફી નક્કી કરવા માટે ચોક્કસ નિયમો ઘડવાની સત્તા આપશે. એકવાર આ સુધારેલો કાયદો અમલમાં આવશે, પછી સોસાયટીના ચૅરમૅન કે સેક્રેટરી મનસ્વી રીતે ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહીં, એમ તેમણે ઉમેર્યું હતું.

રિયલ એસ્ટેટ નિષ્ણાતો અને ઘર ખરીદનારાઓએ આ પગલાનું સ્વાગત કર્યું હતું, તેને ખૂબ જ જરૂરી સુધારો ગણાવ્યો હતો. વર્ષોથી, સોસાયટીઓ ભારે ફી વસૂલવા માટે છટકબારીઓનો ઉપયોગ કરે છે. આ નિયમન ઘરમાલિકોનું રક્ષણ કરશે અને પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવશે.

## પીએમજય-મા યોજના હેઠળ ફરિયાદ નિવારણ અને જરૂરી માહિતી માટે હેલ્પલાઇન નંબર જાહેર

અમદાવાદઃ પીએમજય-મા યોજના અંતર્ગત લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે ૨૪×૭ હેલ્પલાઇન કાર્યરત કરવામાં આવી છે. પીએમજય-મા યોજના હેઠળ ફરિયાદ નિવારણ અને જરૂરી માહિતી માટે ૦૭૯-૬૬૪૪-૦૧૦૪ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. દર્દીની ફરિયાદ કોલ દ્વારા નોંધવામાં આવે છે, દર્દીને ફરિયાદની સફળ નોંધણી અને ફરિયાદની સ્થિતિને ટ્રેક કરવા માટે નોંધણી નંબરની જાણકારી આપતો એસએમએસ રજિસ્ટર્ડ કરેલા નંબર પર મોકલવામાં આવશે.

આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે પીએમજય-મા યોજનાને લગતી ફરિયાદ નિવારણ અને જરૂરી માહિતી માટેની હેલ્પલાઇન કાર્યરત કરાવતાં જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલું આયુષ્માન કાર્ડ આપના અને આપના પરિવાર માટે ઉત્તમ- આરોગ્ય સેવાની ગૅરંટી છે. આયુષ્માન કાર્ડ અને તેના અંતર્ગત આપવામાં આવતી સેવાને લગતી કોઈ પણ ફરિયાદ, સમસ્યા અને માહિતી માટે આ હેલ્પલાઇન નંબર કાર્યરત કરાવવામાં આવ્યો હોવાનું જણાવી આ નંબર ૨૪×૭ કાર્યરત રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું. આ હેલ્પલાઇન સંદર્ભેની વધુ વિગતો આપતાં તેમણે જણાવ્યું હતુ કે, દર્દીની ફરિયાદ કોલ દ્વારા નોંધવામાં આવે છે. દર્દીને ફરિયાદની સફળ નોંધણી અને ફરિયાદની સ્થિતિને ટ્રેક કરવા માટે નોંધણી નંબરની જાણકારી આપતો એસએમએસ રજિસ્ટર્ડ કરેલા નંબર પર મોકલવામાં આવશે. આ હેલ્પપલાઇનથી મળેલ ફરિયાદના નિવારણ માટે, જિલ્લા/કોર્પોરેશન નોડલ તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને મેડિકલ ઑફિસર ઑફ હેલ્થ, ઇન્સ્યોરન્સ કંપની, કાર્ડ એપ્રુવલ એજન્સીને એસએમએસ તથા ઇમેલમાં લિંક થકી ફરિયાદની વિગતો મોકલવામાં આવશે.

જરૂરી સ્ટેકહોલ્ડર/અધિકારી સાથે સંકલન કરી તેમને લિંકમાં જ ફરિયાદ નિરાકરણનાં જરૂરી ડૉક્યુમેન્ટ જોડાણ કરવાની વ્યવસ્થા તેમ જ ફરિયાદી માટે પણ ડોક્યુમેન્ટ અથવા પુરાવા મોકલવાની સગવડ થકી ફરિયાદનું વેરિફિકેશન અને નિરાકરણ નિયત સમયમર્યાદામાં કરવામાં આવશે.

ત્યાર બાદ હેલ્પલાઇનની ટીમ દ્વારા નિરાકરણની ખરાઈ ફરિયાદીને કોલ કરીને કરવામાં આવે છે અને પૂર્તતા થયા બાદ જ ફરિયાદ બંધ કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૨.૬૭ કરોડથી વધુ આયુષ્માન કાર્ડધારકો છે. રાજ્ય સરકાર દ્વારા આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂા. ૧૦ લાખની કેશલેસ સારવાર આપવામાં આવે છે.

## ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ અને શહેર પ્રમુખની જાહેરાત ૧૦મી માર્ચ સુધીમાં થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપમાં લાંબા સમયથી પ્રદેશ પ્રમુખ અને શહેર જિલ્લા પ્રમુખની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. પ્રદેશ પ્રમુખ અને શહેર જિલ્લા પ્રમુખની નિમણૂક મુદ્દે 'તારીખ પે તારીખ, તારીખ પે તારીખ'ની જેમ મુદત પડતી રહે છે. જોકે, હવે એવું લાગી રહ્યું છે કે ૧૦ માર્ચ આસપાસ આ તમામ હોદ્દેદારોની જાહેરાત થઈ જશે. ભાજપની નજીકનાં વર્તુળો પાસેથી જાણવા મળી રહ્યું છે કે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીના પદાધિકારીઓની પસંદગી તારીખ પાંચમી માર્ચે પૂર્ણ થયા બાદ ભાજપ હાઈ કમાન્ડ હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. હવે જોવાનું એ રહે છે કે વધુ એક મુદત પડે છે કે ૧૦ માર્ચ સુધીમાં નિયુક્તિ થઈ જશે. ગુજરાતમાં દરેક શહેર અને જિલ્લાના પ્રમુખોની નિયુક્તિમાં બહુ વિલંબ થયો છે. રાજ્ય ભાજપ નવા પ્રદેશ પ્રમુખની રાહ જોઈ રહ્યું છે તો શહેર જિલ્લાના નવા પ્રમુખની પસંદગી પણ બાકી છે. દિલ્હી ભાજપ હાઇકમાન્ડ એવું વિચારી રહ્યું છે કે જૂના સંગઠને નક્કી કરેલા શહેર જિલ્લાના પ્રમુખનાં નામ જાહેર કરવાં કે પછી નવા પ્રદેશ પ્રમુખ આવે ત્યાર બાદ નવા પ્રમુખોનાં નામની જાહેરાત થાય. જોકે પ્રદેશ પ્રમુખ આવે એ પહેલાં ૫૦ ટકા સ્થાનિક પ્રમુખના નિયમના કારણે પહેલા એવું લાગે છે કે શહેર જિલ્લા પ્રમુખની જાહેરાત થઈ જશે અને આ જાહેરાત ૧૦મી માર્ચ સુધીમાં થઈ જાય તેવી પૂરી સંભાવના છે. તેની સાથોસાથ નવા પ્રદેશ પ્રમુખની વરણી પણ ૧૦ માર્ચ આસપાસ થઈ જશે તેવું ભાજપના નેતાઓ અને કાર્યકરો માની રહ્યા છે.

## ગુજરાતમાં જન્મ-મરણ નોંધણી ફીમાં ૧૦ ગણો વધારોઃ ખોટી માહિતી આપનાર વ્યક્તિને ₹ ૫૦થી ₹ ૧૦૦૦ સુધીનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે જન્મ-મરણ નોંધણી ફીમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. ૨૭મી ફેબ્રુઆરીથી નવા દર અમલી બન્યા છે. મૃત્યુના પ્રમાણપત્ર માટેની ફી રૂા. ૫થી વધારીને રૂા. ૨૦ કરવામાં આવી છે. જન્મના દાખલા માટે અગાઉની રૂા. ૧૦ની ફી વધારીને રૂા. ૫૦ કરવામાં આવી છે. નવા નિયમો અનુસાર, ૩૦ દિવસથી મોડી નોંધણી માટે લેટ ફી રૂા.૧૦થી વધારીને રૂા. ૫૦ કરવામાં આવી છે. એક વર્ષથી મોડી નોંધણી માટે રૂા. ૧૦૦ની ફી લાગશે. આ માટે જિલ્લા મૅજિસ્ટ્રેટની મંજૂરી લેવી પડશે. પ્રમાણપત્રો હવે ઇલેક્ટ્રૉનિક અથવા અન્ય સ્વરૂપમાં આપવામાં આવશે. અગાઉ 'નકલ' શબ્દને બદલે હવે 'પ્રમાણપત્ર' શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. ખોટી માહિતી આપનાર વ્યક્તિને રૂા. ૫૦થી રૂા.૧૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે.

રાજ્ય સરકારના સેક્રેટરીએ જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે આ સુધારા દ્વારા જન્મ અને મૃત્યુ નોંધણીની પ્રક્રિયા વધુ સ્વચ્છ, અસરકારક અને વ્યવસ્થિત બનશે.

## ગરમીથી રાહત માટે એએમટીએસની લાલ બસો પર લગાડાશે સફેદ રંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં હવે ઉનાળાની આકરી ગરમી જેવો જ અનુભવ થઈ રહ્યો છે ત્યારે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પણ એએમટીએસની બસો પર સફેદ રંગ લગાવવાની કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. જેથી કરીને શહેરની આકરી ગરમીને કારણે બસની અંદરના તાપમાનમાં ઘટાડો કરીને મુસાફરોને રાહત આપી શકાય.

પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાતમાં ફેબ્રુઆરીના બીજા પખવાડિયાથી જ ગરમીનો આકરો અનુભવ થઈ રહ્યો છે ત્યારે આ ગરમીના કારણે એએમટીએસની બસોમાં મુસાફરી કરતાં મુસાફરોને રાહત આપવા માટે હવે એએમટીએસ બસોની ઉપર સફેદ રંગ કરવામાં આવશે, જેના પરિણામે બસની અંદરના તાપમાનમાં ૩થી ૪ ડિગ્રી જેટલો ફેરફાર થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે એએમટીએસની અમુક બસો કે જે બીઆરટીએસ સાથે કોલાબરેશનમાં ચલાવવામાં આવી રહી છે તેમાં એસીની સુવિધા છે, જોકે તમામ બસોમાં આ સુવિધા ઉપલબ્ધ નથી. તે ઉપરાંત એએમટીએસના મોટા બસ સ્ટેન્ડ પર કુલર કે પંખા લગાવવાની ગ્રીન નેટ બાંધવાની દિશામાં પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

## ગુજરાતનો સૌથી લાંબો અંડરપાસ સુરતમાં ખુલ્લો મુકાયોઃ ૬૦ હજાર વાહનચાલકોને ટ્રાફિકથી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સૌથી લાંબા રેલવે અંડરપાસનું કેન્દ્રીય પ્રધાન સીઆર પાટીલના હસ્તે સુરતમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લિંબાયત-ડીંડોલી રેલવે અંડરપાસનું નિર્માણ ૬૦ કરોડ રૂપિયાના ખર્ચ કરવામાં આવ્યું છે. અંડરપાસમાંથી પસાર થતા વાહનચાલકોને ગરમી અને ધૂળમાંથી મુક્તિ મળે તે માટે હિટેડ વેન્ટિલેટર ઍરકંડિશન સિસ્ટમ ફીટ કરવામાં આવી છે.

અંડરપાસ ખુલ્લો મુકાતાં દરરોજ અંદાજે ૬૦ હજાર વાહનચાલકોને ટ્રાફિકમાં રાહત મળશે.

લિંબાયત અને ડિંડોલીને જોડતા આ અંડરપાસના ઉદ્‌ઘાટન સાથે સુરતના વાહનચાલકો માટે એક મોટી મુશ્કેલીનું સમાધાન થયું છે. અગાઉ, સાંઈબાબા મંદિર પાસે સુરત-ભુસાવલ રેલવે લાઈનને કારણે વાહનચાલકોને લાંબી ચક્કર કાપવી પડતી હતી. આ અંડરપાસ ખુલ્લો મુકાતાં વાહનચાલકોને ટ્રાફિકમાં રાહત મળશે.

અંડરપાસની અંદર પાણી ન ભરાય તે માટે ૪૦,૦૦૦ લિટરની બે વિશાળ ટાંકીઓ બનાવાઈ છે. ૪ પાવરફૂલ પંપો દ્વારા વરસાદી પાણી તરત જ બહાર કાઢી શકાશે. સાત રેલવે ટ્રેકની નીચેનો આ અંડરપાસ રાજ્યનો પ્રથમ છે, જે સંપૂર્ણ વેધરપ્રૂફ સિસ્ટમથી સજ્જ છે. આગ લાગે તો સાવચેતીનું સંપૂર્ણ આયોજન છે. ૧૦ લાખ રૂપિયાના ખર્ચે ફાયર સેફ્ટી સિસ્ટમ વિકસાવવામાં આવી છે, જેમાં ૪-ઈંચની પાણીની પાઈપ અને ૧૫-૨૦ મીટરના અંતરે નોઝલ લગાવવામાં આવ્યા છે, જેથી કોઈ પણ આગની ઘટના સમયે તુરંત કાર્યવાહી કરી શકાશે.

## કરોડોના ખર્ચે વૃક્ષારોપણ બાદ રોપાની જાળવણીમાં અમદાવાદ મનપા નિષ્ફળઃ ૩ વર્ષમાં ૭૦.૯૪ લાખ રોપામાંથી ૨૪.૮૩ લાખ રોપા બળી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં હરિયાળું આવરણ વધે તે માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મસમોટા કાર્યક્રમો કરીને કરોડોના ખર્ચે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, પરંતુ તેનો ઉત્સાહ આથમી જતાં આ રોપાઓની જાળવણી પ્રત્યે ઉદાસીનતા સેવાતાં લાખો રોપાઓ બળી ગયા હોવાનો વિરોધ પક્ષના નેતાએ આક્ષેપ કર્યો હતો.

વિપક્ષી નેતા શેહજાદ ખાન પઠાણે આક્ષેપ કર્યો છે કે મિશન થ્રી મિલિયન ટ્રી, 'એક પેડ મા કે નામ' જેવા નારાઓ આપીને કરોડો રૂપિયાના ખર્ચે વૃક્ષારોપણ કરવામાં આવ્યા બાદ તેની જાળવણીમાં અમદાવાદ મહાનગરપાલિકાના શાસકો નિષ્ફળ નીવડ્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે છેલ્લાં ૩ વર્ષમાં ૭૦.૯૪ લાખ રોપામાંથી ૨૪.૮૩ લાખ રોપા બળી ગયા છે.

કરોડોના ખર્ચે વૃક્ષારોપણ કરીને લગાવવામાં આવેલા રોપા બળી ગયા હોવા છતાં કોઈ કૉન્ટ્રાક્ટરને તંત્ર દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો નથી. તેમણે કહ્યું હતું કે, ''સૌપ્રથમ વિકાસનાં નામે શહેરમાં હયાત વૃક્ષોને કાપી નાખવાની મંજૂરીઓ આપીને બાદમાં ગ્લોબલ વોર્મિંગની દુહાઈ આપીને તથા નાગરિકોને ગરમીથી બચાવવાનાં નામે લોકોનાં ટૅક્સના પૈસામાંથી જ વૃક્ષારોપણ કરવાની વાહવાહી મેળવી છે. ઉપરાંત તેમણે આગળ કહ્યું હતું કે શહેરમાં ગ્રીન કવર ઘટવા પાછળનાં કારણથી સામાન્ય નાગરિક અજાણ છે.

તેમણે કહ્યું હતું કે ભાજપે વર્ષ ૨૦૨૫ સુધીમાં ગ્રીન કવર ૧૨ ટકાથી વધારીને ૧૫ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, પરંતુ ત્રણ ટકાનો વધારો પણ કાગળ ઉપર જ રહેવા પામ્યો છે.

## અમદાવાદમાં ઘરનું ઘર સ્વપ્નવત્ બન્યુંઃ શહેરના પોશ વિસ્તારોમાં ઘરની કિંમત સરેરાશ ૧૫ ટકા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર ગુજરાતનું આર્થિક પાટનગર ગણાય છે, અમદાવાદમાં ઉદ્યોગ, ધંધાના કારણે મોટી સંખ્યામાં લોકો સ્થાયી થઈ રહ્યા છે, જોકે તેના કારણે શહેરમાં મકાનોના ભાવ આસમાને પહોંચ્યા છે. તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ અમદાવાદ સહિત દેશનાં મુખ્ય ૮ શહેરમાં ડિસેમ્બરમાં પૂરા થયેલા ક્વાર્ટરમાં ઘરોની કિંમતમાં સરેરાશ ૧૦ ટકાનો વધારો નોંધાયો છે, જેનું મુખ્ય કારણ મજબૂત માંગ અને ઊંચા ઈનપુટ ખર્ચ છે. અમદાવાદમાં ૨૦૨૩ના ઓક્ટોબર-ડિસેમ્બરના ક્વાર્ટરની તુલનામાં ૨૦૨૪ના આ જ સમય દરમિયાન ઘરોની કિંમતમાં ૧૫ ટકા સુધીનો વધારો નોંધાયો છે અને કાર્પેટ ઍરિયાનો સરેરાશ ભાવ ૭૭૨૫ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટે પહોંચી ગયો છે. ક્રેડાઈ, કોલિયર્સ અને લાઈસેસ ફોરાસે સંયુક્ત રીતે જાહેર કરેલા રિપોર્ટ મુજબ, ઘરોની કિંમતો વધવામાં અમદાવાદ ત્રીજા નંબરે છે. અમદાવાદ શહેરના સાઉથ વેસ્ટ સબર્બ માર્કેટમાં આવતા બોપલ, આંબલી, પ્રહલાદનગર, સાઉથ બોપલ, સેટેલાઈટ, વેજલપુર વિસ્તારમાં ડિસેમ્બર ક્વાર્ટરમાં ઘરની કિંમત ૧૭ ટકા સુધી વધી ગઈ છે. રિપોર્ટ મુજબ, અમદાવાદમાં છેલ્લા ત્રણ ક્વાર્ટરમાં વેચાયા ન હોય એવાં ઘરોની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયો છે. ૨૦૨૪ના ચોથા ક્વાર્ટર સુધીમાં ૬૩ ટકા વેચાયાં વગરનાં ઘરો અફૉર્ડેબલ અને મિડ-સેગમેન્ટમાં રહ્યાં. સાઉથવેસ્ટ સબર્બ માર્કેટમાં વાર્ષિક ૨૦ ટકાનો સૌથી વધુ ભાવવધારો નોંધાયો, બીજા નંબરે ગાંધીનગર સબર્બમાં ૧૬ ટકાની વૃદ્ધિ નોંધાઈ. એસ.પી. રિંગ રોડ પરનું ભીડનું ભારણ ઘટાડવા ઈસ્ટર્ન સબર્બમાં રહેણાક વિસ્તારો વિકાસાવવાની પ્રવૃત્તિને લાંબા ગાળાનો વેગ મળવાની શક્યતા છે.

## સુરતમાં મહિલા પોલીસકર્મીએ સ્યૂસાઈડ નોટ લખી જીવન ટૂંકાવ્યું

અમદાવાદઃ સુરત એરપોર્ટ પર ફરજ બજાવતાં મહિલા પોલીસકર્મી શેતલ ચૌધરીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં ચકચાર મચી ગઈ હતી. સુરતનાં અઠવા લાઈન્સ વિસ્તારમાં આવેલા બસેરા હાઉસમાંથી મહિલા પોલીસકર્મીનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક મહિલા પોલીસકર્મી શેતલ ચૌધરી સુરત એરપોર્ટ ખાતે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ અઠવા લાઇન્સ રેન બસેરા નજીક રહેતા હતા. તેમણે કોઈ કારણોસર પોતાના ઘરે આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થયા બાદ પોલીસ સ્ટાફે મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસકર્મીએ કયા કારણોસર આત્મહત્યા કરી છે તે કારણ શોધવા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ કેસની તપાસમાં પોલીસને એક સ્યૂસાઈડ નોટ મળી આવી હતી, જેમાં લખ્યું હતું કે તેમણે જીવન જીવવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ હવે તેમને જીવન જીવવું ગમતું નથી અને તેમના મોત માટે કોઈ જવાબદાર નથી.

## અમદાવાદમાં ડિમોલિશનની કાર્યવાહીથી ખુલ્લી થયેલી જમીન વેચાણથી આપવા તંત્રની વિચારણા

(અમારા પ્રતિનધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસો પૂર્વે અમદાવાદના ઓઢવમાં મોટાપાયે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે મુદ્દાની સમગ્ર રાજ્યમાં ચર્ચા જાગી હતી. તે ઉપરાંત શહેરના જશોદાનગર અને અમરાઈવાડી વિસ્તારમાં આવેલી રબારી વસાહતોમાં ડિમોલિશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તે અંતર્ગત અંદાજે ૧૧૦૦ જેટલાં મકાનો પાડી દેવામાં આવ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ મ્યુનિસપિલ કૉર્પોરેશન દ્વારા થોડા દિવસ પૂર્વે શહેરના જશોદાનગર, ઓઢવ અને અમરાઈવાડી વિસ્તારની ચાર રબારી વસાહતોમાં મેગા ડીમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહી અંતર્ગત અંદાજે ૧૧૦૦ જેટલાં મકાનોનાં દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ હવે વિસ્તારોમાં કુલ ૬.૫૭ હજાર ચો.મી. જમીન વેચાણથી કાયમી માલિકી હક આપવા અંગે ઠરાવ કરીને રાજ્ય સરકારને મોકલી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

દરમિયાન આ વિસ્તારોમાં ડિમોલિશન કાર્યવાહીને કારણે જે લોકોને અસર પહોંચી છે તેઓને જંત્રી ભાવ અથવા સરકાર નક્કી કરે તે ભાવ મુજબ પ્લોટ વેચાણથી આપવા માટે સ્ટેન્ડિંગ કમિટીમાં ઠરાવ કરીને રાજ્ય સરકારને મોકલવામાં આવશે અને સરકારની મંજૂરી પછી તેનો અમલ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઓઢવ મનપાની કાર્યવાહી મુદ્દે રબારી સહિત માલધારી સમાજમાં ખૂબ રોષ વ્યાપ્યો છે અને જેના પર મલમ લગાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની ચર્ચા છે.

એ પણ ખાસ નોંધવું રહ્યું કે આ નિર્ણયની જાહેરાત એએમસી સ્ટેન્ડિંગ ચૅરમૅન, ટીપી ચૅરમૅન અને પૂર્વ ડે. મેયરના નેજા હેઠળ માલધારી સમાજના અગ્રણીઓ વચ્ચે યોજાયેલી બેઠક બાદ કરવામાં આવી હતી.

दैनिक
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 52 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 March 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૩ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભારત ૪૪ રનથી જીત્યુંઃ ઑસ્ટ્રેલિયા સામે રમાશે સેમિ ફાઇનલ

### વરુણનો પાંચ વિકેટનો તરખાટ, દસમાંથી નવ વિકેટ સ્પિનરે લીધી

દુબઈઃ ભારતે ગઈ કાલે અહીં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં સેમિ ફાઇનલ પહેલાંના 'પ્રૅક્ટિસ મૅચ' જેવા મુકાબલામાં ન્યૂ ઝીલૅન્ડને ૪૪ રનથી હરાવી દીધું એ સાથે મંગળવારની સેમિ ફાઇનલ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) પહેલાં ટીમ ઇન્ડિયાના ખેલાડીઓનો જુસ્સો બુલંદ થઈ ગયો છે. ભારત ગ્રૂપ 'એ'માં નંબર-વન પર રહ્યું અને હવે દુબઈમાં જ મંગળવાર, ચોથી માર્ચની સેમિ ફાઇનલમાં ભારતનો મુકાબલો ગ્રૂપ 'બી'ની બીજા

(જુઓ પાનું ૨) ▸▸








## દેશમાંના ગેરકાયદે વસાહતીઓ અને ધર્માંતરની પ્રવૃત્તિ જોખમીઃ ઉપરાષ્ટ્રપતિ

તિરુવનંતપુરમઃ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અહીં રવિવારે 'પી. પરમેશ્વરન સ્મૃતિ વ્યાખ્યાન'માં જણાવ્યું હતું કે દેશમાંના ગેરકાયદે વસાહતીઓ જોખમી છે. તેઓ આપણા દેશમાંની રોજગારી, આરોગ્ય, શિક્ષણ સેવા તેમ જ સંસ્કૃતિને નુકસાન પહોંચાડી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ચોક્કસ કોમની વસતિ વધારવા માટે ધર્માંતર કરાવવાની પ્રવૃત્તિ પણ દેશ માટે લાંબા-ગાળે મુશ્કેલી ઊભી કરી શકે છે. દરેકને ધર્મ પસંદ કરવાની છૂટ છે, પરંતુ લાલચ, પ્રલોભન આપીને અને સમાજના નબળા વર્ગના લોકોની મજબૂરીનો ગેરલાભ લઇને ધર્માંતર કરાવવાની પ્રવૃત્તિ સંપૂર્ણ બંધ થવી જોઇએ.

દેશમાં હિંદુઓની સરખામણીમાં મુસલમાનોની વસતિ ઝડપથી વધી રહી હોવાનો અહેવાલ થોડા સમય પહેલાં પ્રસિદ્ધ થયો હતો અને દેશમાં બાંગ્લાદેશી નિરાશ્રિતોની સંખ્યા ઘણી વધી હોવાના અહેવાલ પણ છે.

દરમિયાન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રવિવારે જણાવ્યું હતું કે છેલ્લા દાયકામાં દેશે ઝડપી આર્થિક વિકાસ જોયો છે અને આ દરમિયાન આ સૌથી ઝડપથી આગળ વધનાર વૈશ્વિક અર્થવ્યવસ્થા બની ગઇ છે. સેન્ટર ફોર ઇન્ડિયન થોટ દ્વારા આયોજિત ચોથા પી. પરમેશ્વરન મેમોરિયલ લેક્ચરમાં બોલતી વખતે ઉપરાષ્ટ્રપતિએ આ નિવેદન આપ્યું હતું. ધનખડે કહ્યું હતું કે ૧૯૮૯માં જ્યારે તેઓ સાંસદ હતા અને ૧૯૯૧માં જ્યારે તેઓ કેન્દ્રીય પ્રધાન હતા ત્યારે "વાતાવરણ અમને પ્રેરણા આપતું નહોતું." તેમણે કહ્યું હતું કે, "હવે આપણું ભારત સકારાત્મકતા અને સંભાવનાઓથી ભરેલું છે. તે સર્વવ્યાપી છે. આપણે આશા અને સંભાવનાઓની એક ઇકોસિસ્ટમ જોઈ શકીએ છીએ. છેલ્લા દાયકામાં ભારતમાં ઝડપી આર્થિક વિકાસ જોવા મળ્યો છે." ■






એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસીઓના માનસમાંથી ચાપલૂસીની ખંજવાળ જતી જ નથી

**કૉંગ્રેસમાં** નહેરુ-ગાંધી ખાનદાનને કેન્દ્રસ્થાને રાખીને ચાપલૂસીનું એક કલ્ચર વિકસ્યું છે. આ કલ્ચરની પેદાશ એવા નેતા નહેરુ-ગાંધી ખાનદાનની ચાપૂલસીમાં એટલા ઓતપ્રોત છે કે તેમને બીજું કંઈ સૂઝતું જ નથી. ચાપલૂસી કરવાના અતિ ઉત્સાહમાં એ લોકોને પોતે શું લવારા કરે છે ને તેની શું અસરો પડશે તેનું પણ ભાન રહેતું નથી. ચાપલૂસીની આ માનસિકતાનો તાજો દાખલો કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન ડી.કે. શિવકુમારની મહાશિવરાત્રિના કાર્યક્રમમાં હાજરી અંગે ઊભો કરાયેલો વિવાદ છે.

સદગુરુ જગ્ગી વાસુદેવ તરીકે જાણીતા સમાજસેવકના ઈશા ફાઉન્ડેશન દ્વારા ૨૬ ફેબ્રુઆરીએ કોઈમ્બતુરમાં મહાશિવરાત્રીનો કાર્યક્રમ રખાયો હતો અને વાસુદેવે નિમંત્રણ આપ્યું હોવાથી ડી.કે. શિવકુમાર આ કાર્યક્રમમાં ગયા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પણ મહાશિવરાત્રીના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

શિવકુમારની જગ્ગીના કાર્યક્રમમાં હાજરીથી ઘણા કૉંગ્રેસીઓના પેટમાં દુઃખ્યું છે ને તેની આગેવાની પી.વી. મોહને લીધી છે. ઓલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટી (અઈઈઈ) ના સેક્રેટરી પીવી મોહને શિવકુમારની કોઈમ્બતુરની મુલાકાત સામે વાંધો લઈને સોશિયલ મીડિયા પર લખ્યું કે, શિવકુમાર રાહુલ ગાંધીની મજાક ઉડાવનારી વ્યક્તિના નિમંત્રણથી મહાશવિરાત્રિના કાર્યક્રમમાં ગયા હતા ને આ વાત ચલાવી લેવાય એમ નથી. કૉંગ્રેસના બીજા નેતાઓએ પણ વાતમાં સૂર પુરાવ્યો અને ઘણાંએ તો શિવકુમારની ભાજપ સાથે સાંઠગાંઠ હોવાનો આક્ષેપ પણ મૂકી દીધો.

શિવકુમાર પણ જૂના ખેલાડી છે અને આવી વાતોથી ગાંજ્યા જાય તેમ નથી એટલે તેમણે કોઈમ્બતુરમાં આયોજિત મહાશિવરાત્રીના કાર્યક્રમમાં હાજરી આપતાં સ્પષ્ટતા કરી જ નાંખી કે, હું હિન્દુ છું, હિન્દુ તરીકે જન્મ્યો છું અને હિન્દુ તરીકે જ મરીશ તેથી મહાશિવરાત્રિના કાર્યક્રમમાં ગયો હતો પણ હું બધા ધર્મોને માનું છું અને હું તેમનું સન્માન કરું છું.

શિવકુમારે પોતે આ કાર્યક્રમમાં કેમ ગયા એ વિશે પણ સ્પષ્ટતા કરી જ છે કે, ઈશા ફાઉન્ડેશનના સદગુરુ જગ્ગી વાસુદેવે આવીને કોઈમ્બતુરમાં મહાશિવરાત્રીની ઉજવણી માટે આમંત્રત આપેલું તેથી પોતે ગયા હતા. શિવકુમારના કહેવા પ્રમાણે સદગુરુ જગ્ગી વાસુદેવ મૂળ કર્ણાટકના મૈસૂરના છે અને એક મહાન વ્યક્તિ છે. ઘણા લોકો તેમની ટીકા કરે છે પણ હું તેમના જ્ઞાન અને તેમનો પણ પ્રશંસક છું એટલે તેમના નિમંત્રણને માન આપીને ગયો હતો.

કૉંગ્રેસીઓએ શિવકુમારની હાજરીને રાહુલ ગાંધીની મજાક સાથે જોડી એ તેમની ચાપલૂસીની માનસિકતા બતાવે છે. કૉંગ્રેસીઓએ અમિત શાહ વિશે વાત કરી કે જગ્ગી વાસુદેવ વિશે વાત કરી એ ખબર નથી કેમ કે બંને રાહુલ ગાંધીની ટીકા કરી ચૂક્યા છે. કૉંગ્રેસીઓને કોની સામે વાંધો છે તેની તેમને જ ખબર પણ આ વાંધા કૉંગ્રેસીઓની સંકુચિત માનસિકતા પણ બતાવે છે. રાજકારણમાં અને જાહેર જીવનમાં વિચારધારાના કે વિચારોના મતભેદો હોય તેમાં એકબીજાની ટીકા કરવી બહુ સ્વાભાવિક છે. વ્યંગ કરવા, કટાક્ષ કરવા કે મજાક કરવી એ પણ બહુ સહજ છે. તેને તમે મુદ્દો બનાનવા જાઓ તો રાજકારણમાં ટકી જ ના શકો.

રાહુલ, સોનિયા કે પ્રિયંકા કે બીજા કોઈ પણ કૉંગ્રેસી નરેન્દ્ર મોદી, અમિત શાહ સહિતના ભાજપના નેતાઓની મજાક ઉડાવે જ છે. એ મજાક ઉડાવ્યા પછી તેમને મળે પણ છે, વાતચીત પણ કરે છે. હવે એ લોકોને કંઈ વાંધો નથી ત્યારે નીચલા લેવલના કૉંગ્રેસીઓ કૂદાકૂદ કરે છે એ જોતાં ચા કરતાં કીટલી ગરમ હોય એવું લાગે.

કૉંગ્રેસીઓને રાહુલ ગાંધીની મજાક કરનારાં સાથે શિવકુમાર હાજર રહ્યા તેનો વાંધો છે. આ ધારાધોરણ લાગુ પાડવા જાઓ તો કૉંગ્રેસે અડધા ભારત સાથે છેડો ફાડવો પડે કેમ કે સોશિયલ મીડિયા પર અડધો દેશ રાહુલ ગાંધીની મજાક ઉડાવે છે. કૉંગ્રેસના નેતા એ બધાં લોકો સાથે સંબંધો નહીં રાખે ? બધાં સાથે નહીં ભળે કે તેમને નહીં મળે ? ને સૌથી મહત્ત્વનો મુદ્દો એ કે, એ લોકો મત આપવા આવશે ત્યારે એમ કહેશે કે, તમે રાહુલ ગાંધીની મજાક કરેલી એટલે તમારા મત અમને નથી જોઈતા ?

શિવકુમાર આ પહેલાં મહાકુંભમાં સ્નાન કરવા ગયા ત્યારે પણ આ પ્રકારની ટીકા થઈ હતી. શિવકુમારે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે કરેલા મહાકુંભના આયોજનની પ્રશંસા કરતાં કહેલું કે, મહાકુંભ વિશે મારો અનુભવ ઘણો સારો હતો. યોગી આદિત્યનાથ સરકારે જે રીતે આયોજન કર્યું એ પ્રશંસનિય છે. કરોડો લોકો સંકળાયેલા હોય એવા કાર્યક્રમનું આયોજન કરવું કોઈ નાનું કામ નથી.

શિવકુમારે કુંભના આયોજન વિશે બીજી પણ વાતો કરી હતી ને તેના કારણે કેટલાંક શિવકુમારની ભાજપ સાથે સાંઠગાંઠ હોવાન આક્ષેપો પણ થયેલા. ભાજપ સાથે સાંઠગાંઠના આક્ષેપોને શિવકુમારે પોતાની વિરુદ્ધનું ષડયંત્ર ગણાવીને જવાબ આપેલો કે, કૉંગ્રેસની વિચારધારા દરેક વ્યક્તિને સાથે લઈને ચાલવાની વિચારધારા છે. મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ અને ઈન્દિરા ગાંધીએ પણ આ બધું જ કર્યું છે અને મેં તો સોનિયા ગાંધીને ઉગાદી ઉત્સવ મનાવતા જોયાં છે. સોનિયા ગાંધી વિદેશમાં જન્મ્યાં હોવા છતાં ભારતીયતા અપનાવી છે તો આપણે તો ભારતીય છીએ.

શિવકુમારના જવાબે સૌની બોલતી બંધ કરી દીધી હતી ત્યાં હવે મહાશિવરાત્રિના કાર્યક્રમને બહાને નવું તૂત વહેતું કરી દેવાયું. જે લોકોને શિવકુમારની મહાશિવરાત્રિના કાર્યક્રમમાં શિવકુમારની હાજરી સામે વાંધો છે તેમને લોકોના માનસ પર આવી વાતોની શું અસર પડે છે તેની ખબર જ નથી. મહાશિવરાત્રિ હિંદુઓનો સૌથી મોટો તહેવાર છે અને કરોડો હિંદુ તેમાં ઉત્સાહભેર ભાગ લે છે. શિવકુમાર પણ હિંદુ તરીકે ગયા એ બરાબર છે પણ કૉંગ્રેસી નેતા તેનો વિરોધ કરે તેના કારણે એવી છાપ પડે છે કે, કૉંગ્રેસીઓને હિંદુઓના તહેવારોમાં હાજરી સામે વાંધો છે. કૉંગ્રેસની છાપ હિંદુ વિરોધી પહેલેથી છે અને ભાજપ તો એ છાપને પ્રબળ બનાવવા મથે જ છે કે જેથી હિંદુઓ કૉંગ્રેસથી દૂર જાય. શિવકુમાર સહિતના નેતા આ છાપ ભૂંસવા મથે છે તેથી હિંદુઓના કાર્યક્રમોમાં જાય છે ત્યારે મોહન જેવા નમૂના તેમના કર્યાકારવ્યા પર પાણી ફેરવી રહ્યાં છે. રાહુલની ચાપલૂસી કરવામાં અંધ એ લોકોને એટલું ભાન પણ નથી કે હિંદુ મતો નહીં મળે તો આ દેશમાં કોઈ રાજકીય પાર્ટી ટકી શકવાની નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ,
સોમવાર, તા. ૩-૩-૨૦૨૫, વિનાયક ચતુર્થી

- ભારતીય દ્દિનાંક ૧૨, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૪થો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૯, પછી ભરણી.
- ચંદ્ર મીનમાં સવારે ક. ૦૬-૩૮ સુધી પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૨, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :ઢ્ઢ
- ભરતીઃ બપોરે ક. ૧૩-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૯ (તા.૩)
- ઓટઃ સવારે ક.૧૭-૨૬, રાત્રે ક. ૧૯-૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, સંત ચતુર્થી (ઓરિસ્સા), ભદ્રા સવારે ક. ૦૭-૩૨થી ક. ૧૮-૦૪
- શુભાશુભ દિન શુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન,અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, ચંદ્ર-કેતુ દેવતાનું પૂજન, શ્રી ગણેશ પૂજન, શ્રી લક્ષ્મીનારાયણ પૂજન, નવા વસ્ત્રો, આભૂષણ, વિદ્યારંભ, હજામત, નવા વાસણો, નવું વાહન, યંત્ર આરંભ, પ્રયાણ શુભ, દુકાન, વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્ન પ્રાશન, કાન વિંધાવવા.
- આચમનઃચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ દંભી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ
- ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# મતદાર ઓળખપત્રોના નંબર સરખા હોય તો તે બનાવટી ન સમજવાઃ ચૂંટણી પંચ

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે રવિવારે સ્પષ્ટતા કરી હતી કે મતદાર ઓળખપત્રોના નંબર સરખા હોય તો તેને બનાવટી નહિ સમજવા.

તેણે જણાવ્યું હતું કે અમુક 'ઇલેક્ટર ફોટો આઇડેન્ટિટી કાર્ડ' (મતદારોના ફોટા સાથેના ઓળખપત્રો - ઇપીઆઇસી)ના નંબર કદાચ સરખા હોય શકે, પરંતુ તેમાંના નામ, વ્યક્તિની અન્ય વિગત, વિધાનસભાના મતક્ષેત્ર, મતદાન મથક જેવી વિગત અલગ હોય છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે 'ઇપીઆઇસી' નંબર સરખા હોય તો પણ મતદારોએ પોતાના મતદાર ક્ષેત્રમાંના મતદાન મથક ખાતે જ મત આપવાના રહેશે.

તેણે ચોખવટ કરી હતી કે બધા રાજ્યના મતદારોની માહિતી 'ઇઆરઓએનઇટી પ્લેટફોર્મ' પર લેતા પહેલાં અમુક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોએ 'વિકેન્દ્રીકરણ અને મેન્યુઅલ યંત્રણા'ના ભાગરૂપે 'ઇલેક્ટર ફોટો આઇડેન્ટિટી કાર્ડ' નંબરો અને સિરીઝની ફાળવણી કરી હોવાથી અમુક કાર્ડના નંબરો ડુપ્લિકેટ થવાની શક્યતા છે.

ચૂંટણી પંચની વેબસાઇટે જણાવ્યું હતું કે 'ઇઆરઓએનઇટી - ટૂ - પ્લેટફોર્મ'ને અપડેટ કરવાની કામગીરી ચાલુ છે અને તેને લીધે ડુપ્લિકેટ એન્ટ્રીઝ ટાળવામાં સહાય મળશે.

ડુપ્લિકેટ ઇપીઆઇસી નંબરના કિસ્સા ટાળવા ચોક્કસ (યુનિક) ઇપીઆઇસી નંબર પણ અપાઇ રહ્યા છે. (એજન્સી)

# જમ્મુ કાશ્મીરમાં ત્રણ બાળકનાં મોતથી અરેરાટી

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં તાજેતરમાં બે અલગ-અલગ ઘટનાઓમાં ત્રણ બાળકોનાં મોત થતા ચકચાર મચી ગઇ હતી. પ્રથમ ઘટનામાં બે સગીરાઓના મૃતદેહ વરસાદી પાણીથી ભરેલા ખાડામાંથી મળી આવ્યા હતા, જ્યારે બીજી ઘટનામાં નવ વર્ષના છોકરાએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો.

ન્યૂઝ એજન્સી પીટીઆઇના રિપોર્ટ અનુસાર, પ્રથમ ઘટના સાંબા જિલ્લાના બાડી બ્રાહ્મના વિસ્તારના લોઅર બીરપુરમાં બની હતી, જ્યાં એક ખાડામાંથી આસિયા (૧૦) અને તાહિરા (૯) નામની બે છોકરીઓના મૃતદેહ મળી આવ્યાં હતાં. આ છોકરીઓ દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના વિચરતી જાતિના પરિવારોની હતી અને શનિવારે સાંજે તેમના પશુઓ ચરાવવા ગઈ હતી. સાંજ સુધી તે ઘરે પરત ન ફરતાં તેમના પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ તે મળી આવી ન હતી. રવિવારે તેઓની લાશ પાણીથી ભરેલા ખાડામાંથી મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં બંને યુવતીઓ અકસ્માતે ખાડામાં પડી ગઈ હતી અને ડૂબી જવાથી મૃત્યુ થયાનું જાણવા મળ્યું છે. પોસ્ટમોર્ટમ બાદ જ મૃત્યુનું સાચું કારણ જાણી શકાશે. બીજી ઘટના જમ્મુના બહારના બિશ્નાહ વિસ્તારના પટ્યારીમાં બની હતી, જ્યાં સ્કૂટર અને આર્મી ક્રેન વચ્ચેની ટક્કરમાં નવ વર્ષના પ્રણવ શર્માનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માત થયો ત્યારે પ્રણવ તેના પિતા સાથે સ્કૂટર પર સવાર હતો. આ અકસ્માતમાં પ્રણવના પિતા ઘાયલ થયા છે અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# ઈલોન મસ્કના વિરોધમાં ટેસ્લાના સ્ટોર્સ ખાતે દેખાવો

બોસ્ટનઃ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિયન્સીના વડા ઇલોન મસ્ક દ્વારા સરકારી કર્મચારીઓની સામૂહિક છટણીના લેવાતા નિર્ણયના વિરોધમાં ટેસ્લાના સ્ટોર્સની બહાર શનિવારે મોટા પાયે દેખાવ યોજાયા હતા.

અબજોપતિ ઇલોન મસ્ક વાહનોની ઉત્પાદક કંપનીના સીઇઓ છે.

અમેરિકાની નવી સરકારની કર્મચારીઓની સામૂહિક છટણી કરવાની નીતિનો અનેક કામદાર સંગઠન વિરોધ કરી રહ્યા છે અને તેની સામે કોર્ટમાં કેસ કર્યા છે. તેઓ ઇલેક્ટ્રિક વાહનોની મોટી ઉત્પાદક કંપની ટેસ્લાના વાહનો નહિ ખરીદવાનો પ્રચાર પણ કરી રહ્યા છે.

બોસ્ટનમાં શનિવારે દેખાવ કરનારા મેસેચ્યુસેટ્સના ન્યૂટનના નેટહન ફિલિપ્સે જણાવ્યું હતું કે અમે ટેસ્લાના શૉરૂમ્સ ખાતે દેખાવ યોજીને કંપનીને આર્થિક નુકસાન પહોંચાડીશું. અમે ટેસ્લા કંપનીના શૅર પણ વેચી દેવા શૅર-હૉલ્ડર્સને વિનંતિ કરી રહ્યા છીએ.

અમેરિકાના એરિઝોના, સેન્ટ લુઇસ, ન્યૂ યોર્ક, કેલિફોર્નિયા, પાલો અલ્ટો સહિતના શહેરોમાં ટેસ્લાની વિરુદ્ધ મોટા પાયે દેખાવ યોજાયા હતા. આ ઉપરાંત, ઇંગ્લેન્ડ, સ્પેન, પોર્ટુગલમાં પણ ટેસ્લાના વિરોધમાં પ્રદર્શન થઇ રહ્યા છે. ટેસ્લાની કાર્સને 'નાઝી કાર્સ' ગણાવીને તેના વિરોધમાં વેબસાઇટ પર પણ પ્રચાર કરાઇ રહ્યો છે. (એજન્સી)

# રશિયા-યુક્રેન યુદ્ધ રોકવા યુકે, ફ્રાંસ દરમિયાનગીરી કરવા તૈયાર

## યુરોપના નેતાઓની લંડનમાં મિટિંગ યોજાઇ

લંડનઃ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ રોકવા યુકે અને ફ્રાંસ દરમિયાનગીરી કરવા સહમત થયા છે.

બ્રિટિશ વડા પ્રધાન કેયર સ્ટાર્મરે જણાવ્યું હતું કે બ્રિટન, ફ્રાંસ અને યુક્રેન સાથે મળીને આ યુદ્ધનો અંત આણવાની યોજના સૌપ્રથમ અમેરિકા સમક્ષ રજૂ કરાશે.

યુક્રેનની સમસ્યા અંગે ચર્ચા કરવા માટે યુકેના વડા પ્રધાન દ્વારા લંડનમાં યુરોપના દેશોના નેતાઓની બોલાવાયેલી બેઠકમાં ફ્રાંસ, જર્મની, ડેન્માર્ક, ઇટલી, નેધરલૅન્ડ્સ, નોર્વે, પોલૅન્ડ, સ્પેન, કેનેડા, ફિનલૅન્ડ, સ્વિડન, ઝેક પ્રજાસત્તાક, રોમાનિયા, તુર્કીના પ્રધાનો ભાગ લઇ રહ્યા છે.

બ્રિટનના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સલામતી સલાહકાર પીટર રિકેટ્સે જણાવ્યું હતું કે આ યુદ્ધનો અંત લાવવા યુરોપના દેશોએ સામૂહિક પ્રયાસ કરવો જરૂરી છે.

અગાઉ, યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચે વાઇટ હાઉસમાં ઉગ્ર બોલાચાલી થતાં અન્ય દેશોની રશિયા-યુક્રેનના યુદ્ધને લગતી ચિંતા વધી હતી.

ડોનલ્ડ ટ્રમ્પે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની સાથે યુદ્ધના મુદ્દે સીધી વાતચીત કરતા પશ્ચિમના દેશોના અનેક નેતા નારાજ થયા છે. રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ ત્રણ વર્ષથી ચાલી રહ્યું છે. (એજન્સી)

# જવાને ઓનલાઈનની મદદથી પાકિસ્તાની સાથે નિકાહ કર્યા, જીવનસાથીને ૧૫ દિવસની પરમિટ મળી

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : એક અસામાન્ય સીમાપાર ગઠબંધનમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના જવાને ઓનલાઈન વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પાકિસ્તાની છોકરી સાથે નિકાહ કર્યા હતા.

મુનીર અહમદ જમ્મુના ભલવાલમાં રાબ્તા તાલુકાના હંદવાલ ગામના નિવાસી નઝીર અહમદનો પુત્ર છે. તે સીઆરપીએફની ૭૨મી બટાલિયનનો કર્મચારી છે. તેની દુલ્હન મીનલ ખાન મોહમ્મદ અસગર ખાનની પુત્રી છે અને પાકિસ્તાનના પંજાબના સિયાલકોટના ગુજરાંવાલાના કોટલી ફકીર ચંદની રહેવાસી છે. પ્રાપ્ત થયેલી જાણકારી પ્રમાણે દુલ્હન મીનલ ખાન ૧૫ દિવસની એન્ટ્રી પરમિટ પ્રાપ્ત કરીને શનિવારે રાત્રે ભારત પહોંચી હતી. પંજાબની વાઘા સરહદે સસુરાલ પક્ષના લોકોએ દુલ્હનનું સ્વાગત કર્યું હતું અને તેને હંદવાલ ગામના તેના પતિના ઘરે લઈ ગયા હતા. મુનીરના કુટંબે પણ એ વાતને સમર્થન આપ્યું હતું કે મીનલના આગમન માટે બધા કાનૂની પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું છે અને સંબંધિત એજન્સીઓની પરવાનગી લેવામાં આવી છે.નવ મહિનાની લાંબી પ્રતિક્ષા બાદ શુક્રવારે મોડી રાત્રે મીનલ સાસરે પહોંચી છે. જમ્મુના ભલવાલ તાલુકાના રાબ્તા હંડવાલ ગામના નિવાસી નાઝીર અહમદે પોતાના પુત્ર મુનીર અહમદના નિકાહ પોતાના સાળા પાકિસ્તાનના સિયાલકોટ પંજાબ સ્થિત કોટલી ફખીર ચંદ ગુજન નિવાસી અસગર ખાનની પુત્રી મીનલ જોડે નક્કી કર્યા હતા.

લગ્ન પહેલાં મુનીરે મીનલના વિઝાની અરજી કરી હતી. સરહદ પર ચાલતી તંગદિલીને લીધે મીનલને વિઝા ન મળ્યા. અંતે ૨૪ મેએ મુનીર અને મીનલે ઓનલાઈન નિકાહ કર્યા. મીનલને ૧૫ દિવસના વિઝા મળ્યા હતા.

શુક્રવારે સવારે મિનલ સરહદે પહોંચી ત્યારે તેનું મુનીર અને બીજા કુટુંબીજનોએ સ્વાગત કર્યું હતું. મીનલનું કુટંબ ૧૯૪૭માં દેશના ભાગલા પછી પાકિસ્તાન ચાલી ગયું હતું.

# હરિયાણામાં શૂટકેસમાંથી મળી કૉંગ્રેસનાં નેતા નેત્રી હિમાનીની લાશ

હરિયાણાઃ હરિયાણામાં પહેલા ભાઈની હત્યા, ત્યાર બાદ પિતાની આત્મહત્યા અને રવિવારે કૉંગ્રેસનાં નેતા નેત્રી હિમાનીની મળેલી લાશે લોકોને હચમચાવી નાખ્યા છે.

ઘટનાની તપાસ કરવા હરિયાણા પોલીસે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. હિમાનીની લાશ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવી હતી.

હિમાનીની માતાએ કૉંગ્રેસના સ્થાનિક નેતાઓ પર ગંભીર આરોપ મૂક્યા હતા અને કહ્યું હતું કે રાજકીય દુશ્મનાવટને કારણે આ હત્યા કરવામાં આવી છે.

૨૭ ફેબ્રુઆરીએ સાંજે ચાર વાગ્યા સુધી હું મારી પુત્રી સાથે હતી. ૨૮ ફેબ્રુઆરીએ તેને ફોન કર્યો તો તેનો ફોન બંધ આવ્યો હતો. હૂડ્ડાસાહેબના એક કાર્યક્રમમાં તે જવાની હતી.

હિમાનીની માતાએ કહ્યું હતું કે મારી પુત્રીને ન્યાય મળવો જોઈએ. કૉંગ્રેસના અનેક નેતાઓ અમારા ઘરે અવરજવર કરતા હતા એમ જણાવતાં તેણે કહ્યું હતું કે હિમાનીની હત્યામાં તેમાંથી કોઈનો પણ હાથ હોઈ શકે છે.

હિમાનીની માતાના આ નિવેદન બાદ ભાજપે કૉંગ્રેસને ઘેરી છે. ભાજપના નેતા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં આ ઘટનાને તંદૂર કાંડ બાદનો શૂટકેસ કાંડ લેખાવ્યો હતો. કૉંગ્રેસે પણ આ મામલે ઉચ્ચસ્તરીય તપાસની માગણી કરી છે.

ત્રણ દિવસથી તે અમારા સંપર્કમાં નહોતી એમ જણાવી હિમાનીના ભાઈએ પણ ન્યાયની માગણી કરી છે.

હિમાનીના ભાઈ જતીને કહ્યું હતું કે અમારી કોલોનીમાં અનેક સીસીટીવી કૅમેરા લાગેલા છે. જે શૂટકેસમાંથી હિમાનીની લાશ મળી આવી છે તે અમારા ઘરની જ છે. આરોપી કૉંગ્રસ પક્ષનો જ હોઈ શકે છે. હિમાનીની પ્રગતિની તેને ઈર્ષ્યા થઈ હોઈ શકે. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં હિમાની સાથે મેં પણ ભાગ લીધો હતો. જતીનનું કહેવું છે કે વહીવટીતંત્ર સહકાર નથી આપી રહ્યું અન્યથા અપરાધીઓ અત્યાર સુધી પકડાઈ ગયા હોત.

ઘટના બાદ કૉંગ્રેસ પક્ષ તરફથી અમને મળવા ઘરે કોઈ નથી આવ્યું એમ જણાવતાં તેણે કહ્યું હતું કે ભુપેન્દ્રસિંહ હૂડ્ડાની પત્ની આશા હૂડ્ડાને અમે ફોન કર્યો હતો, પરંતુ તેણે ફોન રિસિવ નહોતો કર્યો. હિમાની રોહતકમાં એકલી રહેતી હતી અને છેલ્લે ૨૪ ફેબ્રુઆરીએ મેં તેની સાથે વાત કરી હતી. એક અહેવાલ મુજબ હિમાનીના મોટાભાઈની ૧૪ વર્ષ અગાઉ હત્યા કરવામાં આવી હતી. તેનાં ચાર વર્ષ બાદ હિમાનીના પિતાએ આત્મહત્યા કરી લીધી હતી. હિમાનીના પિતા બીએસએફમાં કામ કરતા હતા.

તેમના મૃત્યુ બાદ હિમાનીની માતાને દિલ્હીમાં તેમની જગ્યાએ નોકરી મળી ગઈ હતી અને તે તેનાં નાના પુત્ર સાથે બીએસએફની છાવણીમાં રહેવા લાગી હતી, પરંતુ શિક્ષણ પૂરું કરવા હિમાની રોહતકમાં જ રોકાઈ ગઈ હતી અને બાપદાદાના ઘરમાં એકલી રહેતી હતી. પોલીસે શૂટકેસ ખોલી ત્યારે તેમાંથી હિમાનીની લાશ મળી આવી હતી. હિમાનીનાં હાથમાં મહેંદી, ગળામાં કાળા રંગની ચૂંદડી, શરીર પર સફેદ રંગનું ટૉપ અને લાલ રંગનું પેન્ટ હતું. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## ભારત

નંબરની ટીમ ઑસ્ટ્રેલિયા સામે થશે. બુધવાર, પાંચમી માર્ચની બીજી સેમિ ફાઇનલ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) લાહોરમાં ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે.

ભારતે કિવીઓને ૨૫૦ રનનો સાધારણ લક્ષ્યાંક આપ્યો હતો અને મિચલ સૅન્ટનરના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડની ટીમ ૪૫.૩ ઓવરમાં ૨૦૫ રને ઑલઆઉટ થઈ હતી.

કિવીઓની ૧૦માંથી નવ વિકેટ ભારતીય સ્પિનર્સે લીધી હતી જેમાં મૅન ઑફ ધ મૅચ વરુણ ચક્રવર્તી (૧૦-૦-૪૨-૫) સૌથી સફળ પુરવાર થયો હતો. કુલદીપ યાદવે ૫૬ રનમાં બે વિકેટ, તેમ જ અક્ષર પટેલે ૩૨ રનમાં એક અને રવીન્દ્ર જાડેજાએ ૩૬ રનમાં એક વિકેટ લીધી હતી. પેસ બોલર હાર્દિક પંડ્યા બાવીસ રનમાં એક વિકેટ લઈ શક્યો હતો, પરંતુ બીજા પેસ બોલર મોહમ્મદ શમીને ૧૫ રનમાં વિકેટ નહોતી મળી. કેન વિલિયમસન (૮૧ રન, ૧૨૦ બૉલ, સાત ફોર) કિવીઓનો

સૌથી સફળ બૅટર હતો. ૪૧મી ઓવરમાં કુલ ૧૬૯ રનના સ્કોર પર અક્ષર પટેલની જાળમાં વિલિયમસન ફસાઈ ગયો હતો. અક્ષરના બૉલમાં તે કેએલ રાહુલના હાથે સ્ટમ્પ-આઉટ થયો એ સાથે જ ન્યૂ ઝીલૅન્ડના વિજયની આશા ઘણી ઓછી થઈ ગઈ હતી. કૅપ્ટન મિચલ સૅન્ટનરે ૨૮ રન બનાવ્યા હતા એટલે તેના સહિત બીજો કોઈ જ બૅટર ૩૦ રન પણ નહોતો બનાવી શક્યો.

એ પહેલાં, બૅટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં ૪.૯૮ના રનરેટ સાથે નવ વિકેટે ૨૪૯ રન બનાવીને ન્યૂ ઝીલૅન્ડને ૨૫૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. બીજી રીતે કહીએ તો કિવી બોલર્સ અને ફીલ્ડર્સે ભારતીયોને કાબૂમાં રાખીને ૨૫૦ રનનો સાધારણ ટાર્ગેટ મેળવ્યો હતો.

ટીમ ઇન્ડિયા વતી સૌથી વધુ રન શ્રેયસ ઐયર (૭૯ રન, ૯૮ બૉલ, ૧૨૨ મિનિટ, બે સિક્સર, ચાર ફોર)એ બનાવ્યા હતા. તે વિલ ઑરુરકેના કલાકે ૧૪૩ કિલોમીટરની ઝડપે ફેંકવામાં આવેલા ઑફ સ્ટમ્પ પરના બૉલમાં શૉર્ટ મિડવિકેટ પરથી દોડી આવેલા વિલ યંગના હાથમાં કૅચઆઉટ થયો હતો.

૩૦૦મી વન-ડે રમનાર વિરાટ કોહલી (૧૧ રન)ની ત્રીજી વિકેટ સસ્તામાં પડ્યા બાદ શ્રેયસ અને અક્ષર પટેલ (૪૨ રન, ૬૧ બૉલ, ૮૪ મિનિટ, એક સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ચોથી વિકેટ માટે ૧૩૬ બૉલમાં ૯૮ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી.

ત્યાર બાદ વિકેટકીપર કેએલ રાહુલ (૨૩ રન, ૨૯ બૉલ, ૪૦ મિનિટ, એક ફોર) અને શ્રેયસ વચ્ચે પાંચમી વિકેટ માટે ૪૨ બૉલમાં ૪૪ રનની ભાગીદારી થઈ હતી. હાર્દિક પંડ્યા (૪૫ રન, ૪૫ બૉલ, ૫૯ મિનિટ, બે સિક્સર, ચાર ફોર) અને રવીન્દ્ર જાડેજા (૧૬ રન, ૨૦ બૉલ, ૨૭ મિનિટ, એક ફોર) વચ્ચેની સાતમી વિકેટ માટે ૪૦ બૉલમાં થયેલી ૪૧ રનની ભાગીદારીનું પણ ભારતના ૨૪૯ રનના ટોટલમાં મહત્ત્વનું યોગદાન હતું. છેલ્લી ક્ષણોમાં હાર્દિક અને મોહમ્મદ શમી (આઠ બૉલમાં પાંચ રન) વચ્ચે બાવીસ બૉલમાં ૨૩ રનની પાર્ટનરશિપ થઈ હતી. શમી ઇનિંગ્સના છેલ્લા બૉલ પર આઉટ થયો હતો. કુલદીપ યાદવ એક રને અણનમ રહ્યો હતો. ભારતને ૧૦ રન એક્સ્ટ્રામાં મળ્યા હતા. કિવીઓ વતી ફાસ્ટ બોલર મૅટ હેન્રીએ ૪૨ રનમાં સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી અને સૌથી સફળ બોલર સાબિત થયો હતો. બીજા ચાર બોલરને એક-એક વિકેટ મળી હતી. ભારત અને ન્યૂ ઝીલૅન્ડ અગાઉ જ સેમિ ફાઇનલમાં પહોંચી ગયા હતા અને આ મૅચના પરિણામ પરથી નક્કી થયું કે સેમિમાં કોણે કોની સામે રમવાનું છે.

# વિપક્ષનો ટી પાર્ટી પર બહિષ્કાર

## વિરોધીઓનો અધિવેશનમાં સરકારને ઘેરવાનો પ્લાન છે તૈયાર

મુંબઈઃ વિધાનસભાનું બજેટસત્ર સોમવાર ત્રીજી માર્ચથી શરૂ થઇ રહ્યું છે. આ સત્રની પૃષ્ઠભૂમિમાં મહાયુતિએ વિરોધ પક્ષને ચા-પાણી માટે આમંત્રણ આપ્યું છે. જોકે વિરોધ પક્ષોએ ચા-પાણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. વિધાનપરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેના નિવાસસ્થાને આઘાડીના નેતાઓની એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકારને ઘેરવાની રણનીતિ ઘડવામાં આવી હતી.

એનસીપીના નેતા અને પ્રધાન ધનંજય મુંડેને પ્રધાનમંડળમાં રહેવાનો કોઇ અધિકાર નથી. બીડ કેસના આરોપી વાલ્મિક કરાડને વીઆઈપી ટ્રીટમેન્ટ કેવી રીતે આપવામાં આવી રહી છે, એવી ટીકા દાનવેએ કરી હતી. કેટલાક જિલ્લાઓમાં દારૂ પર પ્રતિબંધ છે. ખાસ કરીને વર્ધા અને ગઢચિરોલી જિલ્લામાં દારૂબંધી દરમિયાન દારૂ સંબંધિત ૭ હજાર ગુના નોંધાયા છે. રાજ્યમાં મહિલાઓ પર અત્યાચારની ઘટનાઓ બની રહી છે. મલાડ, બદલાપુર અને અમરાવતીમાં ઘટનાઓ બની એ અંગે સરકારનું મૌન કેમ છે. સંતોષ દેશમુખનો આરોપી કૃષ્ણ અંધલે હજી સુધી કેમ પકડાયો નથી. એ કમનસીબી છે કે ગામવાસીઓએ ભૂખહડતાળ પર જવાનો નિર્ણય લીધો છે, પણ આ સમસ્યા હજી સુધી ઉકેલાઈ નથી. ■




### ભ્રષ્ટાચાર છુપાવવાનો સરકારનો પ્રયાસ

કૃષિ વિભાગમાં ૩૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. મુખ્ય પ્રધાને આરોગ્ય વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડરને સ્થગિત કરી દીધું છે. ૧૩૧૦ બસો માટે એસટી ટેન્ડરને મુખ્ય પ્રધાને સ્થગિત કરી દીધું છે. આનો અર્થ એ થયો કે પાછલી મહાયુતિ સરકાર ભ્રષ્ટ સરકાર હતી. સરકાર આ ભ્રષ્ટાચારને ઢાંકવાનો પ્રયાસ કરી રહી છે, એવો આરોપ દાનવેએ લગાવ્યો હતો. ■

# મહાયુતિમાં કોલ્ડ વોર?

## ફડણવીસ અને અજિત પવાર સામે શિંદે શું બોલ્યા?



### ખોટું રડવા કરતા વિરોધપક્ષે અમને સાથ આપવો જોઈએઃ શિંદે

વિરોધપક્ષે રાજ્યના મહત્ત્વના પ્રશ્નો પર ચર્ચા થવા દેવી જોઈએ અને ખોટી રીતે ચર્ચાને ટાળીને બદલો લેવાની ભાવના રાખી તો તેમને તે જ પદ્ધતિ જવાબ આપવામાં આવશે એવું બજેટની પૂર્વ સંધ્યાએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું. રાજયની જનતાએ અમે જીતાડયા છે. અમારી દરેક વાતનો વિરોધ કરવો જ જોઈએ એવું જરૂરી નથી. હવે તો વિરોધી પક્ષ નેતા પણ થઈ શકે એટલું સારું કામ રાજ્યની જનતાએ કર્યું છે એવો કટાક્ષ પણ શિંદેએ કર્યો હતો. અમારા ૨૩૭ વિધાનસભ્ય છે.વિરોધપક્ષે પોતાની જવાબદારીનું ભાન રાખીને મહારાષ્ટ્રના પ્રશ્ન અધિવેશનમાં રાખવા. અધિવેશનમાં વિરોધીઓ સભાગૃહમાં ઓછા અને પગથિયા પર વધુ હોય છે એવો કટાક્ષ પણ તેમણે કર્યો હતો. ■

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાના બજેટ અધિવેશન પહેલા રવિવારે ચા-પાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો હંમેશ મુજબ વિરોધપક્ષે બહિષ્કાર કર્યો હતો. ચા-પાણીના કાર્યક્રમ બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન અજીત પવાર, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સંયુક્ત રીતે પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું, એ દરમ્યાન મહાયુતીમાં કોલ્ડ વોર ચાલુ હોવા બાબતે સવાલ કરવામાં આવતા એકનાથ શિંદેએ કહ્યું હતું કે ગમે તેટલા બ્રેકિંગ અહેવાલ આવે તો પણ અમારામાં કોઈ બ્રેક થવાનો નથી. કૉલ્ડ વોર જેવું કંઈ નથી. અહીં બધુ ઠંડુ છે.

અમારો અજેન્ડા ખુરસી મેળવવાનો નથી. અમારો અજેન્ડા એ સત્તા મેળવવાનો કે પોતાના સ્વાર્થ મેળવવાનો નથી એવી સ્પષ્ટતા પણ એકનાથ શિંદેએ કરી હતી. મહારાષ્ટ્રની જનાતાને શું જોઈએ છે તે અમારો અજેન્ડા છે.

મહારાષ્ટ્રની જનતાને શું મળ્યું? તે અમારી માટે મોટો વિષય છે. તેથી મહાયુતી અને મહાવિકાસ આઘાડીમાં ફરક છે. ■

### મહાવિકાસ આઘાડીમાં મતભેદઃ ફડણવીસ

રાજ્યનું બજેટ અધિવેશન ત્રણ માર્ચથી ૨૬ માર્ચ સુધી ચાલવાનું છે. અધિવેશનની પૂર્વસંધ્યાએ સરકાર આયોજિત ચા-પાણીના કાર્યક્રમનો વિરોધપક્ષે બહિષ્કાર કર્યો હતો, તેના પર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિરોધપક્ષની ટીકા કરતા કહ્યું હતું કે વિરોધપક્ષ એકજૂટ ન હોવાનું દેખાઈ આવ્યું છે. વિરોધીપક્ષના નેતાઓએ તેમને નવ પાનાનો પત્ર આપ્યો છે. તેમાં નવ નેતાના નામ છે. પરંતુ તેમાંથી બે નેતાઓએ સહી કરી નથી. તેથી મહાવિકાસ આઘાડીમાં 'હમ સાથ સાથ હે' નહીં તો 'હમ આપકે હૈ કોન' જેવું ચિત્ર હોવાનો કટાક્ષ પણ આ સમયે મુખ્ય પ્રધાને કર્યો હતો. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે નવી સરકાર બન્યા બાદ અમે વિરોધપક્ષ સાથે ચર્ચા ચાલુ કરવાના પ્રયાસ કર્યા પણ તેમના નારાજગીનું નાટક ચાલી રહ્યું છે. તેઓએ બહિષ્કાર કર્યો છે. સંવાદ કરવાના તમામ દરવાજા બંધ કરી નાંખ્યા છે. બજેટ સેશનમાં બે મહત્ત્વની ચર્ચા થશે, જેમાં એક આઠ માર્ચના મહિલા દિને તેમ જ સંવિધાન પર બે દિવસની ચર્ચા થશે. ■

### અજિતદાદા ટી-પાર્ટીમાં મુંડેને નજરઅંદાજ કરતા દેખાયા

મુંબઈઃ વિધાનસભા બજેટ સત્ર સોમવારથી શરૂ થઇ રહ્યું છે તેની પૂર્વ સંધ્યાએ મહાયુતિ સરકાર તરફથી ટી-પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે હંમેશાની જેમ વિપક્ષોએ આ પાર્ટીનો બહિષ્કાર કર્યો હતો. આ ટી-પાર્ટીમાં મહાયુતિ સરકારના ઘટક પક્ષોના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પાર્ટીમાં ઘણા દિવસથી ચર્ચામાં રહેલા પ્રધાન ધનંજય મુંડે પણ હાજર રહ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ધનંજય મુંડે સાથે અબોલા લીધા હોવાનું ટી-પાર્ટીમાં જણાયું હતું.

ટી-પાર્ટીના અમુક વીડિયો વાયરલ થયા હતા જેમાં અજિતદાદા અને મુંડે એકબીજાથી બહુ દૂર ઊભા હોવાનું જાણવા મળ્યું હતું. અજિત પવાર ધનંજય મુંડે સાથે બોલવાનું ટાળી રહ્યા હોવાનું જણાઇ રહ્યું હતું. મુંડે તેમની પાસે જઇ રહ્યા હતા ત્યારે ઝડપથી ત્યાંથી અન્ય જગ્યાએ જઇ રહ્યા હોવાનું વીડિયોમાં સ્પષ્ટ જોઇ શકાય છે. મુંડેએ રાજીનામું આપવું કે નહીં એ તેઓ નક્કી કરે, એમ નાયબ મુખ્ય પ્રધાન વધુમાં જણાવ્યું હતું. ■

## ઉંબરોઃ ફરજિયાત એક દિવસનું વેકેશન પાડી જોવા જેવી ફિલ્મ




મુંબઈઃ વર્ષની શરૂઆતમાં જ એક એવી ફિલ્મ રિલીઝ થઇ છે જેણે ફરી પ્રેક્ષકોને થિયેટર સુધી ખેંચી લાવ્યા છે. ગુજરાતી સિનેમામાં પ્રેક્ષકોનો વિશ્વાસ પાછો અપાવ્યો છે. સમજો કે ગુજરાતી સિનેમાને ધબકતું કર્યું છે અને ફિલ્મ 'હેલ્લારો'ના ડિરેક્ટરની ફિલ્મ 'ઉંબરો' છે.

ફિલ્મ સફળતાપૂર્વક છઠ્ઠા અઠવાડિયામાં ૧૪૫ સિનેમાગૃહોમાં ૨૭૫થી પણ વધુ શોમાં ચાલી રહી છે. પ્રેક્ષકોનો બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મની વાત સાત સ્ત્રીઓની છે જે પોતાનાં સપનાઓ અને ઇચ્છાઓની ગાંસડી બાંધીને લંડન પહોંચે છે. આ ઇચ્છાઓમાં પ્રેક્ષકોને પોતાની વાત લાગી રહી છે. આ સાત સ્ત્રીઓ લંડનમાં શું કમાલ કરે છે એ જોવા માટે, જો હજુ તમે ફિલ્મ ન જોઇ હોય, તો તે જોવી રહી. વિંગ્સ ટ્રાવેલ્સના માલિક કીર્તિભાઇ કે જેઓ પહેલીવાર માત્ર સ્ત્રીઓ માટેની ઇન્ટરનેશનલ ટૂર લઇ જઇ રહ્યા છે. તેનું પાત્ર ભજવ્યું છે આર્જવ ત્રિવેદીએ. તેના સાથીદાર એટલે કે વિંગ્સ ટ્રાવેલ્સ કંપનીનો એમ્પ્લોય કિરણનું પાત્ર ભજવ્યું છે સંજય ગલસરે.

જેણે આજ સુધી ક્યારેય ઘરનો ઉંબરો નથી ઓળંગ્યો, તે દેશનો ઉંબરો ઓળંગીને પરદેશ પહોંચે છે ત્યારે કેવા ચમત્કારો અને પડકારો આવી શકે તે ફિલ્મમાં જોવા જેવા છે. ફિલ્મમાં દરેક લાગણીનું મિશ્રણ છે તેમ કહી શકાય. કોઇ લીંમડીથી તો કોઇ વળી મહેસાણાથી લંડન જવા માટે નીકળે છે. વિંગ્સ ટ્રાવેલ્સ કંપનીની પહેલીવાર માત્ર સ્ત્રીઓને વિદેશ લઇ જવાની ઓફર તેને કેટલી ભારે પડે છે એ તો તમે ફિલ્મ જોશો ત્યારે જ ખબર પડશે. આમ જુઓ તો દરેક વાર્તામાં પાત્ર હોય છે, પણ અહીં દરેક પાત્રની એક વાર્તા છે. સાત સ્ત્રીઓની વચ્ચે બે પુરુષો એટલે કે આર્જવ ત્રિવેદી અને સંજય ગલસરે અભિનયનો તાલમેલ બરાબર રીતે જમાવ્યો છે.

ઉંબરોના દરેક કલાકાર માટે પરફેક્ટ કાસ્ટિંગ થયું છે. ફિલ્મમાં વંદના પાઠક, કાજલ ઓઝા વૈદ્ય, વિનીતા જોશી, દીક્ષા જોશી, તર્જની ભાંડલા, તેજલ પંચાસરા, સુચિતા ત્રિવેદી અને સાથે આર્જવ ત્રિવેદી અને સંજય ગલસર મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે. ■

## ધનંજય મુંડેનું રાજીનામું લેવાઈ ગયું છે, ફક્ત જાહેરાત બાકી છેઃ મુંડેની પત્નીનો દાવો

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેનાં પ્રથમ પત્ની કરુણા શર્મા-મુંડેએ દાવો કર્યો હતો કે વરિષ્ઠ નેતાઓએ તેમના છૂટાછેડા લીધેલા પતિનું રાજીનામું માગ્યું છે અને વિધાનસભાના બજેટ સત્ર પહેલાં તેની જાહેરાત કરવામાં આવશે. વિધાનસભાનું ૧૩ દિવસીય બજેટ સત્ર સોમવારથી શરૂ થવાનું છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં બીડના મસાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખના અપહરણ બાદ કરાયેલી હત્યા પ્રકરણ સાથે સંકળાયેલા ખંડણી કેસમાં ધનંજય મુંડેના સાથી વાલ્મિક કરાડની થયેલી અટક બાદ વિપક્ષો તરફથી મુંડેના રાજીનામાની સતત માગણી કરાઇ રહી છે.

પત્રકારો સાથેની વાતચીતમાં મુંડેનાં પત્ની કરુણાએ જણાવ્યું હતું કે અમારાં સૂત્રોના અહેવાલ પ્રમાણે બે દિવસ પહેલાં જ મુંડેનું રાજીનામું માગી લેવામાં આવ્યું છે અને તેમની તેમના પદ પરથી હકાલપટ્ટી કરવામાં આવી છે. બજેટ સત્ર પહેલાં જ તેની જાહેરાત કરવામાં આવશે. ■

## થાણેમાં શિંદે અને ઠાકરે જૂથના કાર્યકરો આમનેસામને

મુંબઈઃ પાલિકાની ચૂંટણીનાં પડઘમ સંભળાય કે નહીં, પણ ઠાકરે જૂથના નેતાઓએ રવિવારથી જ મહારાષ્ટ્રના પ્રવાસની શરૂઆત કરી દીધી હતી. પહેલા જ પ્રવાસમાં બંને શિવસેનાના કાર્યકરો સામે આવી ગયા હતા અને સૂત્રોચ્ચાર કરવા લાગતાં અહીં ભારે અરાજકતાભર્યું વાતાવરણ ફેલાયું હતું. થાણેમાં એમકેટી કોલેજમાં ઠાકરે જૂથના નેતાઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સંજય રાઉત, અરવિંદ સાવંત, ભૂતપૂર્વ સાંસદ વિનાયક રાઉત, ભૂતપૂર્વ સાંસદ રાજન વિચારે સહિત જૂથના કાર્યકરો આનંદ દીઘેના આનંદ આશ્રમ ખાતે પહોંચ્યા હતા. ■










## ક્લાસિફાઈડ


### ૪. ધાર્મીક સંબંધી

**જૈન - હિન્દુ**
ધાર્મિક સમાચાર આપવા જૈનાચાર Jainam24.com, 9819669108. (૧૫૩૨૪-સી)

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૫૮૪)

### ૧૪. નોકરી ખાલી છે

**કમાઓ 8-12 લાખ**
પરિપક્વ અને મેનેજરીયલ ગુણવત્તાવાળા વ્યક્તિઓ, 40-75 વર્ષ. સરકારી સંલગ્ન કંપની. સંપર્ક: 8356933068 / 8766534390. (જેપી/૪૯૭૩-બી)

■ ભાઈઓ, બહેનો અનલીમીટેડ કમાણી, નિવૃત્તિ પછી કમાવો, મેટ્રીક પાસ. 8169881070. (૧૫૩૨૪-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/-, 3 બેડરૂમ 7,000/-, કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ, પ્લાનીંગ અને રીનોવેશન પ્રોફેશનલ ટીમ દ્વારા Helpline - 8989282877. (૧૫૩૨૪/બી).

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. -7021222104, -8450941119. (બી-૧૫૬૨૨)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૬૧૬)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## સંસ્થા સમાચાર

### સાધનાની શિક્ષા, સત્ત્વની ભિક્ષા એનું નામ દીક્ષા-ધીરગુરુદેવ



ત્યાગ-વૈરાગ્યની ભૂમિ પાળિયાદમાં ઢોલના નગારે રવિવારની સલૂણી સવારે ૮.૦૦ કલાકે શ્રી દીપકભાઇ માલવણીયાના ગૃહાંગણેથી સંયમાનુરાગી દર્શનકુમારની ભવ્ય શોભાયાત્રા નાશિક ઢોલના નાદે વિશાળ ડોમમાં ૯-૪૫ કલાકે પ્રવેશતાં દીક્ષાર્થી અમર રહો, દીક્ષાર્થીનો જયજયકારનો જયનાદ આકાશને આંબવા લાગ્યો હતો. ગચ્છાધિપતિ પૂ. શૈલેશચંદ્રજી મ. સા. આદિ પૂ. શ્રી ધીરગુરુદેવ, પૂ. દીપમુનિજી મ.સા. તથા પૂ. પંથકમુનિ મ. સા. અને મહાસતીજી વૃંદ તથા દેશ-વિદેશના ભાવિકોની હાજરીમાં દીક્ષાર્થીના રજતશ્રીફળનો ચડાવો પ્રવીણભાઇ શાહ, સુવર્ણ ચેનનો અનસુયાબેન અશોકભાઇ ડેલીવાળા, અંગૂઠીનો ભારતીબેન ભોગીલાલ વોરા, વિજયતિલકનો વિમળાબેન છોટાલાલ ગોપાણી, માળાનો રસીલાબેન હિંમતલાલ શેઠ, નામકરણનો અમી ચિરાગ ગાંધીએ લાભ લીધેલ. સંઘજમણ ભારતીબેન ગુણવંતભાઇ ગોપાણી અને સંયમ અનુમોદનાનો અનેક દાતાઓએ લાભ લીધેલ. પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૩ને સોમવારે બોટાદ મોટી વાડી વિતરાગ ભવન, તા. ૪ને મંગળવારે ગઢડા, તા.૫ને બુધવારે દામનગર, તા. ૬ને ગુરુવારે લાઠી અને તા. ૭ને શુક્રવારે સાવરકુંડલા પધારશે.

### દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) ફરજાના ખાતૂન | ૫૭ | ૨૦,૦૦૦ |
| ૨) એમ. ડી. ફિરોઝ | ૪૫ | ૨,૦૦,૦૦૦ |
| ૩) રાજેશ જયસ્વાલ | ૪૦ | ૧,૫૦,૦૦૦ |
| ૪) શાહઝાદી બેગમ | ૫૫ | ૮૦,૦૦૦ |
| ૫) રાખી સિંઘા | ૫૨ | ૮૦,૦૦૦ |
| ૬) અનુજ કુમાર | ૫૯ | ૨,૦૦,૦૦૦ |
| ૭) શ્યામલ કુમાર | ૭૪ | ૩૦,૦૦૦ |
| ૮) રફીકુલ બિસ્વાલ | ૭૨ | ૭૦,૦૦૦ |
| ૯) બેનઝીર રેહમાન | ૩૧ | ૩૫,૦૦૦ |
| ૧૦) ગંજુ સિંહ | ૩૬ | ૮૦,૦૦૦ |
| ૧૧) અપર્ણા સાહા | ૪૫ | ૨,૦૦,૦૦૦ |
| ૧૨) અર્ચના રોય | ૨૧ | ૫,૦૦,૦૦૦ |
| ૧૩) ચાઈના છત્તરજી | ૪૨ | ૫૦,૦૦૦ |
| ૧૪) ગંગાદેવી કરણ | ૪૭ | ૧,૭૫,૦૦૦ |
| ૧૫) ગણેશ શ્રીનિવાસ પૂજારી | ૫૬ | ૨,૨૧,૦૦૦ |
| ૧૬) રેહાના શૈખ | ૫૨ | ૫,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જે. જે. હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ | | |
| ૧૭) ગીતા રૂપાવતે | ૨૫ | ૪૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ | | |
| ૧૮) અર્હમ રામીઝ શૈખ | ૧ | ૩,૦૦,૦૦૦ |
| ૧૯) સ્વરાજ રણજીત જાધવ | ૫ | ૫,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સપના હેલ્થ કેર સેન્ટર હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ | | |
| ૨૦) સુનિલ દત્તાત્રય વાકચૌરે | ૬૧ | ૨૨,૨૮૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે આપવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફલેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

### દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) ગીતા અવિનાશ પાટીલ | ૫૧ | ૯,૦૦,૦૦૦ |
| ૨) ગીતા સોની | ૩૯ | ૩૦,૦૦૦ |
| ૩) ગોલક હળદર | ૩૭ | ૬૦,૦૦૦ |
| ૪) ગોકુલ ડોલાઈ | ૩૦ | ૯૦,૦૦૦ |
| ૫) સુશીલા વિશ્વકર્મા | ૪૭ | ૫૦,૦૦૦ |
| ૬) હકદાર શેખ | ૬૬ | ૧૫,૦૦૦ |
| ૭) હરિ શ્રી | ૩૧ | ૧,૨૦,૦૦૦ |
| ૮) હર્ષદ ઉમેશ નિમ્બાકાર | ૧૭ | ૩૦,૦૦૦ |
| ૯) હૃદય ઘોષ | ૩૫ | ૭૦,૦૦૦ |
| ૧૦) હિરેન પ્રધાન | ૬૩ | ૮૦,૦૦૦ |
| ૧૧) હસીના શેખ | ૪૫ | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) હેમલતા શિવરામ સાલ્વી | ૬૪ | ૪૦,૦૦૦ |
| ૧૩) હઝાર ખાતૂન | ૪૩ | ૪૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૪) ગણેશ રાકેશ યાદવ | ૦૯ | ૪,૫૦,૦૦૦ |
| ૧૫) ગૌરી પ્રેમસિંઘ રાજપૂત | ૦૧ | ૩,૦૦,૦૦૦ |
| ૧૬) ગાર્ગી લક્ષ્મણ સુરોશે | ૩ | ૩,૫૦,૦૦૦ |
| ૧૭) હમઝા રિઝવાન ખાન | ૩ | ૨૫,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જીવન જ્યોત હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૮) ગીતા સુવર્ણા | ૬૧ | ૧,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ કેઈએમ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૯) ગુરુનાથ ડી. લોકરે | ૬૩ | ૩,૪૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૨૦) હુમૈદ રેહાન અહમદ અન્સારી | ૫૧/૨ | ૪,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# દેવનારમાં પણ પાળેલા અને રખડતા જાનવરોના અંતિમસંસ્કાર કરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં પાળેલા અને ભટકતા જાનવરોના અંતિમ સંસ્કાર કરી શકાય તે માટે પાલિકાના માધ્યમથી જાનવરો માટે મલાડમાં પહેલી સ્મશાનભૂમિ તૈયાર કરવામાં આવ્યા બાદ હવે દેવનાર પણ આ સગવડ ઊભી કરવામાં આવવાની છે. તેનું કામ અંતિમ તબક્કામાં હોઈ આગામી મહિનામાં કામ પૂરું થયા બાદ જાનવરોના અંતિમ સંસ્કાર દેવનારમાં કરી શકાશે.

મલાડમાં જાનવરોના માટેના સ્મશાનનું લોકાર્પણ સપ્ટેમ્બર ૨૦૨૩માં કરવામાં આવ્યું હતું, ત્યાં અત્યાર સુધી ૨,૨૭૫ જાનવરો પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. આ ઠેકાણે અત્યાર સુધી ૧૩૨ પાળેલા શ્વાન , ૧,૧૨૭ રખડતા શ્વાન, ૯૬૯ બિલાડી અને અન્ય ૪૭ પશુપક્ષી પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. મલાડની સાથે જ પાલિકાએ હવે દેવનારમાં પણ જાનવરો માટે અંતિમ સંસ્કાર માટે વ્યવસ્થા ઊભી કરવાનું કામ હાથમાં લીધું છે. માર્ચ અંત સુધીમાં કામ પૂરું થયા બાદ તેને ચાલુ કરી દેવામાં આવશે.

છેલ્લા પાનાનું ચાલુ

## મારી ભાણેજની

રોહિણી ખડસેની ભાણેજની જ છેડતી કરવાનો કિસ્સો બહાર આવતાં રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. પ્રધાનોની દીકરીઓ જ સેફ નથી ત્યારે સામાન્ય દીકરીઓ રાજ્યમાં કેટલી સુરક્ષિત છે એવા પ્રશ્ન વચ્ચે હવે રોહિણી ખડસેએ મોટો આરોપ મૂક્યો છે. રોહિણી ખડસેએ મુક્તાઈનગર ખાતે સંત મુક્તાઈ યાત્રા સમયે ટીખળખોરો દ્વારા તેની ભાણેજ અને અન્ય છોકરીઓની છેડતી કરનારા બીજા કોઇ નહીં પણ એકનાથ ખડસેના વિધાનસભ્યના જ કાર્યકર્તા હોવાનો ગંભીર આરોપ કર્યો હતો. છોકરીઓનું શોષણ કરનારો એકનાથ શિંદેના વિધાનસભ્ય ચંદ્રકાંત પાટીલનો કાર્યકર હોવાનું રોહિણી ખડસેએ એક ખાનગી ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું.

### આરોપી રાજકીય

પદાધિકારી પણ છે. પોલીસે આ કેસમાં અમુક યુવકની ધરપકડ કરી છે. અન્ય આરોપીઓની પણ ટૂંક સમયમાં જ ધરપકડ કરવામાં આવશે, એવું ફડણવીસે કહ્યુ હતું. આ અંગે રક્ષા ખડસેના સસરા અને એનસીપી (શરદ પવાર જૂથ)ના નેતા એકનાથ ખડસેએ રોષ વ્યક્ત કર્યો હતો.

### એકની ધરપકડ

આધારે મુક્તાઈનગર પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. કોઠાલી ગામ સંત મુક્તાઈ યાત્રામાં આ ઘટના બની હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.એફઆઈઆરમાં સાત જણનાં નામ આરોપી તરીકે નોંધવામાં આવ્યાં હતાં, જેમાંથી એક સોહમ માળીની ધરપકડ કરવામાં આવી હોવાનું મુક્તાઈનગર પોલીસે જણાવ્યું હતું. અન્ય આરોપીઓની શોધ માટે પોલીસની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની પીછો કરવા સંબંધી કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીઓએ યુવતીઓની પરવાનગી વિના તેમની તસવીરો અને વીડિયો બનાવવાનો પ્રયાસ કર્યો હતો, એવું તપાસમાં જણાતાં તેમની સામે આઈટી ઍક્ટ પણ ઉમેરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

### કૉંગ્રેસે ઠાલવ્યો

દીકરીની છેડતી કરવામાં આવી હોવાને કારણે રાજ્યમાં મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ફરી એક વાર ચર્ચામાં આવ્યો છે. રાજ્યમાં આવી ઘટનાઓ વારંવાર બની રહી હોવાનું કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે જણાવતાં કહ્યું હતું કે પ્રધાનની દીકરી અને સુરક્ષા હોવા છતાં યુવકો દ્વારા છેડતી થઇ એ આશ્ચર્યની વાત છે. સ્વારગેટમાં બનેલી બળાત્કારની ઘટનાને કારણે અગાઉથી જ મહાયુતિ સરકાર વિપક્ષની ટીકાનો ભોગ બની રહી છે એમાં હવે રક્ષા ખડસેની દીકરીની સાથે થયેલા સુરક્ષા હોવા છતાં દુર્વ્યવહાર થયો તેને કારણે સરકાર સોમવારથી શરૂ થનારા બજેટ સત્રમાં વધુ મુશ્કેલીમાં મુકાશે. વડેટ્ટીવારે કહ્યું હતું કે જ્યારે પ્રધાનોની દીકરી સાથે જ આવું વર્તન થાય તો સામાન્ય દીકરીઓની શી વલે થશે. શું મહાયુતિને એ વાતનો ખયાલ છે કે સામાન્ય પરિવારનાં માતા-પિતા તેમની દીકરીઓને સુરક્ષિત રાખવા માટે કેવા સંઘર્ષમાંથી પસાર થતા હશે. હવે તો રાજ્યમાં પોલીસનો પણ કોઇ ભય નથી રહ્યો, એવું કહીને વડેટ્ટીવારે સરકાર પર રોષ ઠાલવતાં કહ્યું હતું કે ખુદ પ્રધાને પોતાની દીકરીની ફરિયાદ કરવા માટે પોલીસ સ્ટેશન જવું પડ્યું હતું. શું રાજ્યમાં પોલીસનો કોઇને ભય નથી રહ્યો કે ગુંડાઓને સરકાર રક્ષણ પૂરું પાડી રહી છે, એવો સવાસ તેમણે કર્યો હતો.

### રાજ્યમાં કેન્દ્રીય

હતો. મારી દીકરી અને તેના મિત્રોને ધક્કે ચડાવવાથી લઇને તેમના ફોટા પાડવા અને વીડિયો ક્લિપ ઉતારવામાં આવ્યાં હતાં. મારા સ્ટાફે જ્યારે વાંધો ઉઠાવ્યો ત્યારે યુવકોના જૂથે બેફામપણે વર્તન કર્યું હતું. આ માટે ૩૦થી ૪૦ જણનું ટોળું પણ એકઠું થઇ ગયું હતું.

રક્ષા ખડસેએ વધુમાં કહ્યું હતું કે તેઓ જ્યારે પાછાં ફર્યાં ત્યારે તેની દીકરીએ ૨૪મી ફેબ્રુઆરીએ બનેલી ઘટનાનું વર્ણન કર્યું હતું. એક જાહેર કાર્યક્રમમાં યુવકોના જૂથે તેની સાથે દુર્વ્યવહાર કર્યો હોવાની વાત તેમણે કરી હતી.

આ એક દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. જ્યારે કેન્દ્રીય કે કે કોઇ સાંસદની દીકરી સાથે આવી ઘટના બને છે તો તમે સમજી શકો છો કે સામાન્ય જનતા સાથે શું વ્યવહાર થતો હશે, એવું ખડસેએ જણાવ્યું હતું. ખડસેએ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે મુક્તાઈનગર ખાતે અમુક યુવકો સ્કૂલમાં જતી છોકરીઓ સાથે અડપલાં કરીને હેરાનગતિ કરતા હોય છે. મેં આ અંગે મુખ્ય પ્રધાન અને અહીંના એસપીને વાત કરી છે અને આવા યુવકોની ધરપકડની માગ કરી છે.

## હિન્દુ મરણ

**લેઉવા પટેલ**
ગામ જેસર હાલ મુંબઈ નિવાસી કાનજીભાઈ જીવરાજભાઈ પટેલ ગજેરા (ઉમર :૮૩) તે તા. ૨૭/૨/૨૦૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે પુષ્પાબેન ના પતિ, ભાવિનભાઈ, નિહારિકાબેન નિલેશકુમાર પટેલ તથા નિશાબેન અંકિતકુમાર ઉપાધ્યાયના પીતાશ્રી, સાસરાપક્ષે સ્વ. રામબાઈ રામજીભાઈ અશેદરિયાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૩/૩/૨૫, સોમવાર સાંજે ૫:૩૦ થી ૭:૩૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર સમાજ પટેલ વાડી હનુમાન ટેકડી, અશોકવન, દહીસર ઇસ્ટ મુકામે રાખેલ છે.

**બાલાસિનોર**
સમીરભાઇ મધુસુદન કડકિયા (ઉં. વ. ૬૪) તે ગં. સ્વ. કુસુમબેન કડકિયાના સુપુત્ર મનસુખભાઇ અને સરોજબેન માસ્તરના જમાઇ. પીનાબેન કડકિયાના પતિ. લેશા અને યશના પિતા. પ્રણયભાઇ દેસાઇ તથા મિતાલી કડકિયાના શ્વસુર. દર્શના, રાજશ્રી તથા કેતનના મોટાભાઇ. વિજયભાઇ અને હીનાના બનેવી તા. ૧-૩-૨૫ શનિવારના સ્વર્ગ સિધાવ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૩-૨૫ સોમવાર, યશવંતરાવ ચવ્હાણ સેન્ટર, ઋણાનુ બંધ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ભોસલે માર્ગ, નરીમાન પોઇન્ટ, મુંબઇ.

**હાલાઇ લોહાણા**
કરાચીવાળા હાલ નાલાસોપારા સ્વ. રેવાચંદ ગણેશ સેજપાલ અને સ્વ. નર્મદાબેન રેવાચંદ સેજપાલનાં સુપુત્ર. તથા સ્વ. ભાવિનભાઇ, ટવીંકલબેન સેજપાલનાં પપ્પા. તથા કનુભાઇ સેજપાલ, સ્વ. સુરેશભાઇ સેજપાલ તથા ઇલાબેન મધુભાઇ પારેખના ભાઇ મહેન્દ્રભાઇ રેવાંચદ સેજપાલ તા. ૧-૩-૨૫ શનિવારનાં શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**
સ્વ. પુષ્પાબેન કેશવજી વેલજી રાયચના ગામ મોટા ભાડીયાના પુત્ર રામજી (રાજેન્દ્રકુમાર) (ઉં.વ.૬૩) હાલ મુલુંડ તે સ્વ. કોકીલાબેનના પતિ તા. ૧-૩-૨૫ના શનિવારે રામશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન તુલસીદાસ ગણાત્રા આમારાવાળાના જમાઇ. તે મિતેશ, પ્રિયાંકના પપ્પા. તે ભાવિકાના સસરા. ધૈર્યના દાદા. તે સ્વ. મહેન્દ્ર, પ્રદીપ, કસ્તુર વિજય ભગદે, મીતા અતુલ જોબનપુત્રા, નિલમ સંજય ગણાત્રાના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૩-૩-૨૫ સોમવારે ૫થી ૭. ઠે. આર્ટ ઓફ લિવીંગ પરમેશ્વરી સેન્ટર, ડી-૨, મદન મોહન માલવિયા રોડ, એમ.ટી.એન.એલ. કોલોની, અચીજા હોટેલની ગલીમાં, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિશા દિશાવાળ વણિક**
પાનસર નિવાસી હાલ કાંદિવલી સ્વ. નાથાલાલ ગોકળદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. મધુબેન (ઉં. વ. ૯૦) શુક્રવાર, તા. ૨૮-૨-૨૫ના નિકુંજવાસ પામેલ છે. તે સ્વ. હેમંતભાઇ, જયેશભાઇ, નયનાબેન, વર્ષાબેન, અલકાબેનના માતુશ્રી. ગં. સ્વ. હર્ષાબેન, આશીતાબેન, ડો. દિનેશકુમાર, કૌશિકકુમાર, સ્વ. રાકેશકુમારના સાસુ. દીપ, મીતના દાદી. સ્વ. કનુભાઇ, ડો. બીપીનભાઇ, હર્ષદભાઇ, નરેન્દ્રભાઇના ભાભી. પિયર પક્ષે સ્વ. નાથાલાલ ઘેલાભાઇ શાહ (પાનસર)ના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી**
મુંબઈ નિવાસી હાલ વસઈ શ્રી નવીનચંદ્ર પ્રગજી બજારિયા (મુન્દ્રાવાળા), (ઉં.વ. ૮૯), તે તા. ૧-૩-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વસંતબેનના પતિ, તુષારભાઈ, માલિનીબેન, સ્વ. નયનાબેન, મયુરીબેન, રાહુલભાઈ, ત્થા મુકેશભાઈના પિતા, તે હેમાબેન, સરલાબેન ત્થા રીટાબેનના સસરા, તે રાધિકા, નિશા, આર્યન, કાજલ ત્થા દર્શના દાદા, સંકેત, ચાર્મી, રાધિકા, નિશા, મેઘના ઐશ્વર્યા ત્થા ધવલના નાના, લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

**દીવ મોઢ વણિક**
દીવવાળા હાલ બોરીવલી કીર્તિભાઇ ચુનીલાલ શાહ (ઉમર:૭૭) તે ૧/૩/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે નિરંજનાબેન ના પતિ, જયના તથા દીપ્તિ ના પિતા, રિતેશ શાહ ના સસરા, સ્વ. પ્રદીપ, સ્વ દિલીપ, સ્વ. વસંત, મધુ તથા રશ્મા હરકિશન ગાંધી ના ભાઈ, ગોરધનદાસ વિઠ્ઠલદાસ મોદી સુરત ના જમાઈ.તેમની પ્રાર્થનાસભા ૩/૩/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે સ્વામિનારાયણ મંદિર હોલ, યોગીનગર બોરીવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

**હાલાઈ લોહાણા,**
મુંબઈ નિવાસી ચંદ્રકાંત ગોરધનદાસ તન્ના (પટેલકાવાળા), (ઉં.વ. ૮૯) સ્વ. ગીતાબેનના પતિ, સંજય તથા અનિશા અશોક હિન્દુજાના પિતા, રૂપલના સસરા, સ્વ દિવાળીબેન જયંતીલાલ ખાલપાડા, સ્વ. વિનોદભાઈ, સ્વ. રમેશભાઈ, ગં.સ્વ પ્રફુલાબેન નટવરલાલ સિમરિયા ના ભાઈ, સ્વ. સંતોકબેન શ્યામજીભાઈ સામાણી ના જમાઈ શુક્રવાર તા ૨૮/૨/૨૦૨૫ ના શ્રીજી ચરણ પામેલ છે. રહેઠાણ સેનેટે બી વિંગ, આકુલી રોડ, લોખંડવાલા ટાઉનશિપ, કાંદિવલી ઇસ્ટ, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**
જૂનાગઢ નિવાસી હાલ કાંદિવલી નીરજ રાજેશભાઈ રૂપારેલ (ઉં.વ.૩૮) તે નીતાબેન તથા રાજેશ હીરાલાલ રૂપારેલના પુત્ર, અંકિત, હેમલ, ડેનીશના નાનાભાઈ, પ્રિતી ચંદ્રકાંત રૂપારેલ ના ભત્રીજા, સ્વ. અશોકભાઈ, સ્વ દિનેશભાઇ, પરેશભાઈ પ્રેમજીભાઈ નથવાણીના ભાણેજ. તે ૨૭/૨/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૩/૩/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ વિ રોડ, શંકર મંદિર પાસે કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**
સ્વ. કાન્તીલાલ ચુનિલાલ બોસમીઆ ના ધર્મપત્ની ગં સ્વ. રસીલાબેન ઉ.વ. ૮૬ તા. ૧-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. મહેન્દ્ર, દિનેશ, બકુલ, ભરત, વિપુલ, જયશ્રી બિપિનકુમાર પડિઆ, રક્ષા કિરિટકુમાર સિંધવડના માતુશ્રી, સોનલ, ગીતા, સ્વ. સુરભિ, શર્મિષ્ઠા, જાગૃતિના સાસુ, દલપતભાઈ બાલુભાઈ જગડના બહેન, જય, મંથન, વિજય, મેહુલ, રાજ, લક્ષ્ય, કોમલ ચિરાગ પડિઆ, માધુરી ગૌરવ જોગી, જાનકી, માનસી, રાજવીના દાદી. તેમની પ્રાર્થના સભા તા. ૩-૩-૨૫, સોમવાર ના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે. આધાર ઓલ્ડ એજ હોમ એન્ડ બેન્કવેટ હોલ, રોડ નંબર ૧૦, દૌલત નગર, બોરીવલી ઈસ્ટ.

**શ્રી મોડાસા એકડાદશા ખડાયતા**
ગં.સ્વ.કપિલાબેન પ્રાણજીવનદાસ શાહ(ઉ.વ.૯૦) તાઃ૨/૩/૨૫, રવિવાર શ્રીજીના ચરણોમાં વિલીન થયા છે. તે વિનયકાંત, જયેન્દ્ર (જયેશ), ભારતિબેન અને સ્વર્ગસ્થ પ્રતિમાબેન ના માતૃશ્રી. તે ભારતિબેન, હર્ષદકુમાર, હેમાબેન ની સાસુજી. વૈશાલી, દીપા, ભાવિકા, નિકેત, મેઘા, મીત, માનસી, પૂજા (નિકેત), કૃતિક, પૂજા (કૃતિક), અજયકુમાર, પ્રિતેશકુમાર, મેહુલકુમાર, જતીનકુમાર, જિગરકુમાર, નિવાન, મહેર ની દાદી. હીનાબેન, અનિલભાઈ, જતીનભાઈ ની કાકી. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા તા.૪/૩/૨૫ના સમય બપોરે ૩થી ૫.૦૦ લોહાણા મહાજનવાડી, આગ્રા રોડ, કલ્યાણ (પશ્ચિમ). ખાતે રાખેલ છે.

**લોહાણા**
મૂળ ગામ સાવરકુંડલા, હાલ ભિવંડી, ગં. સ્વ. કાંતાબેન (ઉં. વર્ષ ૯૫), તે સ્વ. રતિલાલ હરજીવનદાસ સૂચકનાં પત્ની, મુકુંદભાઈ, સુરેશભાઈ, કિશોરભાઈ, સ્વ.અશોકભાઈ, ભરતભાઈ, ચેતનાબેન શૈલેષકુમાર મસરાણીનાં માતુશ્રી, તે તારામતીબેન, રંજનબેન, ગીતાબેન, સ્વ. હર્ષાબેન, ભારતીબેનનાં સાસુમા તેમ જ સૂરનગર નિવાસી સ્વ. જયંતીલાલ ધનજીભાઈ મજીઠિયાનાં દીકરી, સ્વ. ધીરુભાઈ, રસિકભાઈ, સ્વ. મંજુલાબેન, સ્વ. અનુબેન, સ્વ. રમાબેન, જયાબેનનાં બહેન.સ્વ. હરેશ, યોગેશ (રાજુ), જીતેશ, હેમંત, કૃણાલ, પાર્થના દાદીમા. રવિવાર તા. ૨.૩.૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૩.૩.૨૫ના શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ હોલ, ગોપાલ નગર, કલ્યાણ નાકા, ભિવંડીમાં સાંજે ૪થી ૬, રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**
વડાલા નિવાસી નીરજ નૈનેષભાઇ ઠક્કર (ઉંમર વર્ષ ૫૨) તે સ્વ. નૈનેષભાઇ અને શ્રીદેવી બેનના સુપુત્ર, તે બિનીતા ઠક્કરના પતિ, તે સ્વ. નીતિનભાઈ અને રસીલાબેન ઘેલાણીના જમાઈ, ચિ.નીલ અને ચિ. ત્રિષા ઠક્કરના પિતા, બિનીતા અમીત કાનાણી અને મેઘના શ્યામ મહેતાના ભાઈ, શનિવાર તારીખ ૧ માર્ચ ૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા સોમવાર તારીખ ૩ માર્ચે સાંજે ૫.૩૦ થી ૭ સ્થળ. એફ.પી.એચ. બિલ્ડીંગ, ગરવારે હોલ, લાલા લજપત રાય માર્ગ, હાજી અલી, મુંબઈ ૪૦૦૦૩૫ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**
વિઠ્ઠલદાસભાઇ (ઉં. વ. ૯૯) તે સ્વ. મેનુબાઇ લક્ષ્મીદાસના સુપુત્ર. સ્વ. અ. સૌ. ઇન્દુબહેનના પતિ. સ્વ. લક્ષ્મીબેન નારણદાસ આશરના જમાઇ. સ્વ. ચારૂલતા ચંદ્રસિંહ સંપટના ભાઇ. હર્ષા-યજ્ઞેશના પિતાશ્રી. સ્વ. યોગેશ, અ. સૌ. મીનાના સસરા શનિવાર, તા. ૧-૩-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩-૩-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ). પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**
મૂળ ગામ બગસરા હાલ મીરારોડ ગં.સ્વ. વિજયાબેન વ્રજલાલ વસાણી તે પરેશભાઇ તથા કેતનભાઇ તથા પ્રફુલાબેન જયંતભાઇ, સ્મિતાબેન મહેશભાઇ, રીટાબેન હિતેનભાઇ, ભાવના નૈલેશ, જીજ્ઞા ભાવેશના માતુશ્રી. પ્રવીણભાઇ, રમેશભાઇ, સ્વ. ચીમનભાઇ, સ્વ. નવીનભાઇ ધાબલીયાના બહેન. વત્સલ, ખુશી, વૃંદા, નેત્રાના દાદી તથા દલીચંદભાઇ પ્રેમચંદભાઇ, પ્રવીણભાઇ દુર્લભભાઇના કાકી. તથા ઊર્વી (અલકા) ક્રિષ્ણાના સાસુ. તા. ૨-૩-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૩-૨૫ સોમવારના ૫થી ૭. ઠે. ઇસ્કોન મંદિરની પાછળ, ભક્તિ વેદાંત હોલ, ૧લે માળે, ડાલમિયા કોલેજની બાજુમાં, મીરારોડ, લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
નોંઘણવદર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. છગનલાલ મગનલાલ શાહના પુત્રવધૂ. સ્વ. હર્ષદરાયના ધર્મપત્ની ગુણવંતીબેન (ઉં. વ. ૭૮) તે આશિષ-ભાવના, સ્વ. અભય તથા મેઘ-રૂપલના માતુશ્રી. તે વિનોદભાઇ-જયશ્રીબેન, સ્વ. ઇન્દુબેન મનહરલાલ, સ્વ. તારાબેન શશીકાન્ત, હર્ષાબેન પ્રકાશકુમાર, પૂ. સ્વ. મુક્તિપ્રિયાશ્રીજી તથા આર્જવરત્નાશ્રીજી મ.સા.ના (સંસારી) ભાભી. શ્રેયા વંશકુમાર, ખુશ્બુ, આર્યના દાદી. પીયર પક્ષે દડવાવાળા હાલ ઘાટકોપર સ્વ. મણીલાલ વિરચંદ ગાંધીના દીકરી શનિવાર, તા. ૧-૩-૨૫ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૭, ક્રિસ્ટલ, ફ્લેટ નં. ૮૦૨, ૬૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ઉપલેટા મુંબઇ (હાલ લંડન) રમાબેન (ઉં. વ. ૯૧) તે સ્વ. ચંદુલાલ ગીરજાશંકર શેઠના ધર્મપત્ની. ભરતભાઇ, સોનલબેનના માતુશ્રી. રીટાબેન, રાકેશભાઇ રમણલાલ શાહના સાસુ. કોમલ, ઉમીકાના દાદી. જેતપુર નિવાસી રતીલાલ શેઠની પુત્રી તા. ૨૧-૨-૨૫ના લંડન મુકામે અરિહંતશરણ થયેલ છે. મળવાનો સમય મંગળવાર, તા. ૪-૩-૨૫ના ૫થી ૭. ઠે. હસમુખભાઇ શેઠ, ૮૦૨, નેપીયન હાઉસ, ૮૫, નેપયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૦૬.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**
ગોરસવાળા (હાલ મુલુંન્ડ) ફુલચંદ કમળશી શાહના પુત્રવધુ તથા કનકરાયના ધર્મપત્ની અ.સૌ. ઈંદુમતીબેન (ઉ. વર્ષ.૭૫) તા. ૨-૩-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તેઓ પરાગ, સ્નેહલ ના માતુશ્રી, દીપા, રોશનીના સાસુ, હિયા, માહી, અસ્મિના દાદી. પિયરપક્ષેઃ શાંતિલાલ ગિરધરલાલ દોશી (દેપલાવાળા)ના દીકરી. બંન્ને પક્ષની સાદડી તા. ૩-૩-૨૫ સોમવારે બપોરે ૩ થી ૫ દરમિયાન રાખેલ છે. સ્થળઃ ગોપુરામ હોલ, જ્ઞાન સરિતા સ્કૂલ પાસે, ડો. આર. પી. રોડ, મુલુન્ડ-વેસ્ટ. (ચક્ષુદાન કરેલ છે).

**ખંભાત વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
શ્રી જગદીશચંદ્ર ચીમનલાલ શાહના ધર્મપત્ની કુસુમબેન, તે સ્વ. સપન, વૈશાલી, ભાવીના માતુશ્રી, શ્વેતા, આશીષકુમાર, હિતેશકુમારના સાસુ, પ્રિયલના દાદી, સ્મિત, કિયાન, ક્રિશાના નાની, મોહનલાલ ગાંડાભાઈ શાહની પુત્રી, તા. ૦૧-૦૩-૨૦૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૩-૨૫ના રોજ બપોરે ૩ થી ૫, પાવનધામ, મહાવીરનગર, કાંઈવલી વેસ્ટમાં રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**
ઘુઘરાળા નિવાસી ભુપેન્દ્રભાઈ અમૃતલાલ બદાણી ના ધર્મપત્ની સુધાબેન (ઉં.વ.૬૭) તા.૨૭/૨/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. દિવ્યેશ, જીગીષા વિશાલ ઝાટકીયા ના માતુશ્રી, જૈનમ ના નાની, સ્વ.જયાબેન ચંપકલાલ દુર્લભજી સંઘવી ના દીકરી. લૌકિક વ્યવહાર પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
દેવગાણા નિવાસી હાલ ડોમ્બિવલી સુધીરભાઈ છોટાલાલ બાવચંદ શાહ (ઉં.વ.૬૮) તા. ૨૮/૨/૨૫ ના રોજ અવસાન પામેલ છે. હર્ષાબેનના પતિ, કેનીલ તથા નેમિલના પિતા, સ્વ. શરદભાઈ, ઇન્દુબેન બળવંતરાય ગાંધી, કુસુમબેન રાજેશ વોરા, નયના વિપુલકુમાર દોશી, પારૂલ મનીષ શાહના ભાઈ, વોરા શાંતિલાલ પ્રેમચંદ જેસરવાળાના જમાઈ, રાજુભાઈ, પરેશભાઈ, કમલેશભાઈ, શિલ્પા ભુપેન્દ્રકુમાર ના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ખાંભા નિવાસી હાલ મીરારોડ શ્રીમતી મધુબેન તથા સ્વ. છોટાલાલ ભગવાનજી ફિફાદરા (શાહ)ની સુપુત્રી ચિ. ચેતનાબેન (ઉં.વ. ૫૬) તે શનિવાર, તા. ૧-૩-૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે, તે કમલેશ-હિના, વિપુલ-મૌસમ, વિમલ-શિતલના બહેન, તે પ્રાણલાલ, સ્વ. અમૃતલાલ, સ્વ. રસિકલાલ, સ્વ. લલિતભાઈ, પ્રવિણચંદ્ર ફિફાદરા તથા ગં.સ્વ. પુષ્પાબેન, સ્વ. ગુણવંતિબેન, અ.સૌ. કોકિલાબેન ની ભત્રીજી તે સ્વ. રતિલાલ, ભરતભાઈ, રાજેશભાઈ દેસાઈ, સરોજબેન, સ્વ. જ્યોતીબેન, અરૂણાબેન ની ભાણેજ તે તથ્ય, નમન, ધૈર્વી, વત્સલ, ઝીલ, ઝીયાના ફૈબા. તેમની પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**
સાડાઉના નવિન રામજી ગાલા (ઉ.વ. ૬૬) તા. ૧-૩-૨૦૨૫ને શનિવારના અવસાન પામેલ છે. નેણબાઇ રામજી ગાલાના સુપુત્ર. હંસાબેનના પતિ. જેકીનના પિતા. પોપટભાઇ, વલ્લભજી, પ્રભા, શાંતિલાલના ભાઇ. કોડાયના મણીબેન મગન ધારશી સાવલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : વિનોદ હીરજી ગડા, ૨/૧૫, ધ્રુરુ એપાર્ટમેન્ટ, ૩૫૦, વીર સાવરકર માર્ગ, દાદર (વેસ્ટ).

કોટડા (રોહા)ના ખુશાલ હંસરાજ (મીઠુબાપા) ગાલા (ઉ. ૭૮) કચ્છ રામાણીયા મધ્યે તા. ૧-૩-૨૫ના દેવગતિ પામેલ છે. દેવકાબાઇ હંસરાજના સુપુત્ર. જશુના પતિ. જીગરના પિતા. સ્વ. જયાબેન દામજી, જ્યોતિ દિનેશ, વનિતા જયંતી, ભોજાયના કસ્તુર ઝવેરચંદ, ગોધરાના હેમી હેમચંદના ભાઇ. અમૃતબેન પ્રેમજી રાયશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રેમજી રાયશી, રામાણીયા, મુંદ્રા તાલુકા. પીન-૩૭૦૪૦૫.


બિદડા (દ.ફ)ના નિર્મળાબેન (પ્રભા) ફુલચંદ પ્રેમજી ભાણજી પોલડીયા (ઉ.વ.૮૦) તા.૧-૩-૨૫ના અવસાન પામેલ છે. કોરઈબાઈ પ્રેમજીના પુત્રવધુ. જગદીશ, ભાવનાના માતા. સુંદરબેન ગાંગજીના પુત્રી. જેઠાલાલ, લાયજા સુંદરબેન પાલણ, નવાવાસ ધનવંતી વસંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જગદીશ પોલડીયા, એ-૪, શ્રીનાથ દર્શન, વિનાયક મંદિર રોડ, ભાયંદર.

કપાયાના મંજુલાબેન મામણીયા (ઉં.વ.૮૦) તા. ૨૮-૨-૨૫ ના અવસાન પામેલ છે. ખીમઇબાઇ દેવશીના પુત્રવધુ. ડુંગરશીભાઇના પત્ની. ઉમેશ (પપ્પુ), જયેશ, વર્ષાના માતુશ્રી. પત્રીના મણીબાઈ પદમશી છેડાના સુપુત્રી. ભવાનજી, જાદવજી, હરખચંદ, ભારતી, તારાના બેન. જવેર, કસ્તુર, ભાનુના નણંદ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયેશ શાહ, ૧૦૧, વન વિહાર, નડીયાદવાલા કોલોની નં. ૧, મલાડ (વે).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિશ્વ વન્યજીવ દિવસ 2025



“

આદરણીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**'વર્લ્ડ વાઇલ્ડલાઇફ ડે'** નિમિત્તે **સાસણ** (જિ. ગીર-સોમનાથ)માં
૩ માર્ચ, ૨૦૨૫ના રોજ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે

”





## વન્યજીવોના સંરક્ષણ-સંવર્ધનમાં ગુજરાતની સિદ્ધિઓ

- ભારત અને ગુજરાતનાં ગૌરવ સમાન એશિયાટિક સિંહોની સંખ્યામાં સરકારનાં સંરક્ષણ-સંવર્ધનનાં પ્રયાસોથી વધારો નોંધાયો. ૨૦૨૦ની વસતી ગણતરી પ્રમાણે સિંહોની સંખ્યા ૨૮.૯%નાં વધારા સાથે ૬૭૪ નોંધાઇ
- કચ્છના રણ વિસ્તારમાં લાખોની સંખ્યામાં લેસર ફ્લેમિંગો તથા ગ્રેટર ફ્લેમિંગોનું દર વર્ષે આગમન થાય છે. અંદાજે ૩ થી ૫ લાખની સંખ્યામાં આવતા ફ્લેમિંગો ઈંડા મૂકી હજારોની સંખ્યામાં બચ્ચાઓને જન્મ આપે છે
- રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવતા મગરોનાં રેસ્ક્યુ માટે હાલોલ રેન્જમાં ધોબીકુવા ખાતે અનામત જંગલના આશરે ૦.૭૫ હેક્ટર વિસ્તારમાં ક્રોકોડાઇલ રેસ્ક્યુ સેન્ટરનું નિર્માણ
- શહેરી વિસ્તારમાં આવેલા વેટલેન્ડના વ્યવસ્થાપન અને વિકાસ માટેના લોંગ ટર્મ પ્લાનનું અમલીકરણ
- વરુ બ્રિડિંગ પ્રોગ્રામને આગળ વધારતા સુરેન્દ્રનગરમાં થાળા વીડી ખાતે અને બનાસકાંઠામાં નડાબેટ ખાતે સોફ્ટ રીલીઝ સેન્ટર કાર્યરત
- વ્હેલશાર્ક (બેરલ) માછલીથી માછીમારોની નેટ (જાળ)ને નુકશાન સામે વળતર આપવાની યોજના અંતર્ગત જાળમાં જો વ્હેલશાર્ક ફસાઇ તો જાળને કાપવા માટે વધુમાં વધુ ₹૫૦ હજારની મર્યાદામાં ચૂકવવામાં આવે છે
- ભારતમાં ચિત્તાની વસતી સ્થાપિત કરવા કચ્છ જિલ્લાના બન્ની ગ્રાસલેન્ડ ખાતે અંદાજિત ૫૦૦ હેક્ટરમાં ચિત્તા માટે બ્રિડીંગ સેન્ટર તૈયાર કરવાનો નિર્ણય
- બરડા વિસ્તારને સિંહો માટેનું બીજુ રહેઠાણ બનાવવા પ્રયાસનાં ફળ સ્વરૂપે આજે અહીં કુલ ૬ સિંહ અને ૧૧ સિંહ બાળ સાથે કુલ ૧૭ સિંહોનો વસવાટ થયો છે



# બૉલીવિયામાં બે બસ ટકરાઈ: ૩૭નાં મોત

બૉલીવિયા: બૉલીવિયાના પશ્ચિમી પૉટૉસી વિસ્તારમાં શનિવારે સવારે સાત વાગ્યે બે બસ વચ્ચે થયેલાં અકસ્માતમાં ઓછામાં ઓછાં ૩૭ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૩૯ જણ ઘાયલ થયા હોવાનું પોલીસ અધિકારીઓએ કહ્યું હતું.

અકસ્માતમાંથી ઉગરી ગયેલા લોકોને પોલીસ કાટમાળ હેઠળથી કાઢી રહી હતી. આ અકસ્માતમાં બંને બસના ડ્રાઈવરનો ચમત્કારિક બચાવ થયો હતો. પ્રવાસીઓએ આ બંને ડ્રાઈવરને દારૂ પીતા જોયા હતા.

મૃતકોની ઓળખ કરવાની કામગીરી આરંભી દેવામાં આવી હતી અને ઘાયલોને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

એક બસ ઑરુરા જઈ રહી હતી જ્યાં હાલ મોટા ઉત્સવની ઉજવણી ચાલી રહી છે. યૂનિ અને કૉલચાની શહેરના રૂટ પર આ અકસ્માત થયો હતો. યૂનિ શહેર પર્યટકોના આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે, એમ પોલીસ અધિકારીએ પત્રકારોને અઆપેલી મુલાકાતમાં કહ્યુ હતું.

બૉલીવિયાના પર્વતીય વિસ્તારનો માર્ગ ખૂબ જ જોખમી અને જીવલેણ છે. દર વરસે આ વિસ્તારમાં થતાં અકસ્માતમાં સરેરાશ ૧,૪૦૦ લોકો જીવ ગુમાવે છે, એમ તેમણે કહ્યુ હતું. (એજન્સી)

# અમેરિકામાં ઓરીના ચેપી વાઈરસે નવ રાજ્યને પ્રભાવિત કર્યા

હ્યુસ્ટન: અમેરિકામાં એક દાયકા કરતાં પણ વધુ સમય બાદ ઓરી-ગોવરુંને કારણે પ્રથમ મૃત્યુ નોંધાયું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. પશ્ચિમ ટૅક્સાસમાં બુધવારે શાળાનાં એક વિદ્યાર્થીનું આ બીમારીને કારણે મોત થયું હતું.

અમેરિકાભરમાં ઓરી-ગોવરુંનાં કેસ સતત વધી રહ્યા છે અને ટૅક્સાસ તેનાં મુખ્ય કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે.

અતિ ચેપી વાઈરસે અમેરિકાના ઓછામાં ઓછા નવ રાજ્યને પ્રભાવિત કર્યા છે. અનેક લોકોને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ટૅક્સાનના આરોગ્ય વિભાગે ૨૮ ફેબ્રુઆરી સુધીમાં રાજ્યમાં ઓરી-ગોવરુંનાં ૧૪૬ કેસ નોંધાયા હોવાનાં અહેવાલને શનિવારે સમર્થન આપ્યું હતું.

ટૅક્સાસમાં ફાટી નીકળેલો આ રોગચાળો પડોશી ન્યૂ મૅક્સિકોમાં ફેલાયો હતો.

બાયલર કૉલેજ ઑફ મેડિસિન ખાતે પેડિયાટ્રિસ્ટ અને વાઈરોલોજિસ્ટ તરીકે કામ કરતા ડૉ, પીટર હૉટેઝે માહિતી આપતાં કહ્યું હતું કે રસીકરણમાં થયેલો ઘટાડો આ પાછળનું મુખ્ય કારણ છે. રસીકરણનું પ્રમાણ ૯૦ ટકા કરતાં ઘટે ત્યારે આ બીમારી આગની જેમ ફેલાય છે. આ બીમારી ધરાવતો એક દરદી અન્ય ૧૮ જણને ચેપ લગાડી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

આ બીમારી બાળકોમાં જ જોવા મળતી હોવાની સામાન્ય ધારણાથી વિપરિત કોઈપણ ઉંમરની વ્યક્તિને આ બીમારીને કારણે ન્યૂમોનિયા, મગજ પર સોજા સહિત અન્ય સમસ્યાઓ અને અમુક સંજોગોમાં મૃત્યુનો પણ સામનો કરવો પડી શકે છે. (એજન્સી)

# ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઊતર્યું અમેરિકાની ખાનગી કંપનીનું અવકાશયાન 'બ્લૂ ઘોસ્ટ'

કેપ કેનવરલ: અમેરિકાની એક ખાનગી કંપનીએ ચંદ્રની ધરતી પર 'બ્લૂ ઘોસ્ટ' નામનું અવકાશયાન ઉતારીને તમામને ચોંકાવી દીધા હતા. ખાનગી કંપનીએ રવિવારે તેનું અવકાશયાન ચંદ્ર પર ઉતાર્યું છે. આ અવકાશયાન નાસા માટે ડ્રિલ, વેક્યૂમ અને અન્ય પ્રયોગો માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ અંતરિક્ષ યાત્રી મિશનો અગાઉ ચંદ્ર પર બિઝનેસ શરૂ કરવા માગે છે.

નોંધનીય છે કે ખાનગી કંપની ફાયરફલાય એરોસ્પેસનું 'બ્લૂ ઘોસ્ટ' લેન્ડર ચંદ્રની ભ્રમણકક્ષામાંથી સપાટી પર ઊતર્યું હતું, જેનું લક્ષ્ય ચંદ્રની ઉત્તરપૂર્વીય સપાટી પર સ્થિત ઈમ્પેક્ટ બેસિનમાં સ્થિત પ્રાચીન જ્વાળામુખીના ગૂંબજના ઢોળાવ સુધી પહોંચવાનું હતું. કંપનીના મિશન કંટ્રોલે કહ્યું કે અમે ચંદ્ર પર છીએ. તેમણે એમ પણ કહ્યું કે લેન્ડરની સ્થિતિ સ્થિર છે. ટેક્સાસ સ્થિત કંપની ફાયરફલાય એરોસ્પેસે આ અવકાશયાન વિકસિત કર્યું છે.

એક દાયકા અગાઉ સ્થાપિત સ્ટાર્ટઅપ ફાયરફલાયને ચંદ્ર પર અવકાશયાન લેન્ડ કરનારી પ્રથમ ખાનગી કંપની બનાવી દીધી હતી. માત્ર પાંચ દેશો રશિયા, અમેરિકા, ચીન, ભારત અને જાપાને જ આવી સફળતા હાંસલ કરી છે. આ સપ્તાહના અંતમાં બે અન્ય કંપનીઓના લેન્ડર્સ પણ ચંદ્ર પર ઊતરે તેવી અપેક્ષા છે. ફ્લોરિડાથી જાન્યુઆરીના મધ્યમાં લોન્ચ કરાયેલા ૬ ફૂટ-૬-ઇંચ (૨-મીટર) લાંબા લેન્ડરે નાસા માટે ચંદ્ર પર ૧૦ પ્રયોગો કર્યા હતા. ચંદ્ર પર જવાના માર્ગ પર, 'બ્લૂ ઘોસ્ટ' એ તેના ગૃહ ગ્રહની અદ્ભુત તસવીરો મોકલી હતી. લેન્ડરે ચંદ્રની કક્ષામાં ચક્કર લગાવ્યા બાદ પણ ચંદ્રની સપાટીની વિગતવાર તસવીરો લીધી હતી. ચંદ્રનો દિવસ પૂરો થાય અને લેન્ડર બંધ થઇ જાય તે અગાઉ તેને બે સપ્તાહનો સમય મળશે.

## ગ્લૅનમાર્ક ફાર્માએ અમેરિકાના બજારમાંથી

# એડીએચડી સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવાની ૧૫ લાખ બાટલી પાછી ખેંચી

નવી દિલ્હી: ગ્લૅનમાર્ક ફાર્માએ ઍટેન્શન ડેફિસિટ હાયપરઍક્ટિવિટી ડિસઑર્ડરની સારવાર માટે ઉપયોગમાં લેવાતી જેનરિક દવા ઍટોમોક્સેટાઈન કૅપ્સ્યૂલની ૧૫ લાખ બાટલી અમેરિકાના માર્કેટમાંથી પાછી ખેંચી લીધી હોવાનું અમેરિકાના આરોગ્ય નિયામકે જણાવ્યું હતું.

મુંબઈસ્થિત દવાની ઉત્પાદક કંપનીની સબસિડિયરી ગ્લૅનમાર્ક ફાર્માસ્યૂટિકલ્સ ઈન્ક. (યુએસએ)એ ઍટોમોક્સેટાઈન કૅપ્સ્યૂલની ૧૪.૭૬ લાખ બાટલી અમેરિકાના બજારમાંથી પાછી ખેંચી લીધી હતી.

'સીજીએમપી ડૅવિયેશન'ને કારણે પ્રભાવિત થયેલા સંપૂર્ણ જથ્થાને કંપનીએ બજારમાંથી પાછો ખેંચી લીધો હોવાનું યુએસ ફૂડ ઍન્ડ ડ્રગ ઍડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ)ના તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

દવામાં એફડીએએ નિર્ધારિત કરેલી મર્યાદા કરતાં એન-નાઈટ્રોસો ઍટોમોક્સેટાઈન ઈમ્પ્યૂરિટીનું પ્રમાણ વધુ હોવાને કારણે કંપનીએ આ દવા પાછી ખેંચી લીધી હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

# પ. બંગાળ: હિંસક વિરોધ પ્રદર્શનો બાદ જાદવપુર યુનિવર્સિટી કેમ્પસમાં સન્નાટો

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં રવિવારે સવારે ડાબેરી વિદ્યાર્થીઓ દ્વારા હિંસક વિરોધ પ્રદર્શન અને રાજ્યના શિક્ષણ પ્રધાન બ્રત્ય બાસુ સાથે ગેરવર્તણૂક બાદ જાદવપુર યુનિવર્સિટી કેમ્પસમાં સન્નાટો છવાયેલો છે.

પ્રદર્શનકારીઓએ પ્રધાનની કારનો કાચ તોડી નાખ્યો હતો અને બે આંદોલનકારીઓ ઘાયલ થયા હતા. જેમાંથી એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. યુનિવર્સિટીના એક અધિકારીએ જણાવ્યું કે રવિવારે એક ફોરેન્સિક ટીમ કેમ્પસની મુલાકાત લે તેવી અપેક્ષા છે. યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ભાસ્કર ગુપ્તાને ડાબેરી વિદ્યાર્થીઓના એક જૂથે કથિત રીતે ગાળ આપી હતી, જ્યારે તે ઘાયલ વિદ્યાર્થીઓમાંના એક ઇન્દ્રનુજ રોયને મળવા નજીકની ખાનગી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ગયા હતા.

કેમ્પસમાં શાસક તૃણમૂલ કૉંગ્રેસના શિક્ષા પ્રકોષ્ઠ (શૈક્ષણિક પાંખ) કાર્યાલયને પ્રધાનનો કાફલો યુનિવર્સિટીમાંથી બહાર નીકળ્યા બાદ રોષે ભરાયેલા વિરોધીઓએ આગ ચાંપી દીધી હતી. રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ ગુપ્તાને જ્યારે રાત્રે ૧૨-૩૦ વાગ્યે ઘાયલ વિદ્યાર્થીને મળવા હોસ્પિટલ ગયા ત્યારે ગાળ આપી હતી. તેમણે તેમના પર વિદ્યાર્થી સંઘની ચૂંટણીઓ યોજવા જેવા મુદ્દાઓના ઉકેલ માટે કંઇ ન કરવાનો આરોપ લગાવ્યો હતો.

પોલીસ કર્મચારીઓએ કેમ્પસની બહાર એસ સી મલિક રોડ અને જાદવપુર પોલીસ સ્ટેશનની સામે કડક નજર રાખી હતી. જ્યાં શનિવારે અલગ-અલગ રેલીઓમાં આંદોલનકારી ડાબેરી વિદ્યાર્થીઓનો તૃણમૂલ સમર્થકો સાથે આમનો-સામનો થયો હતો. સીપીઆઇ(એમ)ની વિદ્યાર્થી પાંખ એસએફઆઇ અને નક્સલવાદી વિદ્યાર્થી સંગઠન આઇસાએ વિદ્યાર્થી સંઘની ચૂંટણી તાત્કાલિક યોજવાની માગ કરી હતી. તેમણે બસુ સામે કાર્યવાહીની પણ માગ કરી હતી.

ટીએમસીએ બસુ સાથે થયેલી ગેરવર્તણૂક, તૃણમૂલ કૉંગ્રેસ સાથે જોડાયેલા પશ્ચિમ બંગાળ કોલેજ અને યુનિવર્સિટી પ્રોફેસર સંઘ (ડબ્લ્યુબીસીયુપીએ)ના એક કાર્યક્રમ દરમિયાન તોડફોડ અને ડાબેરી આંદોલનકારીઓ દ્વારા કથિત રીતે તેના ઘણા સભ્યો પર થયેલા હુમલાનો પણ વિરોધ કર્યો હતો. જ્યારે બાસુ ડબ્લ્યુબીસીયુપીએની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપવા માટે જેયુ કેમ્પસ ગયા ત્યારે હોબાળો શરૂ થયો હતો.

# બિહારમાં અનેક સ્થળો પર ગંગા નદીનું પાણી સ્નાન કરવા યોગ્ય પણ નહીં, આર્થિક સર્વેક્ષણમાં અપાઇ જાણકારી

પટના: બિહારમાં મોટાભાગના સ્થળોએ ગંગા નદીનું પાણી સ્નાન કરવા યોગ્ય પણ નથી. બિહાર આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪-૨૫ માં આ જાણકારી આપતા કહેવામાં આવ્યું હતુ કે આ ગંગાના પાણીમાં પ્રતિ યુનિટ બેક્ટેરિયાની વધુ સંખ્યાની હાજરી કારણ છે. અધિકારીઓએ કહ્યું હતું કે બિહાર રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (બીએસપીસીબી) દર પખવાડિયે રાજ્યમાં ૩૪ સ્થળો પર ગંગાના પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ કરે છે.

તાજેતરમાં જ રાજ્ય વિધાનસભામાં રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણ મુજબ, ગંગાના પાણીમાં બેક્ટેરિયાની વધુ સંખ્યા (કોલિફોર્મ અને ફીકલ કોલિફોર્મ)ની હાજરીના સંકેત મળે છે. આ મુખ્યત્વે ગંગા અને તેની સહાયક નદીઓના કિનારે આવેલા શહેરોમાંથી નીકળતી ગટર/ઘરેલું કચરો ગંગાના પાણીમાં ઠલવાઈ જવાને કારણે છે.

સર્વેમાં બીએસપીસીબીના તાજેતરના પાણીની ગુણવત્તા પરીક્ષણ પરિણામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, "અન્ય પેરામીટર, પીએચ, ઓગળેલો ઓક્સિજન અને બાયોકેમિકલ ઓક્સિજન માગ બિહારમાં નદી અને તેની સહાયક નદીઓમાં નિર્ધારિત મર્યાદામાં જોવા મળ્યા હતા જે દર્શાવે છે કે પાણી જળચર જીવન, વન્યજીવનના સંવર્ધન, માછીમારી અને સિંચાઈ માટે યોગ્ય છે."

નદીના કિનારે આવેલા મહત્ત્વપૂર્ણ શહેરોમાં બક્સર, છાપરા (સારણ), દિઘવારા, સોનપુર, મનેર, દાનાપુર, પટના, ફતુહા, બખ્તિયારપુર, બાઢ, મોકામા, બેગુસરાય, ખગડિયા, લખીસરાય, મનિહારી, મુંગેર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર અને કહલગાંવનો સમાવેશ થાય છે. આ રિપોર્ટ પર પ્રતિક્રિયા આપતા બીએસપીસીબીના અધ્યક્ષ ડી કે શુક્લાએ પીટીઆઈને જણાવ્યું હતું કે ગંગા નદીમાં બેક્ટેરિયાની વધુ સંખ્યા ચિંતાનો વિષય છે.

શુક્લાએ કહ્યું હતું કે, મળમાં ફીકલ કોલિફોર્મ બેક્ટેરિયા જોવા મળે છે જે શુદ્ધ ન કરાયેલ ગટરના પાણીથી નદીને પ્રદૂષિત કરે છે. તેનું જેટલું ઊંચું સ્તર હશે પાણીમાં રોગ પેદા કરતા સૂક્ષ્મ જીવાણુઓની હાજરી એટલી જ વધારે હશે. સીપીસીબીના ધોરણો મુજબ, ફીકલ કોલિફોર્મની માન્ય મર્યાદા ૨,૫૦૦ એમપીએન પ્રતિ ૧૦૦ મિલી છે.

તેમણે કહ્યું કે ગંગામાં મોટાભાગના સ્થળોએ કુલ કોલિફોર્મ અને ફીકલ કોલિફોર્મની હાજરી ખૂબ વધારે છે, જે દર્શાવે છે કે તે સ્નાન માટે યોગ્ય નથી. વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે બીએસપીસીબી રાજ્યમાં ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ યોગ્ય રીતે કાર્ય કરે તે સુનિશ્ચિત કરવા માટે પગલાં લઈ રહ્યું છે.

પીટીઆઈને પ્રાપ્ત થયેલા ગંગાના પાણીની ગુણવત્તા અંગેના તાજેતરના બીએસપીસીબીના ડેટા અનુસાર, કચ્ચી દરગાહ-બિદુપુર બ્રિજ પર માપવામાં આવેલા ફીકલ કોલિફોર્મનું સ્તર ૩,૫૦૦ એમપીએન/૧૦૦ મિલી, ગુલાબી ઘાટ (૫,૪૦૦ એમપીએન/ ૧૦૦ મિલી ), ત્રિવેણી ઘાટ (૫,૪૦૦ એમપીએન/૧૦૦ મિલી), ગાયઘાટ (૩,૫૦૦ એમપીએન ૧૦૦ મિલી ), કેવાલા ઘાટ (૫,૪૦૦ એમપીએન /૧૦૦ મિલી), ગાંધી ઘાટ, એનઆઇટી (૩,૫૦૦ એમપીએન/ ૧૦૦ મિલી) અને હાથીદાહમાં ૫,૪૦૦ એમપીએન /૧૦૦ મિલી માપવામાં આવ્યું હતું.

# ઉત્તરાખંડ હિમસ્ખલનમાં ગુમ ચાર શ્રમિકોમાંથી ત્રણના મૃતદેહ મળ્યા, એકને શોધવાની કામગીરી યથાવત્

દહેરાદૂન: ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના બદ્રીનાથ નજીક માણા ગામમાં શુક્રવારે હિમસ્ખલનની ઘટના બની હતી. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન (બીઆરઓ) કેમ્પ પર થયેલા હિમસ્ખલન થયા બાદ ગુમ થયેલા ચાર કામદારોને શોધવા માટે સ્નિફર ડોગ્સ, થર્મલ ઇમેજિંગ કેમેરા અને હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી હતી. રવિવારે પણ ચાલુ રહેલા બચાવ કાર્ય દરમિયાન ચાર કામદારોના મૃતદેહ મળી આવ્યા હતા.

ગોપેશ્વરમાં સ્થાનિક વહીવટીતંત્ર પાસેથી મળેલી માહિતી અનુસાર, માણા હિમસ્ખલન સ્થળ પરથી ત્રણ મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે અન્ય ગુમ થયેલા કામદારની શોધ ચાલુ છે. ચાર મૃતદેહ મળ્યા બાદ અકસ્માતમાં મૃત્યુ પામેલા કામદારોની સંખ્યા આઠ થઈ ગઈ છે. શુક્રવારે થયેલા અકસ્માત બાદ સ્થળ પરથી બચાવી લેવામાં આવેલા ૫૦ કામદારોમાંથી શનિવારે ચારના મોતની પુષ્ટી થઈ હતી. રવિવારે મળેલા મૃતદેહોને હેલિકોપ્ટર દ્વારા જ્યોતિર્મઠ લાવવામાં આવ્યા હતા. બધા મૃતદેહોનું પોસ્ટમોર્ટમ જ્યોતિર્મઠના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવી રહ્યું છે.

હિમસ્ખલનમાંથી જે શ્રમિકોના મૃતદેહ મળી આવ્યા છે તેમની ઓળખ ઉત્તરાખંડના ઉધમ સિંહ નગર જિલ્લાના રુદ્રપુરના રહેવાસી અનિલ કુમાર (૨૧), ઉત્તર પ્રદેશના ફતેહપુરના રહેવાસી અશોક (૨૮) અને હિમાચલ પ્રદેશના ઉનાના રહેવાસી હરમેશ ચંદ (૩૦) તરીકે થઈ છે. બીજા ગુમ થયેલા વ્યક્તિની શોધ ચાલી રહી છે, જેની ઓળખ અરવિંદ (૪૩) તરીકે થઈ છે. અરવિંદ દહેરાદૂનના ક્લેમેન્ટાઉન વિસ્તારનો રહેવાસી છે.

નોંધનીય છે કે ભારત-ચીન સરહદ પર લગભગ ૩,૨૦૦ મીટરની ઊંચાઈ પર આવેલા છેલ્લા ગામ માણામાં હિમસ્ખલનના કારણે બીઆરઓ કેમ્પમાં આઠ કન્ટેનરમાં રહેતા બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશનના ૫૪ કામદારો બરફમાં ફસાઈ ગયા હતા. પહેલા ફસાયેલા કામદારોની સંખ્યા ૫૫ હોવાનું જણાવાયું હતું, પરંતુ હિમાચલ પ્રદેશના કાંગડાનો રહેવાસી એક શ્રમિક સુરક્ષિત રીતે તેના ઘરે પહોંચી ગયો હોવાની માહિતી મળ્યા બાદ આ સંખ્યા ઘટીને ૫૪ થઈ ગઈ હતી.

# રોજગારી વધી રહી છે, પણ મોંઘવારી પ્રમાણે નિયમિત કર્મચારીઓનો પગાર નહીં : નીતી આયોગના સભ્ય

નવી દિલ્હી: નીતી આયોગના સભ્ય ડો. અરવિંદ વિરમાનીએ કહ્યું છે કે દેશમાં રોજગારી તો વધી રહી છે, પરંતુ નિયમિત નોકરીઓના કિસ્સામાં સાત વર્ષમાં ફુગાવા મુજબ વાસ્તવિક પગાર વધ્યો નથી. તેમણે એમ પણ કહ્યું કે નોકરી અને કૌશલ્ય એક જ સિક્કાની બે બાજુ છે, જો તમારી પાસે કૌશલ્ય હોય તો નોકરી મેળવવી સરળ બને છે. વિરમાણીના મતે, વૈશ્વિક વસ્તીના સંદર્ભમાં આપણી પાસે એક તક છે, આપણે તેનો લાભ લેવાની જરૂર છે અને આ માટે શિક્ષણ અને તાલીમની ગુણવત્તામાં સુધારો કરવો મહત્ત્વપૂર્ણ છે.

પીટીઆઈને આપેલા એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે, પીએલએફએસ (પિરિયોડિક લેબર ફોર્સ સર્વે) ના ડેટા અનુસાર, છેલ્લા સાત વર્ષમાં કામદાર-વસ્તી ગુણોત્તર સ્પષ્ટપણે વધી રહ્યો છે. આનો અર્થ એ થયો કે વસ્તી વૃદ્ધિ કરતાં નોકરીઓની સંખ્યા વધુ વધી રહી છે. આમાં ઉતાર-ચઢાવ છે પણ ટ્રેન્ડ દર્શાવે છે કે નોકરીઓ વધી રહી છે. તેથી એ કહેવું ખોટું છે કે નોકરીઓ વધી રહી નથી. નોંધનીય છે કે પીએલએફએસ વાર્ષિક રિપોર્ટ ૨૦૨૩-૨૪ (જૂલાઈ-જૂન) અનુસાર, તમામ ઉંમરના વ્યક્તિઓના સંદર્ભમાં કામદાર-વસ્તી ગુણોત્તર ૨૦૨૩-૨૪માં વધીને ૪૩.૭ ટકા થયો જે ૨૦૧૭-૧૮ માં ૩૪.૭ ટકા હતો.

તેમણે કહ્યું હતું કે, જો આપણે પીએલએફએસમાં સેલેરીના ડેટા પર નજર કરીએ તો સાત વર્ષમાં કેઝ્યુઅલ વર્કર (કરાર પર કામ કરનારા)ના વાસ્તવિક પગારમાં વધારો થયો છે અને આ સમયગાળા દરમિયાન તેમની સ્થિતિમાં સુધારો થયો છે. આંકડા આ વાતની પુષ્ટી કરે છે. પ્રખ્યાત અર્થશાસ્ત્રી વિરમાનીએ જણાવ્યું હતું કે પરંતુ એક મોટો મુદ્દો નિયમિત પગારની નોકરીઓના કિસ્સામાં છે. આ શ્રેણીમાં વાસ્તવિક પગાર છેલ્લા સાત વર્ષમાં ફુગાવાના દર સાથે વધ્યો નથી.

તેમણે કહ્યું હતું કે, મારા મૂલ્યાંકન મુજબ ફુગાવા મુજબ પગાર ન વધવાનું મુખ્ય કારણ કૌશલ્યનો અભાવ છે. અમે કુશળ નોકરીઓ નથી લઈ રહ્યા. મેં ઘણા દેશોના ડેટા જોયા છે. તેના આધારે હું કહીશ કે આ (કૌશલ્ય) પર કામ કરવાની જરૂર છે. તે ખૂબ જ નબળી સ્થિતિમાં છે. કેન્દ્ર સરકાર પગલાં લઈ રહી છે. રાજ્યોએ પણ આ દિશામાં કામ કરવાની જરૂર છે, જિલ્લા સ્તરે કામ કરવાની જરૂર છે, કારણ કે ત્યાં નોકરીઓનું સર્જન થશે. જ્યારે કૌશલ્ય વધે છે, ઉત્પાદકતા વધે છે અને વાસ્તવિક વેતન વધે છે. આવું ભારતમાં અને દુનિયામાં પણ થાય છે. અમને લાગે છે કે આપણે જે કામ કરી રહ્યા છીએ તે કરતા રહેવું જોઈએ અને આપણો પગાર વધશે, આ યોગ્ય નથી. તેથી કૌશલ્ય વિકાસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને કૌશલ્ય વિકાસ ફક્ત એવા લોકો માટે જ નહીં જેઓ પહેલાથી જ કામ કરી રહ્યા છે, પણ નવા લોકો માટે પણ જરૂરી છે.

વિરમાનીએ કહ્યું હતું કે ઘણા બાળકો પોતાનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દે છે, તેથી તેમના માટે કૌશલ્ય વિકસાવવાની જરૂર છે. એવું નથી કે દરેકને એઆઇ કે ઇલેક્ટ્રોનિક એન્જિનિયર બનવા માટે કૌશલ્યની જરૂર હોય છે. આપણે એવા બાળકો વિશે પણ વિચારવું પડશે જેઓ પોતાનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દે છે. હું ઘણી બધી આઇટીઆઇમાં ગયો છું. એવી નોકરીઓ છે જ્યાં કોઈ અરજી કરતું નથી. મશીનિસ્ટની નોકરી સારી છે, પગાર પણ સારો છે. પણ કોઈ તેમાં આવતું નથી. આવા ઘણા બીજા કાર્યો છે જ્યાં લોકો આવતા નથી. એવું ન હોવું જોઈએ કે આપણે ફક્ત એવી નોકરીઓ શોધીએ જ્યાં આપણે ઓફિસમાં જઈને કાગળો પર સહી કરીએ. કૌશલ્યમાં નિમ્ન, મધ્યમ અને ઉચ્ચ દરેક સ્તરે સુધારો કરવાની જરૂર છે. આપણને દરેક પ્રકારની નોકરી માટે કૌશલ્યની જરૂર છે.

બીજા પ્રશ્નના જવાબમાં વિરમાનીએ કહ્યું હતું કે, વિકસિત ભારત માટે દરેક જગ્યાએ સુધારાની જરૂર છે. આપણે તક જોવી જોઈએ અને તેનો ઉપયોગ કરવો જોઈએ. આ માટે શિક્ષણની સાથે શિક્ષણ અને તાલીમની ગુણવત્તામાં સુધારો કરવો મહત્ત્વપૂર્ણ છે.

# ઇઝરાયલે ગાઝા પટ્ટીમાં તમામ પ્રકારની સહાય અટકાવી

તેલ અવીવ: ઇઝરાયલે ગાઝામાં ચાલી રહેલા યુદ્ધવિરામ દરમિયાન તમામ સહાય પર પ્રતિબંધ મૂક્યો છે. તે ગાઝા પટ્ટીમાં તમામ વસ્તુઓના પુરવઠાને રોકી રહ્યું હોવાનું ઇઝરાયલે રવિવારે જણાવ્યું હતું.

ઇઝરાયલે ચેતવણી આપતા જણાવ્યું કે જો હમાસ યુદ્ધવિરામ લંબાવવાના યુએસના પ્રસ્તાવને સ્વીકારશે નહીં તો તેને 'વધારાના પરિણામો' ભોગવવા પડશે. જો કે હજુ એ સ્પષ્ટ નથી કે સહાયનો પુરવઠો સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે કે નહીં. ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામનો પ્રથમ તબક્કો શનિવારે સમાપ્ત થયો હતો. જેમાં માનવતાવાદી સહાયમાં વધારો સામેલ હતો. બંને પક્ષો વચ્ચે હજુ સુધી બીજા તબક્કાની વાટાઘાટો કરવાની બાકી છે. જેમાં ઇઝરાયલ તેના લશ્કરને પાછું બોલાવશે અને કાયમી યુદ્ધ વિરામના બદલામાં હમાસ ડઝનબંધ બંધકોને મુક્ત કરશે.

ઇઝરાયલે રવિવારે જણાવ્યું હતું કે તે યુદ્ધ વિરામના પહેલા તબક્કાને રમઝાન કે પાસઓવર અથવા ૨૦ એપ્રિલ સુધી લંબાવવાના પક્ષમાં છે.

તેમાં જણાવાયું છે કે આ પ્રસ્તાવ યુએસ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રના પશ્ચિમ એશિયાના રાજદૂત સ્ટીવ વિટકોફ તરફથી આવ્યો છે. આ પ્રસ્તાવ હેઠળ હમાસ પહેલા દિવસે અડધા બંધકોને મુક્ત કરશે અને બાકીનાને કાયમી યુદ્ધ વિરામ પર સંમતિ થયા પછી મુક્ત કરશે, એમ ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું.

# ઉ.પ્ર.માં જાન હાઇ-ટેન્શન વાયરના સંપર્કમાં આવતા વીજ કરંટથી બેનાં મોત

આઝમગઢ: ઉત્તર પ્રદેશના ભૈસકુર ગામમાં જાન હાઇ-ટેન્શન વાયરના સંપર્કમાં આવતા બે મજૂરોના વીજ કરંટ લાગવાથી મોત નીપજ્યા હતા. જ્યારે વરરાજા બેભાન થઇ ગયો હતો. આ જાણકારી પોલીસે રવિવારે આપી હતી.

આ ઘટના શનિવારે રાત્રે બની હતી. ઘટનાને પગલે બરદહદહ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગામમાં લગ્ન સ્થળે અંધાધૂંધી ફેલાઇ ગઇ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર જાન મેહનગર પોલીસ સ્ટેશનની હદમાં આવતા કુસમિલિયા ગામથી ભૈસકુર ગામના લાલચંદ સરોજના ઘરે આવી હતી. પરંપરાગત નાસ્તો કર્યા બાદ વરરાજાને રથ પર સવાર કરીને જાન લગ્ન સ્થળ તરફ જઇ રહી હતી.

આ ઘટના બે મજૂરોના ખભા પર રાખેલી સુશોભન લાઇટિંગ ફિક્સ્ચર આકસ્મિક રીતે ઉપરથી પસાર થતા ૧૧,૦૦૦ વોલ્ટના હાઇ-ટેન્શન વાયરને સ્પર્શી જતા બનવા પામી હતી.

વીજ કરંટ રથમાં ફેલાઇ જવાથી બે મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે વરરાજા બેભાન થઇને ઢળી પડ્યો હતો. મૃતકોની ઓળખ ગોલુ(૧૭) અને માંગરૂ (૨૫) તરીકે થઇ છે. આ બંને મેહનગરના જવાહર નગર વોર્ડના રહેવાસી હતા.

# મણિપુર : વધુ ૪૨ હથિયારો પાછા સોંપાયા, પાંચ ગેરકાયદે બંકરનો નાશ કરાયો

ઈમ્ફાલ: અશાંત મણિપુરના પાંચ જિલ્લામાં લોકોએ ૪૨ હથિયારો અને કારતૂસો સત્તાવાળાઓને પાછા સોંપ્યા હતા, એવી માહિતી પોલીસે આપી હતી.

હથિયારો ઈમ્ફાલ વેસ્ટ અને ઈસ્ટ, ચુરાચંદ્રપુર, બિષ્ણુપુર અને ટામેનેગલોન્ગ જિલ્લામાં સરેન્ડર કરવામાં આવ્યા હતા.

બે પિસ્તોલ, છ ગ્રેનેડ અને ૭૫ કારતૂસ સહિત પાંચ હથિયારો બિષ્ણુપુરમાં પાછા આપવામાં આવ્યા હતા.

ટામેનેગલોન્ગ જિલ્લામાં કાઈમાઈ પોલીસ સ્ટેશનમાં ૧૭ દેશી પિસ્તોલ, નવ પોમ્પી (સ્થાનિક રીતે બનાવવામાં આવેલી મોર્ટાર) અને કારતૂસો પાછા સોંપાયા હતા.

પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ચૈન્ગાન્ગપોક્પી, પોરોમ્પેટ, ચુરાચંદપુર અને લામસાન્ગ પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા દસ હથિયારો અને કારતૂસો પાછા આપવામાં આવ્યા હતા.

ઈમ્ફાલ વેસ્ટ જિલ્લાના સૈરેમખુલમાં શોધ અભિયાન દરમિયાન ૨૦ રાઉન્ડના દારૂગોળા તથા એક મેગેઝિન સાથે આઈએનએસએએસ એલએમજી, એક એકે-૫૬ રાઈફલ, ત્રણ એસએલઆર રાઈફલ, એક એસએમજી ૯એમએમ કાર્બાઈન, એક પોઈન્ટ ૩૦૩ રાઈફલ, એક ડીબીબીએલ ગન, ડિટોનેટર વગરની ચાર ગ્રેનેડ, એક ચીની હેન્ડ ગ્રેનેડ અને બીજા હથિયારો શનિવારે જપ્ત કરાયા હતા.

સુરક્ષા દળોએ કાંગપોકપી જિલ્લા હેઠળની માર્ક હિલમાં બે ગેરકાયદે બંકર તોડી નાખાયા હતા. બીજાલ ત્રણ બંકર વાકન ટેકરીમાં તોડી નખાયા હતા.

રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ ૨૦ ફેબ્રુઆરીએ ઝઘડી રહેલા બે જૂથોને સુરક્ષા દળો પાસેથી લૂંટેલા અને ગેરકયાદે હથિયારો સ્વૈચ્છિક રીતે સાત દિવસની અંદર પાછા આપવાનો અનુરોધ કર્યો હતો. સાત દિવસના સમયગાળામાં ૩૦૦થી વધુ હથિયારો સરેન્ડર કરાયા છે. (એજન્સી)

# ગ્રેમી નોમિનેટેડ ગાયિકા એન્જી સ્ટોનનું માર્ગ અકસ્માતમાં મોત

મોન્ટગોમરી: ગ્રેમી નોમિનેટેડ આર એન્ડ બી ગાયિકા એન્જી સ્ટોનનું શનિવારે સવારે કાર અકસ્માતમાં નિધન થયું હતું. તેણી ૬૩ વર્ષના હતા. સ્ટોન ઓલ-ફીમેલ હિપ-હોપ ટ્રાયો ધ સિક્વન્સના સભ્ય હતા. તેણી તેના ગીત 'વિશ આઇ ડિડ નોટ મિસ યુ' માટે જાણીતા હતા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર સંગીત નિર્માતા અને સ્ટોનના મેનેજર વોલ્ટર મિલ્સેપ તૃતીયએ જણાવ્યું કે સવારે લગભગ ૪ વાગ્યે ગાયિકા જે વાહનમાં અલબામાથી એટલાન્ટા પાછા ફરી રહ્યા હતા તે વાહન પલટી ગયું અને એક મોટા ટ્રક સાથે અથડાયું હતું. તેમણે કહ્યું કે સ્ટોનને બાદ કરતા કાર્ગો વાનમાં બધા જ બચી ગયા હતા. અલબામા હાઇવે પેટ્રોલે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું કે ૨૦૨૧ મર્સિડીઝ-બેન્ઝ સ્પ્રિન્ટર વાન પલટી ગઇ અને પછી ટેક્સાસના ૩૩ વર્ષીય વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવી રહેલા ૨૦૨૧ ફ્રેટલાઇનર કાસ્કેડિયા ટ્રક સાથે અથડાઇ હતી. હાઇવે પેટ્રોલે જણાવ્યું કે એન્જી સ્ટોનને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ અકસ્માત મોન્ટગોમરી શહેરની હદથી લગભગ ૮ કિમી દક્ષિણમાં થયો હતો. સ્પ્રિન્ટર ડ્રાઇવર અને વાનમાં સવાર અન્ય સાત લોકોને સારવાર માટે બાપ્ટિસ્ટ મેડિકલ સેન્ટર લઇ જવામાં આવ્યા હતા. અધિકારીઓ અકસ્માતના કારણની તપાસ કરી રહ્યા છે. ગાયિકાના મેનેજરે જણાવ્યું કે તેમને આ સમાચાર એન્જી સ્ટોનના પુત્રી ડાયમંડ અને લાંબા સમયથી ધ સક્વિન્સના સભ્ય બ્લોન્ડી તરફથી મળ્યા હતા. અમને ક્યારેય આવા ભયંકર સમાચારની અપેક્ષા ન હતી. એન્જી સ્ટોનનાં બાળકો, ડાયમંડ અને માઇકલ આર્ચરે એસઆરજી ગ્રૂપ દ્વારા શેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું કે અમે હજુ પણ તેને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને ખૂબ જ દુ:ખી છીએ. તેમણે આગળ જણાવ્યું કે અમે જે અનુભવી રહ્યા છીએ તેને વ્યક્ત કરવા માટે અમારી પાસે શબ્દો નથી.

સરપંચ સંતોષ દેશમુખ હત્યા કેસ

# ખંડણી વસૂલવામાં જે આડે આવે તેને પતાવી નાખવાનો આદેશ કરાડે આપ્યો હતો

છત્રપતિ સંભાજીનગરઃ પવનચક્કી કંપની પાસેથી ખંડણી ઉઘરાવવાના પ્રયાસોને આડે જે કોઈ આવે તેને ખતમ કરી નાખવાનો કથિત આદેશ વાલ્મિક કરાડે સરપંચ સંતોષ દેશમુખ હત્યા કેસમાં સંડોવાયેલા અન્ય આરોપીઓને આપ્યો હતો.

સરપંચ દેશમુખ હત્યા કેસમાં દાખલ કરવામાં આવેલા આરોપનામા સાથે સંબંધિત એક અહેવાલને ટાંકતાં અધિકારીએ જણાવ્યું હતું કે હત્યા કેસ સાથે સંકળાયેલા બે કેસમાં મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેના નજીકના સાથી કરાડને આરોપી નંબર-૧ તરીકે દર્શાવાયો છે.

ગયા વર્ષના ડિસેમ્બરમાં અપહરણ બાદ હત્યા કરવામાં આવતાં પૂર્વે દેશમુખને અનેક વાર ધમકીઓ મળી હતી.

બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ દેશમુખની હત્યા સંબંધી ખંડણીના કેસમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ કરાડની ધરપકડ કરવામાં આવી હતી.

આ પ્રકરણની તપાસ કરનારા સ્ટેટ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટે (સીઆઈડી) ૨૭ ફેબ્રુઆરીએ ૧,૨૦૦ પાનાંનું આરોપનામું કોર્ટમાં દાખલ કર્યું હતું. પોલીસે ૧૮૦થી વધુ લોકોની પૂછપરછને આધારે ચાર્જશીટ તૈયાર કરી હતી.

બીડમાં ઊર્જા કંપનીને ખંડણી માટે ટાર્ગેટ કરવામાં અવરોધ રૂપ બનેલા દેશમુખની નવમી ડિસેમ્બરે હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે બીડના કેજ પોલીસ સ્ટેશનમાં ત્રણ અલગ અલગ એફઆઈઆર નોંધવામાં આવ્યા હતા. આ કેસમાં પોલીસે આરોપીઓ વિરુદ્ધ એમસીઓસીએ પણ લગાવ્યો હતો.

આરોપનામા સાથે જોડાયેલા અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે ૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ કરાડે આ કેસના આરોપી સુદર્શન ઘુલેને ખંડણી વસૂલવામાં જે આડે આવે તેને ખતમ કરી નાખવાનું કહ્યું હતું. કરાડ સહિત અન્યોએ અવાદા કંપની પાસેથી બે કરોડ રૂપિયાની ખંડણી માગી હતી.

આરોપીઓ આખા વિસ્તારમાં 'આતંક' ફેલાવવા માગતા હતા અને તેમના માર્ગમાં આવનારને ખતમ કરવાનું પણ તેમણે નક્કી કર્યું હતું, એવું અહેવાલમાં જણાવાયું હતું. (પીટીઆઈ) ■

# ઘાટકોપરમાં બેરોજગાર પિતાનું હિચકારું કૃત્યઃ ચાર મહિનાની બાળકીને મારી નાખી

## ગરીબીને કારણે ત્રીજા સંતાનની ઈચ્છા નહોતીઃ ઘોડિયાની રસીથી ગળું દબાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં બનેલી હિચકારી ઘટનામાં બેરોજગાર પિતાએ ચાર મહિનાની બાળકીની ઘોડિયાની રસીથી ગળું દબાવી હત્યા કરી હતી. ગરીબીને કારણે ત્રીજા સંતાનની ઇચ્છા ન હોવા છતાં જન્મેલી બાળકીને મારી નાખી હોવાનો દાવો આરોપીએ કર્યો હતો.

પંતનગર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સંજય બાબુ કોકરે (૪૦) તરીકે થઈ હતી. ઘાટકોપર પૂર્વમાં કામરાજ નગર ખાતેની ગલી નંબર-૧૦માં રહેતા આરોપીએ દાવો કર્યો હતો કે ગરીબીને કારણે ત્રીજા સંતાનનું પાલનપોષણ કરવું શક્ય ન હોવાથી તેણે આવું પગલું ભર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ કોકરે બેરોજગાર હતો. ક્યારેક તે હમાલીનાં કામ કરતો હતો. કામરાજ નગરમાં તે પત્ની શૈલા કોકરે (૩૬) અને સંતાનો સાથે રહેતો હતો.

કોકરેને બે પુત્ર છે અને તેને ત્રીજું સંતાન જોઈતું નહોતું. પત્ની ગર્ભવતી હોવાની જાણ થતાં દંપતી ગર્ભપાત માટે હૉસ્પિટલમાં ગયાં હતાં, પરંતુ પાંચ મહિનાનો ગર્ભ હોવાથી કોર્ટની પરવાનગી વિના ગર્ભપાત શક્ય ન હોવાનું ડૉક્ટરે જણાવ્યું હતું. પરિણામે ગર્ભપાત થઈ શક્યો નહોતો.

શૈલાએ ચાર મહિના અગાઉ પુત્રી શ્રેયાને જન્મ આપ્યો હતો. પુત્રીના જન્મ બાદથી કોકરે પત્ની સાથે વારંવાર ઝઘડા કરી તેની મારપીટ કરતો હતો. પત્ની ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી હતી. શુક્રવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ પત્ની કામેથી ઘરે આવી ત્યારે બાળકી ઘોડિયામાં સૂતી હતી. શૈલાએ ઉઠાડવાનો પ્રયાસ કર્યા છતાં બાળકીના શરીરમાં કોઈ હલનચલન જણાયું નહોતું. આ બાબતે શૈલાએ પૂછતાં કોકરેએ ઉડાઉ જવાબ આપ્યા હતા.

દંપતી બાળકીને નજીકની રાજાવાડી હૉસ્પિટલમાં લઈ ગયું હતું, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. બાળકીના ગળા પર નિશાન જોઈ ડૉક્ટરને શંકા ગઈ હતી. તેમણે આ બાબતે પોલીસને જાણ કરી હતી. પંતનગર પોલીસે શંકાને આધારે કોકરેની પૂછપરછ કરી હતી. શરૂઆતમાં બહાનાં કાઢનારા કોકરેએ પછી ગુનો કબૂલ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે ગરીબીને કારણે તેણે આવું કૃત્ય કર્યું હતું. ■

# સગીરા સાથે દુષ્કર્મ કરી ગર્ભપાત માટે દબાણ કરનારો પકડાયો

## સગીરાને ગર્ભપાતની દવા આપનારા ડૉક્ટરની પણ ધરપકડ

થાણેઃ ઉલ્હાસનગરમાં સગીરા સાથે દુષ્કર્મ બાદ બનાવટી દસ્તાવેજોને આધારે તેનો ગર્ભપાત કરાવનારા આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. ૧૭ વર્ષની સગીરાને ગર્ભપાત માટે દવાઓ આપનારા ડૉક્ટરને પણ પોલીસે લૉકઅપભેગો કર્યો હતો.

ઘટના સામે આવે પોલીસે વધુ તપાસ માટે ઉલ્હાસનગરની દફનભૂમિમાં દાટેલા મૃત ભ્રૂણને બહાર કાઢ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર સગીરા અને ૨૯ વર્ષનો આરોપી ઉલ્હાસનગરમાં એક જ પરિસરમાં રહે છે. ગયા વર્ષના જુલાઈમાં જમવાને બહાને આરોપીએ સગીરાને પોતાના ઘરે બોલાવી હતી. ઘટના સમયે આરોપીની પત્ની, સંતાનો અને વડીલો તેમના વતન ગયાં હતાં, એમ ઉલ્હાસનગર સેન્ટ્રલ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર શંકર અવતાડેએ જણાવ્યું હતું.

આરોપીએ અનેક વાર સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું અને તેની સાથે બનેલી ઘટનાની કોઈને જાણ ન કરવા ધમકી સુધ્ધાં આપી હતી. જોકે બાદમાં સગીરા ગર્ભવતી હોવાની જાણ થઈ હતી. આરોપીએ ગર્ભપાત માટે એક ડૉક્ટરે આપેલી દવાઓ સગીરાને આપી હતી.

ગર્ભપાતનો પ્રયાસ નિષ્ફળ જતાં આરોપીએ તેની પત્ની, માતા અને સાસુ સાથે મળી કાવતરું ઘડ્યું હતું. સગીરાના વડીલો વતન ગયા હતા ત્યારે આરોપીએ સગીરાની ખોટી ઓળખ અને ઉંમર દર્શાવતા દસ્તાવેજો ડૉક્ટર સમક્ષ રજૂ કર્યા હતા. કલ્યાણની પાલિકાની હૉસ્પિટલમાં ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. આરોપીની પત્ની અને માતાએ મૃત ભ્રૂણને દફનભૂમિમાં દાટી દીધો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. સગીરાની માતા ૨૩ ફેબ્રુઆરીએ વતનથી પાછી ફરી ત્યારે સગીરાએ તેની સાથે બનેલી ઘટનાની જાણ કરી ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી. સગીરાના વડીલોની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રમાં નવાં ૧૦ લાખ વાહનો ફરજિયાત એવા એચએસઆરપી વગર દોડી રહ્યાં છે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં છેલ્લાં પાંચ વર્ષમાં ફરજિયાત એવા હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સ (એચએસઆરપી) વગર અંદાજે ૧૦ લાખ નવાં વાહનો રસ્તા પર દોડી રહ્યાં છે, એમ સૂત્રોનું કહેવું છે.

વાહનોની ચોરી અને તેનો દુરુપયોગ ટાળવા માટે પહેલી એપ્રિલ, ૨૦૧૯થી સરકારે એચએસઆરપી ફરજિયાત બનાવી હતી અને તે બેસાડવાની જવાબદારી વાહનોના ઉત્પાદકો પર સોંપી હતી. એચએસઆરપી બેસાડવાની ડેડલાઈન હાલ ૩૦મી એપ્રિલ નક્કી કરવામાં આવી છે. આ સિવાય સરકારે પહેલી એપ્રિલ, ૨૦૧૯ પહેલાં રજિસ્ટર્ડ થયેલા અંદાજે ૨.૧૦ વાહનો માટે પણ આ સિક્યોરિટી પ્લેટ બેસાડવાનું ફરજિયાત બનાવ્યું છે.

એચએસઆરપી બેસાડવામાં આવી છે કે નહીં એ અંગે કરાયેલી એક સમીક્ષા હેઠળ જાણવા મળ્યું હતું કે. ૧.૧૫ કરોડ રજિસ્ટર્ડ વાહનમાંથી ૧.૦૫ કરોડ વાહનોમાં આ પ્લેટ બેસાડવામાં આવી છે જ્યારે ૯.૯૮ લાખ વાહનો હજી પણ આ ફરજિયાત પ્લેટ વગર જ રસ્તા પર દોડી રહ્યાં છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું, ■

# બાળકના અપહરણ અને હત્યાના કેસમાં કોર્ટે યુવાનને નિર્દોષ છોડ્યો

થાણેઃ દીવામાં ૨૦૨૨માં બનેલા અપહરણ બાદ ૧૩ વર્ષના બાળકની હત્યાના કેસમાં કોર્ટે પૂરતા પૂરાવાને અભાવે યુવાનને નિર્દોષ છોડી મૂક્યો હતો.પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે મુંબ્રાના રહેવાસી દશરથ પ્રકાશ કાકડે (૩૦)ને અપહરણ, હત્યા અને પુરાવાનો નાશ કરવાના આરોપમાં નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે ૨૮ ફેબ્રુઆરીએ આદેશ આપ્યો હતો, જેની નકલ રવિવારે પ્રાપ્ત થઈ હતી.

તપાસકર્તા પક્ષે આક્ષેપ કર્યા હતા કે કોન્ટ્રાક્ટર કાકડેએ સુરેશ ઉર્ફે રૂપેશ વિજય ગોલેનું ૧૭ એપ્રિલ, ૨૦૨૨ના રોજ કપડાં ખરીદવાને બહાને અપહરણ કર્યું હતું. બાદમાં દીવા રેલવે સ્ટેશન પાસેના જાહેર શૌચાલયમાં ગળું દબાવી તેની હત્યા કરી હતી.

ટ્રાયલ દરમિયાન બાળકની માતાએ જુબાનીમાં જણાવ્યું હતું કે ઘટનાની બપોરે ત્રણ વાગ્યે કાકડેએ તેના પુત્રનું અપહરણ કર્યું હતું. જોકે ઘટનાના ૧૧ દિવસ પછી તેનું નિવેદન નોંધાયું હોવાથી તેની વિશ્વસનીયતા પ્રત્યે કોર્ટે સવાલ ઊભો કર્યો હતો.

પોલીસે પુરાવા તરીકે સીસીટીવી ફૂટેજ રજૂ કર્યા હતાં, જેમાં બાળક આરોપી સાથે જતો નજરે પડે છે. જોકે ફૂટેજ કાયદાને અનુરૂપ ન હોવાથી કોર્ટે તેને સ્વીકાર્યા નહોતાં.

ફરિયાદ પક્ષે એવી પણ દલીલ કરી હતી કે કાકડે જ પોલીસને બાળકના મૃતદેહ પાસે લઈ ગયો હતો. જોકે કોર્ટે જાહેર શૌચાલયમાં અનેક લોકોની આવજા થતી હોવાથી કોર્ટે આ દાવાની ખરાઈ સામે પણ પ્રશ્ન કર્યો હતો. આવા અનેક મુદ્દાને આધારે કોર્ટે પુરાવાના અભાવે કાકડેને નિર્દોષ જાહેર કર્યો હતો. (પીટીઆઈ) ■

# LUXE વેડિંગ વર્લ્ડ ૨૦૨૫



મુંબઈઃ લાંબા વિરામ પછી, આઈકોનિક LUXE વેડિંગ વર્લ્ડ ૨૦૨૫ અંતે મુંબઈમાં એક એલિવેટેડ નવા અવતારમાં હાજર. ભારતનો સૌથી વૈભવી અને સૌથી મોટો બ્રાઈડલ શોકેસ જેમાં ટોચના ઈન્ફીનાઈટ લાઈનઅપ તથા ઊભરતા બ્રાઈડલ કોચર ડીઝાઈનર્સ, જ્વેલર્સ, ફેશન અને એસેસરી લેબલ્સ, બ્યુટી અને વેલનેસ બ્રાન્ડસ તથા લક્ઝરી ગિફ્ટિંગ સોલ્યુશન્સ, બેસ્પોક વેડિંગ સર્વિસીઝ અને કેટલાક આંતરરાષ્ટ્રીય સરપ્રાઈઝનો સમાવેશ થાય છે. અહીં સેલિબ્રિટી મેકઅપ કલાકારો અને ફેશન સ્ટાઈલીસ્ટને મળી શકાશે ૪ થી અને ૫મી માર્ચ JW મેરીઓટ મુંબઈ જુહુ. તમારા લગ્નના સપનાંને વાસ્તવિક્તામાં ફેરવવા માટે અમારી સાથે જોડાઓ. તમે દુલ્હન હો, વરરાજા હો કે પછી સિરિયલ વેડિંગ હોપર હો આ એક એવો કાર્યક્રમ છે જે તમારે ચૂકી ન જવો જોઈએ. ■

# મીરા-ભાયંદરમાં ૧૨૦૮ વૃક્ષો કાપવાની હિલચાલ સામે ઉગ્ર વિરોધ

મીરા-ભાયંદરઃ કાણકિયા રોડ પર આવેલા જ્ઞાન જ્યોતિ સાવિત્રીબાઇ ફૂલે ઉદ્યાનમાંથી ૧૨૦૮ વૃક્ષો કાપી નાખવાની મીરા-ભાયંદર પાલિકાની યોજનાને કારણે નાગરિકો અને પર્યાવરણીપ્રેમીઓમાં હાલમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. અહીંના સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ના વિસ્તરણ માટે આ વૃક્ષો કાપવામાં આવનાર છે. આ ઉદ્યાનાં સ્થાનિક અને જોગર્સની હંમેશા અવરજવર હોય છે ત્યારે આ અંગે નિર્ણય લેવામાં પારદર્શકતાનો અભાવ હોવાનો આક્ષેપ પણ કરાઇ રહ્યો છે.

પ્રદૂષિત શહેરમાં આ હરિયાળીવાળું ઉદ્યાન હૃદય સમાન હોવાનું સ્થાનિકોનું કહેવું છે. મીરા-ભાયંદર પાલિકાએ દાવો કર્યો છે કે વૃક્ષોને અન્ય જગ્યાએ સુરક્ષિત રીતે ફરી ઉગાવવામાં આવશે, પરંતુ ત્યાં વૃક્ષો જીવંત રહેશે કે નહીં એવી ચિંતા નાગરિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સિવાય મીરા-ભાયંદર પાલિકાએ વૃક્ષો કાપવા અંગે જાહેરાત કરી હોવાનો દાવો કર્યો છે, જ્યારે ઉદ્યાનમાં આવતા સ્થાનિકો અને જોગર્સનું કહેવું છે કે તેઓને આ અંગે કોઇ ખબર જ નથી. વૃક્ષો કાપવાની પ્રક્રિયામાં પારદર્શકતા લાવવામાં આવે એવી માગણી સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી છે. ■


દશાશ્રીમાળી ઝાલાવાડી શ્વે.મૂ. જૈન



ગં.સ્વ.રાજુલબેન વિનુભાઇ ઉમેદચંદ શાહ

ઉ.વર્ષ ૯૦ - અરિહંત શરણઃ ૧-૩-૨૫

પુત્રી: સ્વ.દામોદરદાસ કરસનદાસ શાહ
માતુશ્રી: સ્વ.શૈલેષભાઇ, સીમાબેન - પ્રકાશભાઇ, સેજલબેન - કુનાલભાઇ
પુત્રવધુ: લીનાબેન શૈલેષભાઇ શાહ
ભાભી: સ્વ.રમણીકભાઇ, સ્વ.ચંપકભાઇ, સ્વ.નવીનચંદ્ર, સ્વ.સુરેશભાઇ, સ્વ.પદ્માબેન, કોકીલાબેન, સ્નેહલતાબેન, સરોજબેન
દાદી: શૈલી - બિમલભાઇ, સુલસા, સુનયના - પ્રતીકભાઇ
નાની: આશિતા, નેહા, અનુજ, કિશન
બેન: સ્વ.ચિતરંજનદાસ, હેમંતભાઇ, સ્વ.રંજનબેન, હસુબેન, ઊર્મિબેન, સ્વ.કાન્તાબેન

પ્રાર્થના સભા
મંગળવાર, તા.૪-૩-૨૫,
સમયઃ સવારે ૧૦.૩૦ થી ૧૨
સ્થળઃ વાય.બી.ચૌહાણ ઓડિટોરિયમ, ૪ થે માળે, જે.બી.રોડ, નરીમાન પોઇન્ટ, મુંબઇ-૪૦૦૦૨૧.

કચ્છી ભાટિયા



વિઠ્ઠલદાસ ભાઈ (ઉંમર ૯૯)

સ્વ. મેનુબાઇ લક્ષ્મીદાસ ના સુપુત્ર
સ્વ. અ.સૌ. ઇન્દુબેન ના પતિ
સ્વ. લક્ષ્મીબેન નારાણદાસ આશર ના જમાઈ
સ્વ. ચારૂલતા ચંદ્રસિંહ સંપટ ના ભાઈ
હર્ષા - યજ્ઞેશ ના પિતાશ્રી
સ્વ. યોગેશ - અ.સૌ. મીના ના સસરા
અ.સૌ. સોનાલી વિવેક વેદ -
અ.સૌ. ફાલ્ગુની યોગી ભીમાણી ના દાદા
સ્વ. પ્રાગજીભાઇ,
સ્વ. પરમાનંદભાઈ,
સ્વ. આણંદજીભાઈ ડોસા ના ભાણેજ
સ્વ. જયાબેન,
સ્વ. સુશીલાબેન,
જયસિંહભાઈ, દિલીપભાઈ,
સ્વ. રણજીતભાઈ, વિનોદભાઈ,
પ્રતાપભાઈ, પ્રવિણભાઈ, સ્વ. અરૂણભાઈ ના બનેવી.
શનિવાર તા. ૦૧.૦૩.૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

પ્રાર્થના સભા
સોમવાર તા. ૦૩.૦૩.૨૦૨૫ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ લાયન્સ કોમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ, મુંબઈ ૪૦૦૦૭૭ રાખેલ છે.

પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે


# કુરિયર કંપનીની ઑફિસમાંથી ૧.૮૫ કરોડની રોકડ ચોરનારા બનાસકાંઠાના બે પકડાયા

## નોકરે જ વતનના બે મિત્રની મદદથી કરાવી ચોરીઃ રેલવે પોલીસની સતર્કતાથી આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ગિરગામ પરિસરમાં આવેલી કુરિયર કંપનીની ઑફિસમાંથી ૧.૮૫ કરોડ રૂપિયા ચોરવાના કેસમાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં રહેતા બે આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. કંપનીના નોકરે જ વતનના બે મિત્રની મદદથી ચોરી કરાવી હતી, પરંતુ રેલવે પોલીસની સતર્કતાથી આરોપી ઝડપાઈ ગયો હતો. ફરાર આરોપીના ઘરમાંથી પણ ૫૧ લાખ રૂપિયા હસ્તગત કરાયા હતા.વી. પી. રોડ પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ ધનજી પ્રવીણ સિંહ રાજપૂત (૨૦) અને વિજય માનાજી રાજપૂત (૧૯) તરીકે થઈ હતી. આરોપીઓના ફરાર સાથી હિતેશ રાજપૂત (૨૦)ની પોલીસ શોધ ચલાવી રહી છે.પોલીસ ફરિયાદ અનુસાર આરોપી વિજય રાજપૂત ગિરગામની એક કુરિયર કંપનીની ઑફિસમાં કામ કરતો હતો. ઑફિસનું કામકાજ વિજય અને નરેશને સોંપવામાં આવ્યું હતું. ૨૧ ફેબ્રુઆરીએ ફરિયાદીની ઑફિસમાં આવેલી ૧.૮૫ કરોડની રોકડ કબાટમાં રાખવામાં આવી હતી. બીજે દિવસે નરેશે ફરિયાદીને કૉલ કરી કબાટમાંની રોકડ ચોરાઈ હોવાની જાણ કરી હતી.ફરિયાદીએ ઑફિસની બહાર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં ઘટનાની સવારે વિજય ઑફિસ બંધ કરીને કામ નિમિત્તે બહાર ગયા પછી માસ્ક પહેરેલા બે શખસ ત્યાં આવ્યા હતા. ડુપ્લિકેટ ચાવીની મદદથી ઑફિસ ખોલીને બન્ને જણે રોકડ ચોરી હતી. આ પ્રકરણે વી. પી. રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.પોલીસના જણાવ્યા મુજબ ચોરીનું કાવતરું વિજયે ઘડ્યું હતું અને તેના વતન બનાસકાંઠામાં રહેતા મિત્ર ધનજી અને હિતેશને ડુપ્લિકેટ ચાવી પૂરી પાડી ચોરી કરવા કહ્યું હતું. ધનજી વતન જવા માટે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને પહોંચ્યો ત્યારે રેલવે પોલીસને તેની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. પોલીસે ધનજી પાસેની બૅગ તપાસતાં એક કરોડ રૂપિયા મળ્યા હતા. ધનજી પકડાયો હોવાનું જોઈ તેની પાછળ આવેલો હિતેશ રફુચક્કર થઈ ગયો હતો. ■

# શિંદે પહેલા મોહન ભાગવતને પૂછે કે મહાકુંભમાં કેમ ન ગયાઃ રાઉત

મુંબઈઃ પ્રયાગરાજમાં હાલમાં સમાપન થયેલા મહાકુંભ મેળામાં હાજરી ન આપનારા શિવસેના-યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ટીકા કરી હતી. આ બાબતે શિવસેના-યુબીટીના નેતા સંજય રાઉતે શિંદેની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે ભાજપે નાયબ મુખ્ય પ્રધાનને કેવી રીતે સવાલો પૂછવા જોઇએ તે માટેની તાલીમ આપવી જોઇએ,

શિંદેની ભૂલને કારણે હવે ભાજપ અને તેના નેતાઓ ઉદ્ધવ ઠાકરે કરતા વધુ ઉઘાડા પડી રહ્યા હોવાનો દાવો પણ રાઉતે કર્યો હતો.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૧૩મી જાન્યુઆરીથી ૨૬મી ફેબ્રુઆરી સુધી મહાકુંભ મેળાનું આયોજન કરાયું હતું જેમાં દેશ-વિદેશની મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો.

આ કુંભમેળામાં પવિત્ર સ્નાન કરવા બદલ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની આકરી ટીકા કરી હતી. એ બાબત પર પ્રતિક્રિયા વ્યક્ત કરતા રાઉતે કહ્યું હતું કે શિંદેએ સૌથી પહેલા આ સવાલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતને કરવો જોઇએ. જો ભાગવત હિન્દુ થઇને મહાકુંભમાં નથી ગયા તો ઉદ્ધવ ઠાકરેને શા માટે લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે.

આરએસએસના સ્થાપક ડૉ. કે. બી. હેડગેવાર અથવા અગાઉના સંઘના વડા જેમ કે એમ. એસ. ગોવાલકર, બાળાસાહેબ દેવરસ, રાજુ ભૈયા અને કે. સુદર્શનના દેશમાં કોઇ પણ કુંભમેળામાં ભાગ લીધા હોવાના ફોટા જોયા નથી. જ્યારે કે હિન્દુત્વ વિચારધારા ધપાવતા વિનાયક દામોદર સાવરકરે પણ મહાકુંભની મુલાકાત ક્યારેય લીધી નહોતી, એમ રાઉતે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લક્ષ્ય બનાવતા રાઉતે કહ્યું હતું કે વડા પ્રધાન બનવા પહેલા મોદીએ ક્યારેય મહાકુંભ મેળાની મુલાકાત લીધી છે. આ બધુ બીજું કંઇ નહીં, પણ પબ્લિસિટી સ્ટન્ટ છે. ■

# ઈર્ષ્યાને કારણે ૧૩ વર્ષના છોકરાએ બાળકીની હત્યા કરી

પાલઘરઃ ઈર્ષ્યાને પગલે ૧૩ વર્ષના છોકરાએ સિરિયલ કિલર પર આધારિત એક હિન્દી ફિલ્મથી પ્રેરણા લઈ છ વર્ષની બાળકીની કથિત હત્યા કરી હોવાની ઘટના નાલાસોપારામાં બની હતી.

પેલ્હાર પોલીસના જણાવ્યા મુજબ બાળકીનો મૃતદેહ રવિવારના મળસકે ૪.૩૦ વાગ્યાની આસપાસ શ્રીરામ નગર ટેકરી પરથી મળી આવ્યો હતો.

આ કેસમાં પોલીસે નાલાસોપારામાં રહેતા ૧૩ વર્ષના છોકરાને તાબામાં લીધો હતો. મૃતક છોકરાની પિતરાઈ બહેન છે. ઘરના સભ્યો પિતરાઈ બહેનને વધુ લાડ કરતા હોવાની ઈર્ષ્યાને પગલે છોકરાએ આવું પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું, એમ પેલ્હાર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર જિતેન્દ્ર વનકોટીએ જણાવ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર બાળકી શનિવાર સાંજથી અચાનક ગુમ થઈ ગઈ હતી. વડીલોએ આ બાબતે પોલીસ ફરિયાદ કરી હતી. ■

# બ્રાઝિલની મહિલાના પેટમાંથી કોકેન ભરેલી ૧૦૦ કૅપ્સ્યૂલ્સ મળીઃ ૧૧ કરોડનું કોકેન જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બ્રાઝિલથી આવેલી માહિલાના પેટમાંથી કોકેન ભરેલી ૧૦૦ કૅપ્સ્યૂલ્સ મળી આવતાં જપ્ત કરાયેલા કોકેનની કિંમત અંદાજે ૧૧ કરોડ રૂપિયા હોવાનું ડીઆરઆઈના અધિકારીએ જણાવ્યું હતું.

મળેલી માહિતીને આધારે ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના અધિકારીઓએ સાઉ પાઉલોથી આવેલી મહિલાને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર રોકી હતી. ડ્રગ્સની તસ્કરીની શંકા પરથી મહિલાના સામાનની તપાસ કરવામાં આવી હતી. જોકે તેના સામાનમાંથી ડ્રગ્સ મળ્યું નહોતું.

અધિકારીઓએ કરેલી પૂછપરછમાં મહિલાએ કબૂલ્યું હતું કે તે ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને ભારત આવી છે. તસ્કરીને ઇરાદે કોકેન ભરેલી ૧૦૦ કૅપ્સ્યૂલ્સ મહિલા ગળી ગઈ હતી.

કોર્ટની પરવાનગીથી મહિલાને જે. જે. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેના પેટમાંથી ૧૦૦ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢવામાં આવી હતી. કૅપ્સ્યૂલ્સમાંથી ૧,૦૯૬ ગ્રામ કોકેઈન મળી આવ્યું હતું, જેની કિંમત અંદાજે ૧૧ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મહિલા વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધી કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું. મહિલા ભારતમાં આ ડ્રગ્સ ક્યાં પહોંચાડવાની હતી અને તેણે ડ્રગ્સ ક્યાંથી પ્રાપ્ત કર્યું હતું તેની તપાસ અધિકારીઓ કરી રહ્યા છે. ગુનામાં સંડોવાયેલા મહિલાના સાથીઓની વિગતો પણ મેળવવામાં આવી રહી છે. ■


પરમાર્થી અને પરોપકારી કર્મયોગીને ભાવભરી સ્મૃતિ વંદના



સ્વ. પ્રાણલાલ છગનલાલ દેસાઇ (ગોડા)
જન્મ : ૧૩.૦૮.૧૯૦૯ સ્વર્ગવાસઃ ૦૩.૦૩.૧૯૯૮

માનવ સેવા અને સમાજ સેવા એજ ધર્મ અને ધ્યેય હોવા જોઈએ એવી ભાવના સાથે જેઓ સદાયે જરૂરતમંદોને અને ઘણા બધાને સહાયરૂપ અને માર્ગદર્શનરૂપ રહયા, સામાજિક, શૈક્ષણિક, તબિબિ, વ્યાવહારિક, કૌટુંબિક, ધાર્મિક, વ્યવસાયિક તેમજ પરોપકારી બાબતો અને પ્રવૃત્તિઓમાં જેમનું સેવાકિય યોગદાન વિશિષ્ટ અને ઉદાહરણરૂપ રહયું.

એવા પરમાર્થી અને પરોપકારી પિતાશ્રીની પુણ્ય-તિથિએ તેમને અમારા સહુની ભાવાંજલિ, સ્મૃતિ વંદના.

પ્રાણલાલ છગનલાલ દેસાઈ (ગોડા) પરિવાર



## એક જ મૅચમાં ભારતના ચાર સ્પિનર, સાડાપાંચ દાયકા પહેલાંનું પુનરાવર્તન

ભારતની એક જ ટીમમાં મુખ્ય ચાર સ્પિનર રમ્યા હોય એવું પુનરાવર્તન ગઈ કાલે દુબઈમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચમાં જોવા મળ્યું હતું. આ મૅચમાં રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવનો સમાવેશ હતો. સાડાપાંચ દાયકા પહેલાં એક ટેસ્ટ એવી રમાઈ હતી જેમાં એ સમયના ભારતના ટોચના ચાર સ્પિનર સામેલ હતા. એમાં બિશનસિંહ બેદી, એરાપલ્લી પ્રસન્ના, ભાગવત ચંદ્રશેખર તથા શ્રીનિવાસ વેન્કટરાઘવનનો સમાવેશ હતો.

# કોહલીના ૩૦૦મી મૅચમાં માત્ર ૧૧ રન, ફિલિપ્સનો જૉન્ટી જેવો ડાઈવિંગ કૅચ

## ‘પ્રૅક્ટિસ મૅચ’માં ભારતનો ધબડકો, રોહિત અને ગિલ પણ ફ્લૉપ

દુબઈઃ ભારતે અહીં ગઈ કાલે ન્યૂ ઝીલૅન્ડ સામે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પ્રૅક્ટિસ મૅચ જેવા મુકાબલામાં બૅટિંગ મળ્યા પછી ધબડકાથી શરૂઆત કરી હતી અને વિશેષ વાત તો એ છે કે વિરાટ કોહલીએ ૩૦૦મી વન-ડેનો કીર્તિમાન નોંધાવ્યો હતો, પણ આ જ મૅચમાં તે ફ્લૉપ ગયો. તે ફક્ત ૧૧ રનના પોતાના સ્કોર પર પેસ બોલર મૅટ હેન્રીના શૉર્ટ અને વાઇડ બૉલમાં સ્મૅશ કરવાના પ્રયાસમાં કૅચ આપી બેઠો હતો.

કોહલી સહિત કોઈએ પણ ધાર્યું નહીં હોય કે ગ્લેન ફિલિપ્સ જમણી તરફ ડાઇવ મારીને એવો અદ્ભુત કૅચ પકડશે કે જે જોઈને સાઉથ આફ્રિકાના મહાન ફીલ્ડર જૉન્ટી રહોડ્સની યાદ તાજી થઈ જશે.

કોહલીએ ૧૩ બૉલમાં બે ફોર સહિત ૧૧ રન બનાવ્યા હતા અને ૧૪મા બૉલમાં વિકેટ ગુમાવી બેઠો હતો.

ભારત અને ન્યૂ ઝીલૅન્ડ, બન્ને દેશ સેમિ ફાઇનલમાં સ્થાન મેળવી ચૂક્યા છે એટલે આ મૅચ તેમના માટે પ્રૅક્ટિસ જેવી હોવાથી એમાં બન્ને ટીમના તમામ ખેલાડીઓની કસોટી પણ થવાની હતી.

કોહલીની ત્રીજી વિકેટ વખતે ભારતનો સ્કોર માત્ર ૩૦ રન હતો. શ્રેયસ ઐયર અને અક્ષર પટેલે ધબડકો રોક્યો હતો, પણ શરૂઆતમાં વાઇસ કૅપ્ટન શુભમન ગિલ (બે રન) અને કૅપ્ટન રોહિત શર્મા (૧૫ રન)ની વિકેટનો આઘાત પણ ટીમને લાગી ચૂક્યો હતો. ગિલને હેન્રીએ એલબીડબ્લ્યૂ કર્યો હતો, જ્યારે રોહિતની વિકેટ કાઇલ જૅમિસને લીધી હતી.





એ પહેલાં, ભારતે જે પ્લેઇંગ-ઇલેવન જાહેર કરી એ મુજબ એમાં ચાર સ્પિનરનો સમાવેશ છે. રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તી ભારતને જિતાડશે એવી ટીમ મૅનેજમેન્ટે આશા રાખીને તેમને ચારેયને એક ટીમમાં સમાવ્યા હતા. ■

# શ્રેયસ તારણહાર બન્યો, પણ ધીમી બૅટિંગનો પોતાનો જ રેકૉર્ડ તોડ્યો

દુબઈઃ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગઈ કાલે ગ્રૂપ ‘એ’ના છેલ્લા અને (સેમિ ફાઇનલની હરીફ ટીમો નક્કી કરવા વિશેના) મહત્ત્વના મુકાબલામાં ટીમ ઇન્ડિયાના મિડલ-ઑર્ડરના ભરોસાપાત્ર બૅટર શ્રેયસ ઐયરે (૭૯ રન, ૯૮ બૉલ, ૧૨૨ મિનિટ, બે સિક્સર, ચાર ફોર) એક છેડો સાચવી રાખીને ભારતીય ટીમનો ધબડકો તો રોક્યો હતો, પણ એવું કરવા જતાં તે પોતાનો જ એક નકારાત્મક વિક્રમ તોડી બેઠો હતો.

શ્રેયસે ૭૯ રન ૯૮ બૉલમાં ૮૦.૬૧ના સ્ટ્રાઇક-રેટ સાથે બનાવ્યા હતા. તેણે હાફ સેન્ચુરી પૂરી કરવા માટે ૭૫ બૉલ લીધા હતા જે સાથે વન-ડેમાં તેની સૌથી ધીમી હાફ સેન્ચુરીનો વિક્રમ બન્યો છે. ૨૦૨૨ની સાલમાં શ્રેયસે વેસ્ટ ઇન્ડિઝ સામેની એક વન-ડેમાં ૭૪ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. જોકે અહીં દુબઈમાં તેણે પોતાનો જ ધીમી બૅટિંગનો એ રેકૉર્ડ તોડી નાખ્યો.

બીજી નવાઈની વાત એ છે કે તેણે છેક ૩૧મા બૉલ પર પ્રથમ ફોર ફટકારી હતી. જેના પરથી સ્પષ્ટ થાય છે કે તે કેટલું બધુ ધીમું રમ્યો હતો. જોકે એવું કરીને તેણે ભારતનો ધબડકો રોક્યો પણ હતો. તે રોહિત શર્મા (૧૫ રન)ની બીજી વિકેટ પડ્યા બાદ વિરાટ કોહલી (૧૧ રન) સાથે જોડાયો હતો.

જોકે ત્યાર બાદ થોડી જ વારમાં વિરાટે ગ્લેન ફિલિપ્સના અદ્ભુત વન-હૅન્ડેડ ડાઇવિંગ કૅચમાં વિકેટ ગુમાવી હતી અને પછી શ્રેયસ સાથે અક્ષર પટેલ જોડાયો હતો જેમણે ચોથી વિકેટ માટે ૯૮ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી.



૩૦ વર્ષનો શ્રેયસ મુંબઈનો છે. તેણે રવિવારની મૅચ પહેલાં ૬૭ વન-ડેમાં પાંચ સેન્ચુરી અને એકવીસ હાફ સેન્ચુરીની મદદથી ૨,૬૭૩ રન બનાવ્યા હતા. ૧૪ ટેસ્ટમાં તેના નામે ૮૧૧ રન અને ૫૧ ટી-૨૦માં ૧,૧૦૪ રન છે. ■

# વિરાટના અણનમ ૧૦૦ રન વખતે અનુષ્કા દુબઈમાં નહોતી, હવે 300મી મૅચનો ફ્લૉપ-શો જોવો પડ્યો!

દુબઈઃ વિરાટ કોહલીએ ગઈ કાલે ૩૦૦મી વન-ડે રમીને અનોખો વર્લ્ડ રેકૉર્ડ પોતાના નામે કર્યો હતો, પરંતુ આ કીર્તિમાન બાદ તે પત્ની અનુષ્કા શર્માની હાજરીમાં ફક્ત ૧૧ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ દુબઈમાં ભારતે પાકિસ્તાનને વિરાટના અણનમ ૧૦૦ રનની મદદથી હરાવ્યું ત્યારે અનુષ્કા દુબઈના સ્ટેડિયમમાં હાજર નહોતી, પણ હવે ગઈ કાલે ન્યૂ ઝીલૅન્ડ સામે તે માત્ર ૧૧ રન પર આઉટ થયો એ જોઈને તેણે હતાશ થવું પડ્યું હતું.

ન્યૂ ઝીલૅન્ડના ટોચના બૅટર્સમાં ગણાતા ગ્લેન ફિલિપ્સે જમણા હાથે વિરાટનો અદ્ભુત ડાઇવિંગ કૅચ પકડ્યો હતો. વિરાટની ઇનિંગ્સ ફક્ત ૧૪ બૉલ સુધી જ ટકી શકી હતી.

ફિલિપ્સે જમણી દિશામાં ડાઇવ મારીને એક હાથે કૅચ પકડીને સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ખેલાડી અને ક્રિકેટજગતના સર્વશ્રેષ્ઠ ફીલ્ડર ગણાતા જૉન્ટી રહોડ્સની યાદ અપાવી હતી. ફિલિપ્સે ડાઇવિંગમાં કૅચ પકડતાં જ ખુદ વિરાટ પણ ચોંકી ગયો હતો અને સ્ટૅન્ડમાં બેઠેલી પત્ની અનુષ્કાએ માથે હાથ દઈને હતાશા બતાવી હતી.

૨૩મી ફેબ્રુઆરીએ વિરાટે પાકિસ્તાન સામે જે અણનમ ૧૦૦ રન બનાવ્યા ત્યાર બાદ તે ગળાના ચેનમાં ભરાવેલી વેડિંગ રિંગને ચૂમી રહેલો જોવા મળ્યો હતો. જોકે ઑનલાઇન જોવા મળેલા તેના એ ઘટનાના ફોટા પરથી તેના ચાહકોએ અટકળ કરી હતી કે તે પત્ની અનુષ્કા સાથે ત્યારે વીડિયો-કૉલ પર હતો.

અનુષ્કા ઘણા સમયથી ફિલ્મ ક્ષેત્રથી દૂર છે. વિરાટ-અનુષ્કાને બે સંતાન છે. પુત્રીનું નામ વામિકા અને પુત્રનું નામ અકાય છે. ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીની કરીઅર પર આધારિત બાયોપિક (‘ચકદા એક્સપ્રેસ’)માં અનુષ્કાએ ઝુલનની ભૂમિકા ભજવી છે. જોકે આ ફિલ્મ હજી રિલીઝ નથી થઈ. ■



વિરાટ કોહલી 300 વન-ડે ઉપરાંત ૧૦૦-પ્લસ ટેસ્ટ અને ૧૦૦-પ્લસ ટી-૨૦ રમનાર વિશ્વનો પહેલો જ ખેલાડી બન્યો છે. (પીટીઆઇ)

# અભૂતપૂર્વ સંયોગ...સેમિ ફાઇનલની ચારેય ટીમ દુબઈમાં હતી!

દુબઈઃ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં એક એવી અસાધારણ પરિસ્થિતિ જોવા મળી જેમાં પહેલી વાર આઇસીસી ઇવેન્ટની બન્ને સેમિ ફાઇનલની કુલ ચારેય ટીમ એક જ શહેરમાં ભેગી થઈ અને એવા સંજોગોમાં એકત્રિત થઈ જેમાં ચારેય ટીમને સેમિમાં પોતાની સામે કઈ હરીફ ટીમ આવશે એની જાણ નહોતી.

ભારત માટે આ ટૂર્નામેન્ટમાં દુબઈનું નૅશનલ સ્ટેડિયમ હોમ-ગ્રાઉન્ડ છે અને ન્યૂ ઝીલૅન્ડ સામે એનો ગઈ કાલે આ જ સ્થળે પ્રૅક્ટિસ મૅચ જેવો મુકાબલો થયો.

આ અભૂતપૂર્વ સ્થિતિ વિશે ભૂતપૂર્વ અને વર્તમાન, બન્નેના ખેલાડીઓ વચ્ચે થોડા મતમતાંતર છે અને આઇસીસી પણ ચર્ચાના કેન્દ્ર સ્થાને છે.

બેમાંથી એક સેમિ ફાઇનલ દુબઈમાં રમાવાની છે અને એમાં ભારતનું નામ ઘણા દિવસોથી હતું.

દરમ્યાન, ગ્રૂપ ‘બી’ની બે ટીમ સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ યોગ્ય પ્રૅક્ટિસ તથા આરામ માટે દુબઈ પહોંચી ગયા હતા. શુક્રવારે વરસાદને કારણે લીગ મૅચ ધોવાઈ જતાં ઑસ્ટ્રેલિયાએ સેમિમાં એન્ટ્રી કરી હતી અને અફઘાનિસ્તાનનો આધાર શનિવારની સાઉથ આફ્રિકા અને ઇંગ્લૅન્ડ વચ્ચેની મૅચના પરિણામ પર નિર્ભર હતો. સાઉથ આફ્રિકાએ બ્રિટિશરોને ૩૯ ઓવરની અંદર ઑલઆઉટ કર્યા એ સાથે અફઘાનિસ્તાનની પણ આ સેમિ ફાઇનલની રેસમાંથી બાદબાકી થઈ ગઈ હતી.

ગઈ કાલની મૅચ પહેલાંની સ્થિતિ એવી હતી જેમાં જો ભારત રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે જીતે તો ગ્રૂપ ‘એ’માં ટૉપ કરે એટલે એણે મંગળવારની સેમિમાં ગ્રૂપ ‘બી’ની બીજા નંબરની ટીમ એટલે કે ઑસ્ટ્રેલિયા સામે રમવાનું આવે. જો ભારત રવિવારે હારે તો બીજા નંબર પર રહી જાય એટલે એણે હરીફ ગ્રૂપની ટોચની ટીમ એટલે કે સાઉથ આફ્રિકા સામે રમવું પડે. જોકે હવે સેમિ ફાઇનલની હરીફ ટીમો નક્કી થઈ ગઈ છે.

સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર માર્કો યેનસેન સહિત ઘણા ખેલાડીઓ કહી ગયા છે કે ભારતને એક જ સ્થળે (દુબઈમાં) રમવાનું મળ્યું એનો ભારતીય ખેલાડીઓને ઘણો ફાયદો થયો છે. ■





હાર્દિક પંડ્યાએ ગઈ કાલે ૪૫ બોલમાં ૪૫ રન કર્યાં હતા

# ‘સ્થાનિક ક્રિકેટમાં ફરજિયાત રમવું સારું છે, પરંતુ ખેલાડીઓને આરામ આપવો પણ જરૂરી’: શિખર ધવન

દુબઇઃ ભારતના ભૂતપૂર્વ ઓપનર શિખર ધવને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના તમામ ખેલાડીઓ માટે ઘરેલુ ક્રિકેટમાં ફરજિયાત રમવાના નિર્ણયને સમર્થન આપ્યું છે, પરંતુ ધવને સંતુલિત અભિગમ અપનાવવાની પણ વાત કરી હતી જેથી ખેલાડીઓ થાકી ન જાય. ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારો શિખર ધવન અહીં ચાલી રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીના ચાર ‘ટૂર્નામેન્ટ એમ્બેસેડર’ પૈકી એકના રૂપમાં હાજર છે. રવિવારે ભારતે પાકિસ્તાનને છ વિકેટથી હરાવીને સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું.

મેચ જોયા પછી ધવન ભારતીય ડ્રેસિંગ રૂમમાં પણ ગયો હતો. મેચ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમને પૂછવામાં આવ્યું કે શું બીસીસીઆઇ એ ખેલાડીઓ માટે રણજી ટ્રોફી જેવી ટૂર્નામેન્ટ્સમાં રમવાનું ફરજિયાત બનાવીને યોગ્ય કાર્ય કર્યું છે? જેના જવાબમાં ધવને કહ્યું હતું કે ‘આ ખૂબ જ સારો નિર્ણય છે.’ મારો મુદ્દો એ છે કે ખેલાડીઓ પર વધુ પડતો બોજ ન નાખવો જોઈએ. પણ લોકો તેના પર નજર રાખશે. ધવને કહ્યું હતું કે, ‘આ સારી વાત છે કે હાલના ખેલાડીઓએ પણ ઘરઆંગણે રમવું જોઈએ. જેમ વિરાટ થોડા અઠવાડિયા પહેલા (દિલ્હી માટે) રમ્યો હતો અને સ્ટેડિયમ ખૂબ જ ખીચોખીચ ભરેલું હતું.’ સાથે જ તેમને પૂરતો આરામ પણ મળવો જોઈએ.

બીસીસીઆઇનો આ નિર્દેશ ભારતના ઓસ્ટ્રેલિયાના નિરાશાજનક ટેસ્ટ પ્રવાસ બાદ આવ્યો છે જેમાં ટીમ ૧-૩થી હારી ગઈ હતી અને એક દાયકામાં પહેલી વાર બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ગુમાવી હતી. બોર્ડની સૂચનાઓનું પાલન કરીને રોહિત શર્મા, કોહલી અને યશસ્વી જયસ્વાલ જેવા ખેલાડીઓએ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા તેમની રાજ્યની ટીમો તરફથી ઓછામાં ઓછી એક મેચ રમી હતી.

ધવને રોહિતની પ્રશંસા કરી હતી. પાકિસ્તાન સામેની મેચમાં કેપ્ટન રોહિત શર્મા ૨૦ રન ફટકારીને આઉટ થયો હતો. ૩૯ વર્ષીય ધવને કહ્યું હતું કે ૨૦૧૩માં શરૂ થયેલી કારકિર્દીમાં તેણે જે કંઈ પણ મેળવ્યું છે તેનાથી તે સંતુષ્ટ છે. તેમણે ભારત માટે ૩૪ ટેસ્ટ, ૧૬૭ વનડે અને ૬૮ ટી-૨૦ મેચ રમી હતી અને તમામ ફોર્મેટમાં ૧૦,૦૦૦થી વધુ રન ફટકાર્યા હતા. ■

## જય શાહને પ્રતિષ્ઠિત પુરસ્કાર



આઈસીસીના સૌથી યુવા અધ્યક્ષ જય શાહને તાજેતરમાં મુંબઈમાં ફૉર્બ્સ ઈન્ડિયા લિડરશિપ અવૉર્ડ્સ (૨૦૨૫)ની ૧૪મી સીઝનના સમારોહમાં આઇકન ઑફ એક્સેલન્સ અવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. ક્રિકેટના વહીવટમાં અસાધારણ અને નોંધપાત્ર યોગદાન આપવા બદલ તેમને આ પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.


# ઑસ્ટ્રેલિયનોએ ભારતીય મૂળના વિશ્વવિક્રમી સ્પિનર હર્ષિત સેઠ સહિત સાત સ્પિનરની મદદ લીધી

દુબઈઃ અહીં એક તરફ દુબઈ નૅશનલ સ્ટેડિયમમાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની મહત્ત્વપૂર્ણ મૅચ ચાલી રહી હતી ત્યાં બીજી બાજુ દુબઈમાં જ હેડ-ક્વૉર્ટર ધરાવનાર આઇસીસીની ઍકેડેમીના મેદાન પર સ્ટીવ સ્મિથના સુકાનમાં ઑસ્ટ્રેલિયન ટીમના બૅટર્સે ભારતીય મૂળના યુવા સ્પિનર હર્ષિત સેઠ સહિત કુલ સાત નેટ બોલર પાસે બોલિંગ કરાવીને બૅટિંગ-પ્રૅક્ટિસ કરી હતી. આ સાતેય સ્પિનર હતા.

સ્મિથ અને ટ્રૅવિસ હેડે થોડી જ બૅટિંગ પ્રૅક્ટિસ કરી હતી, પરંતુ ટીમના યુવા ખેલાડીઓએ ઘણી વાર સુધી સ્પિનરના સ્પિનમાં પોતાની બૅટિંગને મજબૂત કરવા પર ધ્યાન આપ્યું હતું.

આ તમામ સ્પિનર આઇસીસી ઍકેડેમી સાથે જોડાયેલા છે અને હર્ષિત સેઠ મૂળ ભારતનો છે. લેફ્ટ-આર્મ સ્પિનર હર્ષિતે થોડા સમય પહેલાં એક અનોખો વર્લ્ડ રેકૉર્ડ પોતાના નામે કર્યો હતો. તેણે દુબઈમાં અન્ડર-૧૯ ગ્લોબલ લીગ ટૂર્નામેન્ટમાં ડબલ હૅટ-ટ્રિક લેનાર વિશ્વનો સૌથી યુવા બોલર બન્યો હતો. તેણે ૨૦૨૧માં પાકિસ્તાનની અન્ડર-૧૯ ટીમ સામેની મૅચમાં લાગલગાટ છ બૉલમાં છ વિકેટ લીધી હતી. રવિવારની પ્રૅક્ટિસ બાદ હર્ષિત સેઠે પીટીઆઇને જણાવ્યું હતું કે ‘ઑસ્ટ્રેલિયાના બૅટર્સે અમને અમુક ખાસ લેન્ગ્થમાં બૉલ ફેંકવા કહ્યું હતું જેમાં તેઓ આસાનીથી ડ્રાઇવ અને ફ્લિક કરી શકે.

હર્ષિત સેઠ યુએઇ વતી ઘણી મૅચો રમી ચૂક્યો છે. ■





યુએઇનો ભારતીય મૂળનો સ્પિનર હર્ષિત સેઠ

# વિદર્ભનું ત્રણ હજારના હોમ-ક્રાઉડની હાજરીમાં ત્રીજું રણજી ટાઇટલ

## કેરળ રનર-અપઃ વિદર્ભનો યશ રાઠોડ બૅટિંગમાં અને હર્ષ દુબે બોલિંગમાં મોખરે

નાગપુરઃ અહીં રમાયેલી રણજી ટ્રોફીની ફાઇનલ ગઈ કાલના પાંચમા અને છેલ્લા દિવસે ડ્રૉમાં જવા છતાં વિદર્ભએ પ્રથમ દાવની સરસાઈને આધારે ૩,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં વિજય મેળવી લીધો હતો અને એ સાથે વિદર્ભએ ત્રીજી વાર આ સર્વોચ્ચ ડોમેસ્ટિક સ્પર્ધાનું ચૅમ્પિયનપદ હાંસલ કર્યું છે. આ પહેલાં વિદર્ભની ટીમ ૨૦૧૮માં અને ૨૦૧૯માં ચૅમ્પિયન બની હતી.

૨૦૨૩-’૨૪ની સીઝનમાં મુંબઈ ચૅમ્પિયન બની જતાં વિદર્ભની ટીમ રનર-અપ બની હતી એટલે ત્યારે ત્રીજું વિજેતાપદ મેળવવાની એની આશા પર પાણી ફરી વળ્યું હતું, પરંતુ ગઈ કાલે અક્ષય વાડકરના સુકાનમાં અને ઉસમાન ઘનીના કોચિંગમાં વિદર્ભએ એ સપનું સાકાર કરી લીધું હતું.

વિદર્ભએ પ્રથમ દાવમાં ડેનિશ માલેવારના ૧૫૩ રન અને કરુણ નાયરના ૮૬ રનની મદદથી ૩૭૯ રન બનાવ્યા હતા જેના જવાબમાં પહેલી જ વાર રણજી ફાઇનલમાં પહોંચેલી કેરળની ટીમે ૩૪૨ રન બનાવ્યા હતા. એ ત્રીજો દિવસ હતો અને વિદર્ભએ ત્યારે ૩૭ રનની સરસાઈ લીધી ત્યારે જ મોટા ભાગે નક્કી થઈ ગયું હતું કે આ વખતે ચૅમ્પિયન તો વિદર્ભ જ બનશે.

સચિન બૅબીના સુકાનમાં કેરળે વિદર્ભને જોરદાર લડત આપી હતી, પણ વિદર્ભના ખેલાડીઓને અથાક મહેનત અને શિસ્તબદ્ધ રમતનું ફળ મળ્યું છે. થોડા જ અઠવાડિયા પહેલાં વિદર્ભએ ૫૦ ઓવરની વિજય હઝારે ટ્રોફીમાં રનર-અપની ટ્રોફી મેળવી હતી.

### ડ્રૉની જાહેરાત સાથે વિદર્ભની ઉજવણી

વિદર્ભનો કરુણ નાયર શનિવારે બીજા દાવમાં ૧૩૨ રન પર નૉટઆઉટ હતો, પણ ગઈ કાલે તે બીજા ફક્ત ત્રણ રન ઉમેરી શક્યો હતો અને તેને તેના ૧૩૫ રનના સ્કોર પર નાગપુરમાં જ રહેતા કેરળના બોલર આદિત્ય સરવટેએ આઉટ કરી દીધો હતો. ત્યાર પછી બીજા બૅટર્સની નાની ઇનિંગ્સ વચ્ચે દર્શન નાલકંડેએ અણનમ ૫૧ રન બનાવીને વિદર્ભની ટીમને બીજા દાવમાં ઑલઆઉટ નહોતી થવા દીધી અને વિદર્ભનો સ્કોર ૩૭૫/૯ હતો ત્યારે મૅચને ડ્રૉ જાહેર કરવામાં આવી હતી અને વિદર્ભના ખેલાડીઓની વિજેતાપદની ઉજવણી શરૂ થઈ ગઈ હતી.



### વિદર્ભનું સંપૂર્ણ પ્રભુત્વ

વિદર્ભની ટીમ લીગ રાઉન્ડમાં સાતમાંથી છ મૅચ જીતીને ચારેય ગ્રૂપમાં મોખરે રહી હતી. નૉકઆઉટ રાઉન્ડમાં કેરળે જમ્મુ-કાશ્મીરને એક રનના તફાવતથી અને પછી ગુજરાતને બે રનના તફાવતથી હરાવીને પ્રગતિ કરી હતી, જ્યારે વિદર્ભએ આઠ આઉટરાઇટ વિન હાંસલ કર્યા હતા. આઉટરાઇટ વિન એટલે એવી મૅચના વિજય જેમાં ટીમને પ્રથમ દાવની સરસાઈને આધારે નહીં, પણ ચડિયાતા પર્ફોર્મન્સ બદલ સીધો વિજય મળે. વિદર્ભએ ક્વૉર્ટરમાં તામિલનાડુને ૧૯૮ રનથી અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈને ૮૦ રનથી પરાજિત કર્યું હતું. એકંદરે, આ વખતની રણજી સીઝનમાં વિદર્ભની ટીમ ૧૦માંથી નવ મૅચમાં વિજયી થઈ જે એના પ્રભુત્વનો પુરાવો છે.

### કોને કયો અવૉર્ડ? દુબેને અશ્વિનની ટિપ્સ ફળી

પ્રથમ દાવમાં ૧૫૩ રન અને બીજા દાવમાં ૭૩ રન બનાવનાર વિદર્ભના ડેનિશ માલેવારને મૅન ઑફ ધ ફાઇનલનો અવૉર્ડ અપાયો હતો. પુણેમાં રહેતા વિદર્ભના લેફ્ટ-આર્મ સ્પિનર હર્ષ દુબેને મૅન ઑફ ધ ટૂર્નામેન્ટના પુરસ્કારથી નવાજવામાં આવ્યો હતો. આ વખતની રણજી ટ્રોફીમાં તમામ બોલર્સમાં હર્ષ દુબે ૬૯ વિકેટ સાથે મોખરે હતો. તેણે રવિચન્દ્રન અશ્વિન પાસેથી મળેલી ટિપ્સની મદદથી ૧૦ મૅચમાં ૪૭૬ રન પણ બનાવ્યા હતા. વિદર્ભનો જ લેફ્ટ-હૅન્ડ બૅટર યશ રાઠોડ ૯૬૦ રન સાથે તમામ બૅટર્સમાં અવ્વલ હતો.



વિદર્ભનો સુકાની અક્ષય વાડકર

### રણજીના ટોચના ત્રણ ખેલાડી

**બૅટિંગઃ** (૧) વિદર્ભનો યશ રાઠોડ (૯૬૦ રન), (૨) મધ્ય પ્રદેશનો શુભમ શર્મા (૯૪૩ રન) અને (૩) હૈદરાબાદનો તન્મય અગરવાલ (૯૩૪ રન)

**બોલિંગઃ** (૧) વિદર્ભનો હર્ષ દુબે (૬૯ વિકેટ), (૨) જમ્મુ-કાશ્મીરનો ઔકિબ નબી (૪૪ વિકેટ) અને (૩) મુંબઈનો શમ્સ મુલાની (૪૪ વિકેટ)

**નોંધઃ** (૧) હર્ષ દુબેની ૬૯ વિકેટ એક જ રણજી સીઝનમાં સૌથી વધુ વિકેટનો નવો વિક્રમ છે. તેણે બિહારના આશુતોષ અમનનો ૬૮ વિકેટનો રેકૉર્ડ તોડ્યો છે. (૨) ઔકિબ નબી ચડિયાતી બોલિંગ ઍવરેજ (૧૩.૯૩)ને કારણે શમ્સ મુલાની (૨૩.૫૨) કરતાં એક ડગલું આગળ રહ્યો. ■

ધર્મતેજ

# સત્સંગઃ સર્વકાલ રામ સ્મરણ

મનન
હેમંત વાળા
feedback@bombay samachar.com



સતત રામ સ્મરણ થવું જોઈએ. સતત શ્રી રામના ચરણકમળનું ધ્યાન ધરાવું જોઈએ. સતત મનન-ચિંતન શ્રીરામ લક્ષી હોવું જોઈએ. ચિત્તમાં હંમેશાં શ્રીરામની છબી અંકિત થયેલી રહેવી જોઈએ. જો અહંકાર હજુ શેષ વધ્યો હોય તો તે શ્રીરામ સમર્પિત હોવો જોઈએ. આગળ-પાછળ, ઉપર-નીચે, ડાબે-જમણે, દરેક સ્થાને શ્રીરામના દર્શન થવા જોઈએ. ભૂત, વર્તમાન, ભવિષ્ય, પ્રત્યેક વાસ્તવિક તેમ જ કાલ્પનિક કાલખંડમાં શ્રીરામના અસ્તિત્વની જ પ્રતીતિ થવી જોઈએ. અંદર, બહાર, મધ્યે અને સર્વત્ર જે શ્રીરામની આણ પ્રવર્તે છે તેની ખાતરી હોવી જોઈએ. દૃષ્ટા દર્શન અને દૃશ્યમાં શ્રીરામના જ સ્વરૂપ દેખાવા જોઈએ. આ બધું ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિના જીવનમાં સત્સંગનો પ્રવેશ થાય. સત્સંગ સત્પુરુષનો હોઈ શકે, ગુરુદેવનો હોઈ શકે, ઈશ્વરના અન્ય કોઈ આકસ્મિક પ્રતિનિધિ સાથે હોઈ શકે, શાસ્ત્રનો હોઈ શકે, સૃષ્ટિના સમીકરણ સાથેનો હોઈ શકે અને અહિંસક પ્રાણી સાથે પણ હોઈ શકે. નાનું બાળક પણ સત્સંગની કેટલીક પ્રાથમિક બાબતો દર્શાવી શકે.

સત્સંગને કારણે ઘણા ગૂઢ રહસ્ય ઉજાગર થઈ શકે. તેનાથી કર્મ અને કર્મફળના સિદ્ધાંત જાણમાં આવે, સૃષ્ટિના ચાલક નિયમો સમજમાં આવે, ઈશ્વરના અસ્તિત્વ માટે વિશ્વાસ જાગ્રત થાય, સૃષ્ટિમાં પ્રવર્તમાન ન્યાય માટે શ્રદ્ધા જાગે, કારણ અને પરિણામ વચ્ચેનો સંબંધ સમજમાં આવે, પોતાની રૂચિ અનુસારના કોઈ ચોક્કસ માર્ગ માટે માર્ગદર્શન મળી રહે, ઈચ્છાશક્તિ દૃઢ બની શકે અને આ બધા સાથે અંતિમ સ્થાને પહોંચવાની ખાતરી પણ મળે. સત્સંગ એક અદ્ભુત અને મહાન ઘટના છે જે લક્ષ્ય-સ્થાપન અને પ્રવાસ બંનેમાં અગમ્ય રીતે સહાયભૂત થઈ શકે.

શ્રી કાકભુશુણ્ડિ ઋષિની વાતમાં શિવજી શ્રીરામ મહિમા માટેની વાત કરે છે. જેહિ મહું આદિ મધ્ય અવસાના દ્વારા એમ જાણવામાં આવે છે કે આદિ મધ્ય અને અંતમાં પ્રતિપાદન તો ભગવાન શ્રી રામચંદ્રજીનું જ થતું હોય છે. સંતો દ્વારા જે શ્રી હરિકથાનું પઠન-શ્રવણ કરવામાં આવે છે તેના કેન્દ્રમાં શ્રીરામ હોય છે. તેમની કથાના સાનિધ્યમાં બધા જ સંદેશ અને સંશય નાશ પામે છે. આ માટે લાંબા સમયનો સત્સંગ જરૂરી છે. જેટલા સમય સુધી સત્સંગ વધુ થશે તેટલા સમય શ્રીરામનું સ્મરણ વધતું જાય.

શ્રીહરિ કથા સત્સંગને કારણે સાંભળવા મળી શકે. પરમ જ્ઞાની તથા કથાકાર જે તે આધ્યાત્મિક પરિસ્થિતિને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત કરી શકે. આવી શ્રી હરિ કથાના શ્રવણથી જ મોહ, લોભ, કામ, ક્રોધ ક્રમશઃ નાશ પામે અને શ્રી રામચંદ્રજીના ચરણમાં દૃઢ અનુરાગ ઉત્પન્ન થાય. આધ્યાત્મિક વિશ્વમાં યોગ, તપ, જ્ઞાન, વૈરાગ્ય જેવાં સાધનોનું પણ મહત્ત્વ છે. પણ આ બધા સાથે જો સત્સંગ જોડાઈ જાય તો પ્રવાસ સરળ પણ બને અને સફળ બનવાની સંભાવના પણ વધી જાય. સત્સંગ દ્વારા જે હરિકથાનું અમૃત કાનમાં પ્રવેશે તેનાથી મનનું શુદ્ધિકરણ પણ થતું હોય છે.

હરિકથા માટે, સત્સંગ માટે સત્પુરુષ- સદ્ગુરુનું સાંનિધ્ય જરૂરી છે. આવી વ્યક્તિની હાજરીમાં સંશયનો ઉકેલ તથા જરૂરી માર્ગદર્શન મળતાં રહે, જે માર્ગે પ્રવાસ કરવાનો છે તે માટે સ્પષ્ટતા રહે, માર્ગમાં આવનારી સંભવિત મુશ્કેલી માટે પ્રથમથી ચેતવણી મળી જાય અને બચાવ માટેની પદ્ધતિઓ માટે પણ જાણ કરવામાં આવે. તે બધા સાથે સત્સંગથી મનનો ભટકાવ અટકે, મન ચોક્કસ કાર્યહેતુ માટે કેન્દ્રિત થાય, શુદ્ધ, સાત્વિક અને પવિત્ર બાબતોમાં સમગ્ર અસ્તિત્વ પરોવાયેલું રહે, ઇચ્છિત પરિણામ માટે વિશ્વાસ જાગ્રત થાય, સૃષ્ટિનાં સમીકરણોમાં શ્રદ્ધા જાગે, ઈશ્વરનાં ન્યાય માટે કોઈપણ પ્રકારની શંકા ન રહે અને યોગ્ય સમય થયે ઈશ્વર હાથ પકડશે જ એની ખાતરી થાય.

સત્સંગ થકી જીવનમાં શ્રી રામચંદ્રજી આદર્શ અને મર્યાદાના પ્રતીક તરીકે સ્થાપિત થાય. સત્સંગ થકી શ્રી રામચંદ્રજીના જીવનને આધારે જે સિદ્ધાંતો સ્થાપિત થાય તે ધ્યાનમાં આવે અને તે પ્રમાણે અનુસરણ કરવાની પ્રેરણા મળે. સત્સંગ થકી તકલીફ માટેની સ્વીકૃતિ વધતી જાય, એ સમજમાં આવે કે જો શ્રી રામચંદ્રજીના જીવનમાં પણ તકલીફો આવતી હોય તો આપણે તો સામાન્ય માનવી છીએ. પછી તકલીફ તકલીફ ન જણાય. પછી મુશ્કેલી પણ એક સામાન્ય ઘટના બની રહે. પછી પ્રત્યેક અડચણનું નિરાકરણ આપમેળે દેખાવા માંડે. પછી પ્રત્યેક પરિસ્થિતિ આશીર્વાદ સમાન જણાય. સત્સંગ એક અનેરી ઘટના છે.

સત્સંગને કારણે ચિત્તની શુદ્ધિ થાય. આમ થતાં ચારે તરફ શ્રીરામની અનુભૂતિ થાય, શ્રી રામના જીવનના મૂલ્યો સમજમાં આવે, શ્રી રામના આદર્શ પાળવા માટે પ્રોત્સાહન મળે, કૌટુંબિક તેમ જ સામાજિક સંબંધોમાં શ્રીરામના સિદ્ધાંતોનું અનુકરણ કરવાની પ્રેરણા મળે અને ચારે તરફ જાણે શ્રીરામનો પ્રસાર થઈ રહે. સત્સંગને કારણે શ્રી રામની જે બાબતો ઉજાગર થાય એ બાબતો જાણે સર્વત્ર પ્રસરી રહે.

સનાતનની સંસ્કૃતિમાં સત્સંગનું મહત્ત્વ ઘણું ઊંચું છે. સત એટલે સત્ય અને સંગ એટલે તેની સાથેનું જોડાણ. સત્સંગને કારણે સત્ય અને ધર્મ સાથેનું જોડાણ સહજતાથી ઊભું થઈ શકે છે. શ્રી કાકભુશુણ્ડિ જેવા મહાત્માએ પણ સત્સંગના મહત્વને સમજાવવા પ્રયત્ન કર્યો છે. શુકદેવજી પણ આ માટે પોતાની રીતના પ્રયત્નો ચાલુ રાખે છે. સનતકુમાર પણ સત્સંગને એક યોગ્ય માધ્યમ તરીકે સ્થાપિત કરે છે. પુરાણોમાં પણ સત્સંગનું મહાત્મ્ય દર્શાવતી દૃષ્ટાંત કથા વણાયેલી છે. પ્રાચીન મહર્ષિઓથી શરૂ કરીને અત્યારના ભક્ત કવિઓએ પણ સત્સંગના મહત્ત્વ વિશે વાત કરી છે. સાંપ્રત સમયમાં પણ કેટલાંક યોગ્ય અને જ્ઞાની મહાત્માઓ સત્સંગના સિદ્ધાંતને આગળ વધારે છે. સત્સંગને કારણે જ ઈશ્વરની, સૃષ્ટિની, સર્જનની અને સંભવિત પ્રલયની વાસ્તવિકતા જાણમાં આવે છે. ■

# વ્યક્તિએ મૌન રાખવું જોઈએ, કારણ કે વાચિક જૂઠ વૈશ્વિક પર્યાવરણને દૂષિત કરે છે



માનસ મંથન
મોરારિબાપુ
feedback@ bombaysamachar.com



આ કથામાં મૌન વિષય પર કંઈક કહેવાની ભગવાન પ્રેરણા કરે છે. મારા દાદા, સદગુરુ ભગવાન બહુ જ મૌન રહ્યા. વ્રતના રૂપમાં ધારણ કરેલું એવું કોઈ એમનું મૌન ન હતું, પરંતુ સહજ સ્વભાવ હતો.. 'માનસ'ના આધારે મૌન પર નવ દિવસ બોલીશ. મૌનનો પહેલો ફાયદો છે કે આપણે વાચિક અસત્યથી બચી જઈએ છીએ. આપણને વાચિક અસત્યથી મુક્તિ મળી જાય છે. કેમ કે મૌન હશું તો આપણે વાણીથી ખોટું નહીં બોલીએ. ભલે મનમાં ખોટું હોય, એ બધી વાત જુદી છે. મૌનનો પહેલો ફાયદો એ છે કે આપણે વાતચીત જૂઠથી બચી જઈએ છીએ. અધ્યાત્મની દ્રષ્ટિએ વાતચીત જૂઠ પર્યાવરણને બહુ જ દૂષિત કરે છે. આપણે આકાશમાં વાચિક જૂઠના એટલાં બધાં વાદળો રચી દીધાં છે કે વરસાદને વરસવું હોય તો પણ નથી વરસી શકતો ! આ વાત આજે નહીં સમજાય. મૌનનો પહેલો ફાયદો હું બતાવી રહ્યો છું. આમ તો હું કોઈ ફાયદાવાળી કથા કહેતો જ નથી કે આપ આમ કરશો તો આ ફાયદો થશે કે તે ફાયદો થશે. ફાયદાની વાત જ અમારી પાસે નથી. છતાં પણ ગુરુકૃપાથી જે કંઈ મારો અનુભવ છે એને આધારે હું મૌનના ફાયદા બતાવીશ. એક-એક દિવસનો એક-એક ફાયદો.

પહેલા દિવસનો ફાયદો. આપણે વાતચીત જૂઠથી બચી જઈએ છીએ. મૌન છે એટલે મજબૂરીથી પણ બોલી નથી શકતા. વાચિક જૂઠથી સમાજ મુક્ત થવો જોઈએ; વિશ્વમાં પ્રદૂષણની જે સમસ્યા છે એ ઓછી થઈ શકે છે. વાચિક જૂઠથી બચવાને કારણે બીજો ફાયદો એ થશે કે ધીરે ધીરે આપણી ગ્લાનિ ઓછી થશે.આપણે જૂઠું બોલી તો નાખીએ છીએ પરંતુ આત્મા તો એનો સાક્ષી છે; એ મનમાં ગ્લાનિ જન્માવે છે. ભલે આપણે જાહેર ન કરીએ પરંતુ આપણે જૂઠું બોલીએ છીએ ત્યારે ગ્લાનિ તો પેદા થાય જ છે.

એક નાનો એવો પ્રદેશ હતો. એમાં બધા લોકો સફેદ કપડાં જ પહેરતા હતા. આમ તો નાગરિકોને પૂરતી સ્વતંત્રતા હતી. કોઈ રાજા કે કોઈનો આદેશ ન હતો કે આપ સૌ પોતાનો ગણવેશ સફેદ જ રાખો, પરંતુ આખા પ્રદેશમાં બધા સફેદ કપડાં જ પહેરતા હતા. એ પ્રદેશમાં એક સાધુ હતા, જે કેવળ કાળા કપડાં જ પહેરતા હતા. હશે ભારતના ઉદાસીન સમુદાયના કોઈ મહાપુરુષ; હશે કોઈ કાળી કામળી ઓઢનારા સૂફી; હશે કોઈ મીરાના સંપ્રદાય મુક્ત નર્તક. તો એક સાધુ હતા જે કાળા કપડાં જ પહેરતા હતા... બાકી આખો પ્રદેશ સફેદ વસ્ત્રમાં હતો. એ પ્રદેશનો રિવાજ હોય કે જે હોય તે. કેટલાક લોકોએ એ મહાત્માને પૂછ્યું કે અહીં કોઈ પ્રતિબંધ નથી પરંતુ આપ એક માત્ર એવા વ્યક્તિ છો કે જે કાળા કપડાં પહેરો છો; તો અમારા મનમાં એવી જિજ્ઞાસા જન્મી છે કે એની પાછળનું રહસ્ય શું છે? અલબત્ત, આપ સ્વતંત્ર છો પરંતુ અમે જાણવા માગીએ છીએ. મહાત્માએ બહુ સુંદર વાત કરી. જે કાળા કપડા પહેરતા હતા એ સાધુએ કહ્યું, સફેદ વસ્ત્રોમાં જૂઠ આસાનીથી છુપાવી શકાય છે. હું એ સાધુની વાતમાં એડ કરું કે એમાં પણ જો ખાદીના કપડા સફેદ હોય તો જૂઠ બહુ આસાનીથી છુપાવી શકાય છે. મારો કહેવાનો મતલબ આપ સમજશો. આખું ગામ એ સાધુના કહેવાનો મર્મ સમજી ગયો પરંતુ પૂછ્યું કે હવે આપ બતાવો, આપ કાળા કપડા શા માટે પહેરો છો ? સાધુએ કહ્યું, હું જેવો અંદર છું એવો જ બહાર દેખાવા માગું છું. આપણે ખોટું બોલીને કે પછી ચાલાકી, નેટવર્ક, હોશિયારી, ચતુરાઈ કે લુચ્ચાઈ કરીને ભલે આપણે આપણું કામ કરાવી લઈએ છીએ, પરંતુ આત્મા તો એનો સાક્ષી છે; એ બોલતો નથી પણ તે જાણે તો છે; એટલે એક ગ્લાનિ પેદા થાય છે. તો બાપ ! મૌનથી વાચિક જૂઠ છૂટી જાય છે.

વાણીના દંડનું નામ છે મૌન. મૌન ધારણ કરો એવી સમજણ દીક્ષા છે. થોડું મૌન શીખી લો. સપ્તાહમાં એક વાર, ક્યારેક મહિનામાં એક વાર મૌન રાખો અથવા તો જરૂર પૂરતું જ બોલો. હું તો કહું છું કે જયારે જન્મદિન આવે ત્યારે તમે જેટલાં વર્ષના થાય હો એટલા કલાકનું મૌન રાખો! તમે સાંઠ વર્ષના થયા હો તો સાંઠ કલાકનું મૌન! ઘરના લોકો રાજી થશે ! મારાં યુવાન ભાઈ-બહેનો, ત્રિદંડી સંન્યાસનો પહેલો દંડ છે વાણીનો દંડ જેને વ્યાસપીઠ કહે છે. જેટલાં વર્ષ થયા હોય એટલા દિવસ નહીં તો એટલા કલાક મૌન રાખો. સાંઠ વર્ષની ઉંમર થઇ હવે તો સાંઠ કલાક મૌન રાખો. અને અનુકૂળતા હોય તો મૌનમાં કાંઈ સંકેત પણ ન કરો. નહીં તો લોકો મૌનમાં ઈશારા બહુ કરે છે ! મૌનનો બહુ મહિમા છે, મૌનની બહુ તાકાત છે. ત્રિદંડી સંન્યાસમાં મૌન એ વાણીનો દંડ છે. આ વિજય કહી રહ્યો હતો કે આપણે અહીંયા આવ્યા ૨૧ તારીખે ત્યારે 'વિશ્વશાંતિ' દિવસ હતો; ઇન્ટરનેશનલ પીસ ડે હતો. બોલવાથી ખૂબ જ અશાંતિ પેદા થાય છે. રોજ શાંતિદિવસ મનાવવો હોય તો મૌન રહો. મૌન શાંતિ દાતા છે. કાલે કહ્યો એ પહેલો ફાયદો; મૌન વાચિક અસત્યથી બચાવે છે. જૂઠ બોલવાથી બચાવે છે. મૌન સંઘર્ષથી દૂર કરે છે, શાંતિ આપે છે, એ એક બીજો ફાયદો. ગાંધીજી અઠવાડિયામાં એકવાર સોમવારે મૌન રહેતા હતા. એમણે કહ્યું હતું કે જેમને સત્યની સાધના કરવી હોય એમણે મૌન રહેવું ખૂબ જ જરૂરી છે. રમણ મહર્ષિ અરુણાચલમની ગુફામાં બહુધા જિંદગીભર મૌન રહ્યા. શ્રી અરવિંદે વર્ષો સુધી મૌન રાખ્યું. મૌનનો એક મહિમા છે. ઠાકોરનું મૌન તો બોલતું હતું ! એ તો સાવ અભણ હતા. અરવિંદ તો ખૂબ ભણેલા ગણેલા માણસ; વિલાયતમાં ઉચ્ચ અભ્યાસ કર્યો અને કેવા સરસ પદ પર એમણે કામ કર્યું હતું ! તો મૌનનો બીજો ફાયદો છે શાંતિ. સૂફીઓની જુબાનમાં ઇસ્લામનો અર્થ છે મૌન. અને ક્યારેક ક્યારેક માણસ મૌન રહે છે તો ઘણું નુકસાન પણ થાય છે દ્રૌપદી કોમલાંગી છે અને ત્યાં દુઃશાસનના હાથ હાથીની સૂંઢ જેવા છે.

દુઃશાસન જયારે દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચવાની કોશિશ કરે છે ત્યારે ભીષ્મનું ચૂપ રહેવું એ મૌન કોઈ ઉપલબ્ધિ નથી કરાવી શકતું. એ વખતે કંઈક બોલવું જોઈતું હતું. ક્યારેક ક્યારેક આપણું મૌન વિપત્તિસર્જક હોય છે. શરૂઆતમાં થોડી મુશ્કેલી થશે પરંતુ શબ્દોનું મૌન શાંતિ આપશે અથવા તો બીજા શબ્દો કહું તો સમ્યક બોલવું એ પણ મૌન છે. તો, મૌનને કારણે શાંતિ મળે છે, વૈશ્વિક પર્યાવરણ સુધરે છે.

- સંકલનઃ જયદેવ માંકડ ■

# વિષ્ણુભગવાન અસ્તિત્વને ધારણ કરી રાખનાર મહાચૈતન્ય છે

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombay samachar.com

(ગતાંકથી ચાલુ)

જનલોક, તપોલોક અને સત્યલોક.

આ ચૌદ લોકરૂપી બ્રહ્માંડની નીચે અચિતનો સાગર છે. આ અચિતના સાગરને કારણવારિ પણ કહેવામાં આવે છે. સ્થૂળ અને સૂક્ષ્મ જગત આ અચિતના સાગરમાંથી પ્રગટે છે. સાગરનો અર્થ અહીં પાણીનો સાગર નથી. પાણી તો પાંચ મહાભૂતોમાંનું એક છે. આપણે જોઈએ છીએ તે પૃથ્વી પરનો સાગર તે અચિતનો સાગર નથી, તે સાગર તો પૃથ્વીનો એક ભાગ છે.

પૃથ્વી સ્થૂળ સ્વરૂપ ધારણ કરે, પંચભૂતાત્મક સ્વરૂપ ધારણ કરે તે પહેલાં તે કારણસ્વરૂપે ક્યાં હોય છે? કારણવારિમાં જ હોય છે. બ્રહ્માંડના ચૌદ લોક તે અસ્તિત્વની ચૌદ ભૂમિકા છે. સૌથી નીચેની ભૂમિકા પાતાલ છે અને સૌથી ઉપરની ભૂમિકા સત્યલોક અર્થાત બ્રહ્મલોક (બ્રહ્માજીનો લોક) છે. પૃથ્વી બીજરૂપે અચિતના સાગરમાં હોય છે, ત્યાંથી વિકસતી-વિકસતી પાતાલ આદિ લોકની ભૂમિકાઓમાંથી પસાર થતી-થતી ભૂલોકની અવસ્થામાં પૃથ્વીલોકરૂપે તે પ્રગટ થાય છે.

પૃથ્વીના ઉદ્ધારની પ્રસ્તુત કથામાં પૃથ્વી સાગરના તળિયે રસાતલમાં પડેલી છે તેમ બતાવેલ છે તેનો અર્થ એમ છે કે પૃથ્વી અચિતના સાગરમાંથી પાતાલની ભૂમિકા પસાર કરીને રસાતલની ભૂમિકામાં અવસ્થિત છે. આ અપ્રગટ પૃથ્વી ભૂલોકની અવસ્થામાં આવીને સ્થૂળ તથા દૃશ્યમાન સ્વરૂપ ધારણ ન કરે, નક્કર પૃથ્વીલોક ન બને ત્યાં સુધી વસવાટ માટેનું યોગ્ય સ્થાન બની શકે નહીં.

૩. પૃથ્વીનું રસાતલમાં જવું એટલે શું?

બ્રહ્માંડલીલામાં બે પ્રક્રિયા ચાલે છેઃ સર્ગ અને અપસર્ગ અથવા ઉત્ક્રાંતિ (evolution) અને અપક્રાંતિ (involution): મહાકારણમાંથી કારણ, કારણમાંથી સૂક્ષ્મ સૃષ્ટિ સૃષ્ટિમાંથી સ્થૂળ સૃષ્ટિ - આમ સર્જનની પ્રક્રિયા ચાલે છે. તે જ રીતે સ્થૂળમાંથી સૂક્ષ્મ, સૃષ્ટિમાંથી સ્થૂળ સૂક્ષ્મમાંથી કારણ અને કારણમાંથી મહાકારણ - આ રીતે વિપરીત ક્રમ પણ ચાલે છે. અચિતના સાગરમાંથી પાતાલ આદિ લોકમાંથી બ્રહ્મલોક સુધીની અભિવ્યક્તિ (manifestation)ની પ્રક્રિયા ચાલે છે. તે જ રીતે બ્રહ્મલોકથી અચિતના સાગર સુધીની વિપરિત પ્રક્રિયા પણ ચાલે છે. આ ક્રમ પ્રમાણે પૃથ્વીનું સ્વરૂપ વિપરીત ક્રમે અચિતના સાગર પ્રત્યે જવાની પ્રક્રિયા પણ બને છે. આ ક્રમ પ્રમાણે પૃથ્વી રસાતલલોકની નિમ્ન અવસ્થામાં સરી પડે ત્યારે તે ઘટનાને એમ કહીને બતાવવામાં આવે છે કે પૃથ્વી રસાતલમાં ચાલી ગઈ હતી.

૪. ભગવાન વરાહ કોણ છે?

વરાહ ભગવાન વિષ્ણુનો એક અવતાર છે, અર્થાત એ વિષ્ણુનું જ એક સ્વરૂપ છે. વિષ્ણુભગવાન અસ્તિત્વને ધારણ કરી રાખનાર મહાચૈતન્ય છે. ઉત્ક્રાંતિની પ્રક્રિયાને આધાર ભગવાન વિષ્ણુ જ આપે છે. તેથી રસાતલમાં રહેલી પૃથ્વીને પુનઃ પોતાના સ્થાને, ભૂલોકમાં પ્રતિષ્ઠિત કરવાનું કાર્ય ભગવાન વિષ્ણુ જ કરી શકે, ભગવાન વિષ્ણુની શક્તિ બ્રહ્માંડીય ઉત્ક્રાંતિને આધાર આપે છે, શક્તિ આપે છે, વેગ આપે છે, આ શક્તિ જ્યારે તે કાર્યને અનુરૂપ સ્વરૂપ ધારણ કરે તે સ્વરૂપને જ વરાહાવતાર કહે છે. આમ ભગવાન વરાહ એટલે બ્રહ્માંડીય ઉત્ક્રાતિના અધિષ્ઠાતા દેવ. ભગવાન વરાહ એટલે વિષ્ણુનું જ એક સ્વરૂપ છે.



૫. હિરણ્યાક્ષ કોણ છે?

હિરણ્યાક્ષ એટલે બ્રહ્માંડીય ઉત્ક્રાતિમાં અવરોધ ઊભો કરનાર વિરોધી તત્ત્વ. પરમાત્માની યોજનામાં સહાય કરનાર તત્ત્વોને દેવો અને બાધા ઊભી કરનાર તત્ત્વોને અસુરો કહે છે. ઉત્ક્રાંતિ પરમાત્માની દિવ્ય યોજના (Divine Plan) છે. આ દિવ્ય યોજનાના ક્રમમાં ઈન્દ્ર, વરુણ, અગ્નિ, સૂર્ય, અશ્વિનીકુમારો, પૂષા, અર્યમા આદિ દેવો સહાય કરે છે, તેથી તેમને વિષ્ણુના સહાયકો ગણવામાં આવે છે. અસુરો પરમાત્માની દિવ્ય યોજનામાં બાધારૂપ બને છે, તેથી તેમને અસુરો અર્થાત વિષ્ણુના વિરોધીઓ ગણવામાં આવે છે. દિવ્ય યોજના અનુસાર બ્રહ્માંડીય ઉત્ક્રાંતિમાં બાધા ઊભી કરનાર અસુર તે હિરણ્યાક્ષ છે.

૬. પૃથ્વી માનવ-વસવાટને લાયક બની એટલે શું?

પૃથ્વી જ્યાં સુધી નક્કર, સ્થૂળ સ્વરૂપ ધારણ ન કરે ત્યાં સુધી તેના પર માનવનો વસવાટ શક્ય બને નહીં, માનવ પોતે પંચભૂતાત્મક સ્થૂળ શરીરધારી છે, તેથી તેના વસવાટ માટે તેને અનુરૂપ નક્કર, સ્થૂળ પંચભૂતાત્મક સ્થાન જ જોઈએ. તેવું સ્થાન તે પૃથ્વી, પરંતુ રસાતલલોકમાં પૃથ્વીનું સ્વરૂપ પંચભૂતાત્મક હોઈ શકે નહીં. પૃથ્વીનું આપણે જોઈએ છીએ તે રૂપ તો પૃથ્વી રસાતલ લોકમાંથી બહારના ઉપરના લોકમાં - ભૂલોકમાં અભિવ્યક્ત થાય ત્યારે જ બને છે, તેથી પૃથ્વી માનવ-વસવાટને લાયક બની એટલે પૃથ્વી પોતાના મૂળ સ્વરૂપે ભૂલોકમાં અભિવ્યક્ત થઈ. પૃથ્વી જે પ્રારંભમાં અવ્યક્ત અવસ્થામાં હતી, પછી સૂક્ષ્મ અવસ્થામાં આવી અને સ્થૂળ અવસ્થામાં પૃથ્વી અવસ્થિત થાય ત્યારે તે માનવ વસવાટને લાયક બને છે એમ સમજવું જોઈએ.

૭. યજ્ઞ એટલે શું?

યજ્ઞસાધન ભારતીય અધ્યાત્મસાધનની ગંગોત્રી છે. યજ્ઞ પ્રાચીન ભારતીય અધ્યાત્મજગતનું કેન્દ્ર છે. આમ યજ્ઞ એક મહત્ત્વપૂર્ણ અધ્યાત્મસાધન છે. યજ્ઞસાધનનું કેન્દ્રસ્થ તત્ત્વ શું છે? યજ્ઞનું યજ્ઞત્વ ક્યાં છે? યજ્ઞની આટલી મહત્તાનું મૂળ શું છે? યજ્ઞ એટલે સમપર્ણની સાધના. પોતાના અહંકારનું, પોતાના સ્વનું સમપર્ણ કરવું તે યજ્ઞનું કેન્દ્રસ્થ તત્ત્વ છે.

પોતાના અહંકારને, પોતાના સ્વને પકડી રાખવો તે જ અધ્યાત્મપથની સૌથી મોટી બાધા છે, આ સ્વનું વિસર્જન કરવું, પોતાની જાતને હોમી દેવી તે અધ્યાત્મવિકાસની પ્રક્રિયા છે અને તે જ આધ્યાત્મિક યજ્ઞ છે.

યજ્ઞના બહિરંગ સ્વરૂપમાં સાધક અગ્નિમાં ઘી, જવ, તલ આદિ હુત-દ્રવ્યો હોમે છે અને યજ્ઞના અંતરંગ સ્વરૂપમાં સાધક પોતાના 'સ્વ'ની આહુતિ આપે છે. અહંકારનું વિસર્જન તે યજ્ઞનું સર્વોચ્ચ સ્વરૂપ છે.

યજ્ઞના આ જ સ્વરૂપને ઉપનિષદોમાં આત્મયજ્ઞ કહેલ છે. 'ગીતા'માં પણ યજ્ઞનો આ વ્યાપક અને સૂક્ષ્મ અર્થ લેવામાં આવ્યો છે.

૮. ભગવાન વરાહને યજ્ઞસ્વરૂપ ગણવામાં આવે છે તેનો અર્થ શો છે?

'શ્રીમદ્ભાગવત'માં ભગવાન વરાહને યજ્ઞસ્વરૂપ ગણવામાં આવે છે. ભગવાન વરાહે જ્યારે હિરણ્યાક્ષનો વધ કરી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો ત્યારે બ્રહ્માજી તતા ઋષિઓ તેમની સ્તુતી કરવા લાગ્યા. આ સ્તુતિમાં ('શ્રીમદ્ભાગવત': સ્કંધ ૩, અધ્યાય ૧૩, શ્લોક ૩૫ થી ૪૫) ભગવાન વરાહને યજ્ઞ સાથે એકરૂપ ગણાવેલ છે. ભગવાન વરાહના શરીરનાં વિભિન્ન અંગોને યજ્ઞનાં તથા યજ્ઞવિધિનાં ભિન્નભિન્ન અંગો સાથે એકરૂપ ગણવામાં આવેલ છે. આ સ્તુતિમાં વરાહમૂર્તિને યજ્ઞમૂર્તિનું સ્વરૂપ ગણવામાં આવેલ છે. તે જ રીતે 'મહાભારત'ના 'ભીષ્મપર્વ'માં પણ યજ્ઞ અને વરાહવતારને એકરૂપ ગણેલ છે. પિતામહ ભીષ્મ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે.

'यज्ञांगो यो वराहो वै, भूत्वा गामुज्जहार ह।
लोकत्रयहितार्थाय, तस्मै विर्यात्मने नमः ।।'

'જે ભગવાન યજ્ઞસ્વરૂપ છે, જેમણે ત્રણે લોકના હિત માટે વરાહસ્વરૂપ ધારણ કરીને પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, તે શક્તિસ્વરૂપ ભગવાનને નમસ્કાર છે.'

આમ 'શ્રીમદ્ભાગવત' તથા 'મહાભારત' જેવા આપણા પ્રમાણભૂત ગ્રંથોમાં વરાહાવતારને યજ્ઞસ્વરૂપ ગણવામાં આવેલ છે. એ સમજવું આવશ્યક છે કે બંનેને કયા અર્થમાં એકરૂપ ગણેલ છે. ભગવાન વરાહ યજ્ઞસ્વરૂપ છે, તેનો અર્થ શો છે?

આ પ્રશ્નોનો ઉત્તર 'પુરુષસૂક્ત'માંથી મળી શકે છે, 'પુરુષસૂક્ત'માં સૃષ્ટિને યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલી ગણાવેલ છે, 'પુરુષસૂક્ત' સાંકેતિક ભાષામાં કહે છે કે આ સમગ્ર ચરાચર સૃષ્ટિ કોઈ મહાન આદિયજ્ઞમાંથી નિષ્પન્ન થાય છે. આ આદિયજ્ઞ તે કોઈ સામાન્ય યજ્ઞ નથી, પરંતુ કોઈક ગહન, સૂક્ષ્મ આદિયજ્ઞસ્વરૂપ ઘટના છે.

આ મહાન આદિયજ્ઞમાં દેવો યજમાન છે અને પુરુષ પશુ છે. આ પુરુષરૂપી પશુને બાંધવામાં આવે છે. આ પુરુષને હવિરૂપે ગણીને તેની આહુતિ આપવામાં આવે છે.

'देवा यद्यज्ञं तन्वाना अवध्नन पुरुष पशुम ।'

- पुरुषसूक्त : १५

'દેવોએ જે યજ્ઞ કર્યો તેમાં પુરુષને પશુરૂપે બાંધવામાં આવ્યા હતા.'

यत पुरुषेन हविषा देवा यज्ञमतन्वत ।


- पुरुषसूक्त : ६

'જે પુરુષરૂપી હવિ દ્વારા દેવોએ યજ્ઞ કર્યો હતો.' (ક્રમશઃ)■

## અલખનો ઓટલો

# રામ રાખે એમ રહીએ...

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



ભજનવાણીની એક એવી સરળ-સહજ અને છતાં ગૂઢ રહસ્યમય ધારા છે કે એનો મરમ ભલભલા વેદાન્તી વિદ્વાનો પણ ન પામી શકે. કારણ કે સંત કોઈ એક જ ચોકઠામાં કદી પણ બંધાય નહીં. એની વાણીમાં નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઓળખાણ પણ હોય ને સગુણ-સાકારની પ્રાર્થના પણ હોય. પરમતત્ત્વના મિલનનો આનંદ વર્ણવતી મસ્તી, કેફ કે મોજ ફકીરીની ચકચૂર દશાનું બયાન એમાંથી મળે તો સાથોસાથ વિરહાતુર-શોકાતુર ભક્ત હૃદયની તીવ્ર આંતરવ્યથાનું ગાન પણ સંભળાય, સાચા સદ્ગુરુનો મહિમા કે સદ્ગુરુ શરણની ઝંખનાની સાથોસાથ નુગરા - લાલચી - પાંખડી - દોરંગા - બેદલ; ગુરુ બની બેઠેલા પ્રપંચીને ચાબખાં પણ માર્યાં હોય, પોતાના મનની મૂંઝવણનું વ્યથાભર્યું આલેખન હોય તો સામે સમસ્ત માનવજાતને વૈરાગ્યનો ઉપદેશ પણ આપ્યો હોય. સંતો તો ગાયા જ કરે છે કે -

કથણી એવી કરણી જોઈએ. જેની પાસે માત્ર વાતો હોય અને વર્તન ન હોય એવા માણસ પાસે હૃદયની વાતો કે જ્ઞાન-ભક્તિની ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. જેનું વર્તન સારું હોય તેનું તેજ અછતું રહેતું નથી. સત્ગુરુ સાચા મળે તો આત્મતેજ ઓળખાવી આપે. આ માટે કરણી કરવી પડે. કરણી વિના માત્ર કથણી સારહીન છે. માટે જ મીરાંબાઈએ ગાયું છે -

*રામ રાખે તેમ રહીએ, ઓધવજી! રામ રાખે તેમ રહીએ..*
*આપણે તો ચિઠ્ઠીના ચાકર છૈયે, ઓધવજી! રામ રાખે તેમ રહીએ...૦*
*કોઈ દિન પેરણ હીર ને ચીર તો, કોઈ દિન સાદા રહીએ..*
*-ઓધવજી! રામ રાખે તેમ રહીએ...૦*
*કોઈ દિન ભોજન શીરો ને પૂરી તો, કોઈ દિન ભૂખ્યા રહીએ ..*
*-ઓધવજી! રામ રાખે તેમ રહીએ...૦*
*કોઈ દિન રહેવાને બાગ બગીચા તો, કોઈ દિન જંગલ રહીએ ..*
*-ઓધવજી! રામ રાખે તેમ રહીએ...૦*
*કોઈ દિન સુવાને ગાદી તકિયા તો, કોઈ દિન ભોંય પર સુઈએ ..*
*-ઓધવજી! રામ રાખે તેમ રહીએ...૦*
*બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સુખ દુઃખ સૌ સહી લઈએ ..*
*-ઓધવજી! રામ રાખે તેમ રહીએ...૦*

પરંપરિત માન્યતા મુજબ જીવસૃષ્ટિ ૮૪ લાખ યોનિમાં વિભાજિત છે. જેમાં (૧) જરાયુજ ( ઓર-જરા સાથે જેનો જન્મ થાય તે મનુષ્ય અને પ્રાણીઓ. ૨૧ લાખ. (૨) અંડજ (ઈંડામાં-કોચલામાંથી બહાર આવે તે) પક્ષી અને સર્પ, કીડી, મધમાખી વગેરે.. ૨૧ લાખ. (૩) ઉદ્બીજ(બીજમાંથી જન્મ) વનસ્પતિ,વૃક્ષો.. ૨૧ લાખ. (૪) સ્વેદજ (પરસેવામાંથી જન્મ) માંકડ, વીંછી, મચ્છર.. ૨૧ લાખ

*મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....*
*કાયાના કુડા રે ભરોંસા, દેયુંના જૂઠા રે દિલાસા, મેના..*
*-મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦*
*એવો મૃગલો ચરે રે વનમાં એકલો રે,*
*કસ્તુરી છે રે મૃગલાની માં ય, કસ્તુરી છે રે મૃગલાની માં ય, મેના...*
*-મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦*
*એવી ધરતી ખેડાવો, રાજા રામની રે,*
*હીરલો છે રે ધરતીની માં ય, હીરલો છે રે ધરતીની માં ય, મેના...*
*-મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦*
*એવી છીપું રે સમદરિયામાં નીપજે રે,*
*મોતીડાં છે રે છીપની માં ય, મોતીડાં છે રે છીપની માં ય, મેના...*
*-મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦*
*એવી મેના ને મેકરણ બેઉ એક છે રે*
*એને તમે જુદા રે નવ જાણો, એને તમે જુદા રે નવ જાણો, મેના...*
*-મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.....૦*

સીધાસાદા શબ્દોમાં અધ્યાત્મમાર્ગના પ્રવાસી એવા સાધકના મનની મૂંઝવણનું આલેખન કરતું આ ભજન મેનાનું રૂપક લઈને શું સમજાવે છે? મેકરણ ડાડા ગાય છેઃ હે ગુરુ તમે કહો છો કે આ કાયા પાણીનો પરપોટો છે, કાગળની કોથળી છે, એ તો ક્ષણભંગુર છે, એનો કોઈ જ ભરોસો નથી, પણ આ મારા મન રૂપી મેના તો ગઢને કાંગરે બેસીને બોલે છે. મારી વૃત્તિઓ અંતર્મુખી થવાને બદલે બહિર્મુખી જ થતી રહે છે, મારી આંખો બહારનું જ જુએ છે, મારા કાન બહારનું જ સાંભળે છે, મારા હાથ સ્વાર્થ માટે જ લાંબા થાય છે.

મેના પક્ષી જો ગિરનારના જંગલમાં બોલતું હોય તો એનો માળો ત્યાં હોય, એનો પરિવાર હોય, એને ખાવા માટે સારાં ફળો મળતાં હોય, પીવા માટે પાણી મળતું હોય, એને સાંભળનારાં પક્ષીઓ હોય, એનું રક્ષણ થતું હોય, એ જ મેના જો કોઈ રાજમહાલયમાં સોનાના પિંજરામાં બેસીને બોલતું હોય તોપણ એને તમામ સુવિધાઓ મળતી હોય, બંધનમાં હોવા છતાં અને પાણી, ફળો, રક્ષણ અને સાંભળનારા મળી રહે, પણ એ જ મેના જ્યારે ગઢના કાંગરા પર બેસીને બોલે ત્યારે ન હોય રક્ષણ, ન હોય કોઈ સાંભળનારું, ન હોય પરિવાર, ન હોય છાંયો અને ઉપર ઊડતા શકરા - શિકારી - બાજ પક્ષીને કારણે કાળનો કોળિયો થઈ જાય, એમ મારું મન હંમેશાં બાહ્ય કર્મકાંડમાં જ વ્યસ્ત રહે છે, એની આંતરયાત્રા ક્યારે શરૂ થશે? મેકરણ ડાડા પોતાના મમતાળા મનની વૃત્તિઓનું બયાન કરતાં બીજાં ત્રણ દૃષ્ટાંત આપે છે, કસ્તુરી મૃગની નાભિમાંથી જ સુગંધ આવે છે, પણ મૃગને ખબર નથી, એ તો સુગંધ મેળવવા રણમાં આમતેમ ભટકતો જ રહે છે. એમ ધરતીની ઉપર વસનારાને ખબર નથી કે પોતાના પગ નીચે જ અઢળક હીરા અને રત્નોની ખાણ છે, પણ એ તો સંપત્તિ મેળવવા આમતેમ ઉદ્યમ કરતો જ રહે છે, ખારા સમુંદરના તળિયે ઉત્પન્ન થનારી છીપમાં અમુલખ મોતી પાક્યું છે, પણ એની છીપને ખબર નથી એ તો કોઈ મરજીવો જ આવીને છીપને બહાર કાઢે અને એમાંથી મોતી મેળવી શકે છે. માટે પોતાની અંદર છુપાયેલા દૈવતને પ્રાપ્ત કરવા માટે અંતર્યાત્રા જરૂરી છે અને એ અંતર્યાત્રાનો માર્ગ કોક મરમી-માલમી સદ્ગુરુ જ બતાવી શકે છે. ■

## વિશેષ


# શાસ્ત્રો માત્ર શ્રવણ માટે નહીં, પણ આચરણ માટે છે

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

શ્રુયતાં ધર્મ સર્વસ્વં શ્રુત્વા ચાપ્યવધાર્યતામ

પદ્મપુરાણના શ્લોકની આ પ્રથમ પંક્તિમાં શાસ્ત્રકારો પહેલા સાંભળવાની સલાહ આપે છે. પછી તરતજ કહે છે, 'સાંભળો અને તેનું પાલન કરો'. કેટલી મહત્ત્વપૂર્ણ વાત છે! આપણે સદવચનો તો અનેક સાંભળીએ છીએ. પરંતુ તેમાંથી પાલન કેટલી વાતનું કરીએ છીએ? સાત-સાત દિવસ સુધી રામાયણની કથા સાંભળ્યા પછી પણ ઘરમાં આવીને જો તમે મહાભારત ઊભું કરતા હો તો રામાયણ સાંભળ્યાનો શું અર્થ?! એટલે તો અખાએ ગાવું પડ્યું કે, 'કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન'.

આપણે જે કંઈ સાંભળીએ છીએ તે શીખવા માટે અને આચરણ કરવા માટે હોય છે. વિદ્યાર્થી શિક્ષા પ્રાપ્ત કરવા જાય અને જે કંઈ સાંભળે તે એટલા માટે કે પ્રાપ્ત કરેલા જ્ઞાનથી ભવિષ્યમાં પોતાના જીવન માટે કશુંક આચરણમાં મૂકી શકે. સૈન્યમાં તો ઉપરીના આદેશને શિરોમાન્ય ગણીને તેનું અક્ષરશઃ પાલન કરવાનું હોય છે. મહાભારતના રચયિતા મહાઋષિ વેદ વ્યાસે સ્વયં શ્રીમદ ભગવદ ગીતાજીનું માહાત્મ્ય સમજાવતા કહ્યું છે, 'ઉપનિષદ, દર્શન, પુરાણ ઇત્યાદિ શાસ્ત્રોમાં જે જ્ઞાન સમાહિત છે તેનો સાર ગીતામાં વર્ણવ્યો છે. તેથી ગીતાજીનું સમ્યક રૂપે ગાયન, પઠન, મનન અને આચરણ કરવું જોઈએ.' અર્થાત કે, શાસ્ત્રો માત્ર શ્રવણ માટે નથી પણ આચરણ માટે છે, તે આપણે યાદ રાખવું જરૂરી છે. તમે એમ કહો કે મેં વેદ વાંચ્યા છે, પુરાણો વાંચ્યા છે. બહુ સરસ; પરંતુ એ વાંચન પછી જો તેમાંથી તમારા જીવનમાં કંઈ ઊતર્યું કે નહીં તે તમારા આચરણ ઉપરથી ખબર પડે છે. શાસ્ત્રના શ્રવણને આપણે હંસ જેમ મોતી ગ્રહણ કરે તેમ ગ્રહણ કરીને આચરણમાં ઉતારીએ છીએ કે સદવચન સાંભળીને પણ આપણે જલકમલવત કોરા ને કોરા જ રહીએ છીએ?



આચરણ યોગ્ય કેવી રીતે થાય? મહત્ત્વનું એ છે કે શાસ્ત્રના શ્રવણ પછી તેમાં જે ભાવાર્થ હોય તેવું જ આપણું આચરણ થવું જોઈએ. નહીં તો 'કીધું કશું ને કર્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.' જેવું થાય. આપણું આચરણ જો શાસ્ત્રથી વિરુદ્ધ બને તો તેનાથી આપણે તો પાપ બાંધીએ જ છીએ, પરંતુ તે સાથે લોકો આપણા ધર્મ વિશે વિપરીત ધારણા બાંધે છે. આ રીતે આપણા દ્વારા ધર્મની હાનિ થાય છે. મોટાભાગે તો શેઠની સલાહ ઝાંપા સુધી જેવો ઘાટ જોવા મળે છે. સત્સંગ અને કથા શ્રવણ દ્વારા કોઈ આધ્યાત્મિક ઉન્નતિ માટેનું આચરણ થતું દેખાતું નથી હોતું. કારણકે તેને તેના યોગ્ય અર્થમાં સમજવાનો પ્રયત્ન જ થતો નથી. શ્રવણથી જો સમજણ ન કેળવાય તો આચરણ કેવી રીતે થાય? શ્રીમદ ભગવદ ગીતામાં એટલે તો શ્રી કૃષ્ણએ અર્જુનને અંતે કહ્યું કે મેં તને સમજાવ્યું હવે તને યોગ્ય લાગે તેમ કર. શા માટે? કારણકે વક્તા ગમે તેટલા જ્ઞાની હોય, શ્રોતાએ પોતાની સમજણ પ્રમાણે ગ્રહણ કર્યું હોય છે. સંસ્કૃત ઉક્તિ છે ને, 'સુજ્ઞેષુ કિ બહૂના' અર્થાત કે સમજદારને વધુ કહેવાની જરૂર પડતી નથી. જે રીતે વહેતી નદીનું જળ સ્વચ્છ રહે છે, પણ તળાવમાં બંધાયેલું પાણી ગંધાઈ ઉઠે છે, તેમ આચરણમાં ન ઊતરેલું જ્ઞાન કુંઠિત થઇ જાય છે.

આપણે સાંભળીએ ઘણું પણ પછી તેનો અમલ એ રીતે કરીએ જેમાં આપણો સ્વાર્થ હોય. ઘણીવાર તો આપણા હિતેચ્છુઓના હિતોપદેશ આપણને ખોટા લાગે કારણ કે સ્વાર્થના ગળણે ગાળીને આપણે તેને જોતા હોઈએ. બીજી બાજુ ખોટી સલાહ ને સ્વાર્થને કારણે સાચી માની લઈએ છીએ અને તરત તેનો અમલ પણ કરી નાખીએ છીએ.

રામાયણમાં મંથરાની ખોટી સલાહ કૈકયીને શીરાની જેમ ગળે ઊતરી ગઈ કારણકે તેમાં તેનો આંધળો માતૃપ્રેમ હતો. મહાભારતનું ફરી એકવાર ઉદાહરણ લઈએ તો શ્રી કૃષ્ણની વિષ્ટિ કરાવવા કૌરવોને આપેલી સાચી સલાહ પણ તેમના ગળે ન ઊતરી કારણકે તેમાં પાંડવો પ્રત્યેનો તિરસ્કાર તો હતો જ, સાથે સત્તા અને સંપત્તિની લાલચ પણ છુપાયેલી હતી. આમ, આચરણમાં શ્રોતાની પાત્રતાનું મહત્ત્વ ખૂબ અધિક છે.

સંત કવિ દયારામ એટલે જ તો કહે છે કે, સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ ઝીલાય, બાકી કોઈ ધાતુ હોય તો ફાટી જાય છે. શાસ્ત્ર વચનોનું પણ એવું જ છે. તેમાં કહેનારની ઉત્તમતા સાથે સાંભળનારની ઉત્તમતા ભળે તો જ આચરણ રૂપી પાત્રમાં ઝીલાય. નહીં તો 'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે' જેવું બને છે. ■

## આચમન

# લોભ પાપસ્ય કારણમ્ ।। લોભ એ પાપનું મૂળ છે

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

લોભ શબ્દની ઉત્પત્તિ 'લુભ' ધાતુથી થઈ છે. જેનો આપણી ગુજરાતી ભાષામાં અત્યંત સરળ અર્થ છેઃ

* લાલચ,
* લિપ્સા,
* લાલસા.

- આ એક એવી પ્રબળ માનવીય ઈચ્છા છે, જેની પૂર્તિ થઈ જવા છતાં તેનાથી ક્યારેય સંપૂર્ણ તૃપ્તિ કે સંતુષ્ટિ મળતી નથી.
- મનુષ્યને જેમ જેમ લાભ થાય છે તેમ તેમ તેનો લોભ પણ વધતો જાય છે.
- આમ લાભથી લોભમાં નિરંતર વૃદ્ધિ થતી રહે છે અને વ્યક્તિનો લાભ ક્યારે લોભમાં પરિણમે છે તેનું કશું કોઈ ઠેકાણું હોતું નથી.
- 'હિતોપદેશમાં કહેવાયું છે કે, સઘળા અનર્થોનું મૂળ લોભ છે.
- સંત તુલસીદાસજીએ કહ્યું છે કે,

* મનુષ્ય મોહ-માયા તથા લોભ અને લાલચની ગર્તમાં એટલો તો ડૂબી ગયો છે કે તેને શાશ્વત સત્યની અનુભૂતિ થતી જ નથી...!

* લોભની સાથે ક્ષોભ પણ હંમેશાં રહે છે.

* લોભ આપણા મનોભાવો પર અમરવેલની માફક છવાઈ જાય છે.

* વ્યક્તિ પ્રત્યેક ક્ષણે લાલસાની અગ્નિમાં ધબકતો જ રહે છે...!

- સંત તુલસીદાસજીએ આગળ લખ્યું છે કે

* આ સંસારમાં લોભથી તુચ્છ અને વિનાશકારી તત્ત્વ અન્ય કોઈ જ નથી. વળી હિતોપદેશે લોભને પાપનો જન્મદાતા બતાવ્યો છે.

લોભ પાપસ્ય કારણમ્ ।।
લોભ એ પાપનું મૂળ છે

* લોભ મનુષ્યના બુદ્ધિ અને વિવેકને હરી લે છે, જેનાથી તે પાપ કરી બેસે છે.



- સુંદરકાંડમાં માનસકારે
* કામ,
* ક્રોધ અને
* મોહની સાથે
* લોભને પણ નરકનો સરળ માર્ગ જણાવ્યો છે.
* કામ,
* ક્રોધ તથા
* લોભ રજોગુણથી ઉત્પન્ન થાય છે.

- ભગવાન શ્રીકૃષ્ણે લોભને રજોગુણ સમુદ્ભવઃ કહ્યો છે.
- ભગવદ્ ગીતામાં તેને કામ, ક્રોધ અને લોભને વિનાશકારી નરકના દ્વારની સંજ્ઞા આપી છે.

પ્રેરણાસ્રોત :
તેન ત્યકતેન ભૂંજિથાઃ
- આપણાં ઉપનિષદમાં ઋષિઓ કહે છે કે,

* સાંસારિક ભોગોનો આનંદ તો માત્ર છાયા જ છે.

* સાચો આનંદ તો પરમાત્મા તરફથી આપણને જે મળ્યું હોય તેનો ત્યાગ કરવામાં જ સમાયેલો છે.

* સદ્ગુરુ ગોરખનાથ કહે છે કે,

- સહજ મિલે સો દૂધ બરાબર,
માગી મિલે સો પાની;
લહુ બરાબર જાનિ લિજે,
જા મેં ખિંચા તાની...

- જેને પ્રાપ્ત કરવા તો ખેંચતાણ કરવી પડે.
- ગોરખનાથ કહે છે, તેને તો રકતરંજિત જ જાણજો.
- જે સહજ રીતે પ્રાપ્ત થાય તેજ આપણા આત્માને પોષણ આપનારું નીવડે છે.

સંતોના મુખેથીઃ

* દરેકની સાથે ભલાઈ કર, કારણ કે શત્રુનેય વશ કરવાનો એ એક અદ્ભુત કીમિયો છે.

* સુખ, શાંતિ નાણા એકઠા કરી લેવામાં મળતાં નથી.

* સત્તા નામના મેળવી લેવામાં પણ શોધવાનો રખે પ્રયત્નો કરશો.

- સાચુ સુખ જેને કહી શકાય તે ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેને હસતા મુખે માન્ય રાખવામાં છે. ■

## ગીતા મહિમા

# શ્રીહરિ શરણમ્

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

ક્ષર અને અક્ષરથી પર પુરુષોત્તમનો મહિમા કહીને હવે ભગવાન કૃષ્ણ કહે છે કે ભક્ત માયા અને મોહથી રહિત અસમ્મૂઢ (ગીતા ૧૫/૧૯) થઈને પરમાત્માને યથાર્થ ભજે છે.

હા, ભગવાનને ભગવાનના બળ અને કૃપાથી જ ભક્ત યથાર્થ જાણી શકે છે. આવો યથાર્થ જ્ઞાની ભક્ત જ ભગવાનને યથાર્થ ભજી શકે. આ માટે ભગવાનની શરણાગતિ એક સરળ ઉપાય છે. કેન ઉપનિષદ્ એક પ્રસંગ જણાવતાં કહે છે : દેવોદાનવોના સમરમાં દેવોએ વિજય પ્રાપ્ત કર્યો. કારણ એટલું જ કે દેવોના પક્ષે ભગવાનનાં આશીર્વાદ હતા. પરંતુ વિજયનાં ઉન્માદમાં અને શક્તિના ગુમાનમાં દેવો વિજયસમારંભમાં ભગવાનને જ આમંત્રણ આપવાનું ભૂલી ગયા. આવા સમયે ભગવાન યેન કેન પ્રકારેણ ઉપાય કરી પોતાના ભક્તોનાં માનનું મર્દન કરતા હોય છે. તે જ ઉદ્દેશ્યથી ભગવાને યક્ષનું રૂપ ધારણ કરીને તેમને સમજાવ્યું કે તમે તો ઘાસનું નાનું તણખલું પણ હલાવી શકવા સક્ષમ નથી. સર્વશક્તિમાન તો પરમકૃપાળુ પરબ્રહ્મ પરમાત્મા છે. માટે બધા જ બળોની સાપેક્ષે ઇષ્ટબળ સર્વોત્કૃષ્ટ છે. તેમનો આશરો ગ્રહણ કરવાનું પ્રમાણ આપણને શાસ્ત્રો અર્પે છે.



અવકાશમાં એપોલો-૧૩માં જ્યારે આંતરિક ટેક્નિકલ વિઘ્ન આવ્યું ત્યારે ભગવાનની શરણાગતિ જ સહાયભૂત બની. અમેરિકન સરકાર પોતાની ચલણી નોટો ઉપર ગૌરવથી લખે છે : 'ઈંક્ષ ત્રૠમ ઠય ઝીતિ.' અમે ભગવાનમાં વિશ્વાસ ધરાવીએ છીએ.

પ્રાચનીકાળથી અર્વાચીનકાળ સુધીના આપણા આધ્યાત્મિક ઇતિહાસમાં ડોકિયું કરીએ તો જણાશે કે ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ, ગજેન્દ્ર, અર્જુન, મીરાંબાઈ, નરસિંહ મહેતા આદિ ભક્તો ભગવાનની શરણાગતિ સ્વીકારી શાશ્વત સુખશાંતિ અને કીર્તિને પામે છે. અને મનુષ્યજન્મનું અંતિમ લક્ષ્ય પરમપદને પ્રાપ્ત કરે છે.

પૂર્વે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ શરણાગતિનો મહિમા ગાતા કહ્યું હતું-

મારી ગુણમયી દૈવી માયા કોઈથી તરાય તેવી નથી. પણ જે મારો આશરો કરે છે, તે આ માયાને તરી જાય છે.

ખરેખર, જેમ માછીમાર જાળ પસારે તેમાં દૂરનાં માછલાં પકડાઈ જાય પણ તેના પગ આગળ રહેલા માછલા મુક્ત રહે છે. તેમ માયારૂપી જાળમાંથી છટકવા માટે એક જ ઉપાય છે ભગવાનની શરણાગતિ.

અનાજ દળવાની ઘંટીમાં ખીલડાને આશરે જે દાણા હોય છે તે પીસાતા નથી જ્યારે દૂરના દાણા રજમાં પરિણમે છે. તેમ ભગવાનના આશરારૂપી ખીલડો પકડી રાખવો...

ભગવાન પણ પોતાના શરણે આવેલા મુમુક્ષુનું શ્રેય અને પ્રેય કરે છે. કાશ્મીરની સંતકવિયિત્રી લલ્લેશ્વરી કહે છે, 'जक्र है तो फक्र क्या?' લગ્નની ચોરીમાં પત્ની એકવાર પતિને કહે છે કે હું તમારી તો પતિ સર્વ રીતે તેનું પોષણ કરે છે.

એટલે જ, વાલ્મીકિ રામાયણમાં ભગવાન શ્રીરામ કહે છે : 'એક જ વાર 'હે ભગવાન ! હું તમારો છું' એમ કહી શરણાગત થનાર ભક્તને અભયપદ આપવું એવું મારું બિરુદ છે.'

મહાભારતનો દસમો દિવસ અસ્તાચલે હતો તે સમયે મહારથી ભીષ્મ પ્રતિજ્ઞા કરે છે કે આવતી કાલે યુદ્ધ પૂર્ણ થાય તે પૂર્વે હું નહીં કા અર્જુન નહીં. આ સમાચાર જાણવા છતાં અર્જુન તે રાત્રે ગાઢ નિદ્રાનું સુખ માણતો હતો. તે સમયે ભગવાન કૃષ્ણે તેને જગાડીને પૂછ્યું : 'પાર્થ! તને ડર નથી લાગતો?' આ પ્રશ્નનાં ઉત્તરમાં ધનંજય જણાવે છે કે 'પ્રભો ! તમે જાગો છો એટલું હું ઊંઘું છું.' ખરેખર, જેના માટે ભગવાન જાગતા હોય તે શરણાગતને ભય શેનો? ભગવાન કૃષ્ણ નારાયણનાં દૃઢ આશરાથી પાંડવો લૌકિક અને પારલૌકિક માર્ગને તરી ગયા.

ભક્તિ સંપ્રદાયમાં ભક્ત અને ભગવાન વચ્ચે એક વિશિષ્ટ સંબંધની વાત આપણા આચાર્યો કરે છે. તેમાં ભગવાનના આશ્રયથી ભક્ત નિર્ભય થઈ જાય એટલું જ નહિ પરંતુ ભગવાન તેને વશ થઈ જાય છે.

ભગવાન સ્વામીનારાયણ પણ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૩મા વચનામૃતમાં કહે છે : 'ભગવાનનો દૃઢ આશરો કરવો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે. એ આશરો અતિ દૃઢ જોઈએ તેને વિષે કોઈ પોલ રહે નહી. જેને ભગવાનનો આશરો દૃઢ હોય તે ભક્ત માયાને તરી જાય છે.'

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ભક્ત ભગવાનનાં પરમધામને પામવા માટે જપ, તપ, દાન, યજ્ઞયાગાદિક જેવા કઠિન સાધનો કરે છે. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં આ શ્લોકમાં સરળતમ માર્ગ બતાવે છે કે ભગવાનની શરણાગતિ.

સંત કબીર પણ કહે છે,
काशीकांठे घर करो, पीवे निरमल नीर
मुक्ति नहीं हरिचरण विना यों कहे दास कबीर ■

# નાસ્તો

આજની ટૂંકી વાર્તા

દુષ્યંત શુકલ
feedback@bombaysamachar.com

ઈવા અંધારિયા આમ જોઈએ તો દર સોમવાર તથા ગુરુવારે જ ઓફિસમાં આવતી હતી. તે એક એન.જી.ઓ. સંસ્થામાં એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામર- પ્રચારક તરીકે કામ કરતી હતી. જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં પ્રચાર માટે અવાર-નવાર મુલાકાત લેતી હતી. આ માટે તેને સી.એચ.સી., પી.એચ.સી., આઈ.સી.ડી.એસ. ઘટક તથા અન્ય સરકારી સંસ્થાઓની સાથે રહીને કામ કરવું પડતું.

આજે સોમવાર હોઈ તે જરૂર આવશે તેવી અપેક્ષાએ આલાપ પોતાનું કામ ઝટપટ આટોપી રહ્યો હતો. તેને ઈવા સાથે વાતો કરવી ગમતી હતી. તેની વાત નહીં, પરંતુ તે પણ ગમતી હતી. તે બોલે ત્યાં કોયલ ટહુકતી હોય કે પગની ઝાંઝર વાગતી હોય તેવો અનુભવ થતો હતો. આટલું વિચારતો હતો ત્યાં જ ઈવાનું ઓફિસમાં આગમન થયું.

'ગુડ મોર્નિંગ આલાપભાઈ' મોર ટહુકો કરે તેવા લહેકાથી ઈવા બોલી.

'વેરી વેરી ગુડ મોર્નિંગ' આલાપે કામ કરતાં કરતાં જવાબ આપ્યો.

પછી તો બન્ને વચ્ચે વાર્તાલાપ શરૂ થયો.

ઈવા એમ.એસ.ડબ્લ્યુ. કરીને આ કાર્યક્ષેત્રમાં એક વર્ષથી જોડાઈ હતી. તેની ઉંમર છવ્વીસ વર્ષની હતી અને લગ્નને બે વર્ષ થયાં હતાં. તેનો પતિ શહેરના બહુમાળી ભવનમાં ઈરિગેશન ખાતામાં ડિવિઝનલ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. એક રીતે જોઈએ તો આવકની કોઈ જરૂરિયાત ન હતી, પરંતુ તેણે જે ડિગ્રી મેળવી હતી તેનો ઉપયોગ થઈ શકે, હજુ નાની ઉંમર છે, ત્યાં સુધી આવી નોકરી કરે તો બે પૈસા ભેગા થઈ શકે, સાથે સમાજસેવા અને સમય પસાર થઈ શકે તેવી ગણતરી હતી. લગ્નને હજુ બે વર્ષ થયાં હોઈ કોઈ સંતાન ન હતું.

નવાં નવાં લગ્ન થયાં હોઈ, શહેરના કલ્ચરમાં કોલેજમાં ભણીને નોકરીમાં આવેલી હોઈ તેની નિખાલસતા અને બીજા સાથે ભળી જવાની ભાવના બીજી વ્યક્તિને તેની પ્રત્યે આકર્ષતી હતી. તેમાંય આલાપ તો તે આવે એટલે તેની સાથે વાતોમાં જ લાગી જતો. ઓફિસનું કામ પડતું મૂકી ઈવા જે કંઈ નવા પ્રોગ્રામ લાવી હોય કે પ્રચાર માટેના વિચારો રજૂ કરે તે એકધ્યાને સાંભળતો રહેતો. આમ તો સ્ટાફમાં બીજા પણ કર્મચારી ભાઈઓ-બહેનો હતાં, પરંતુ ઈવાને આલાપ સાથે અને આલાપને ઈવા સાથે વધારે બનતું હતું.

આલાપનાં હજુ લગ્ન થયાં ન હતાં. તેની ઉંમર પણ પચીસ-છવ્વીસ વર્ષની હતી. પોતે હેન્ડસમ હોય તેના લેવલની છોકરી મળે તેવી ઈચ્છા કરતો હતો, પરંતુ ક્યાંય મેળ પડતો ન હતો. કોઈક વખત ઈવા લગ્ન બાબત કહેતી તો તે 'તમારા જેવી છોકરી ગોતી આપોને?' તેવો જવાબ આપતો.

આમ કહી આમ તો આલાપ ઈવાને 'પોતાના' જેવી જ છોકરી શોધવા કહીને પોતાને ઈશારો પ્રદર્શિત કરી દેતો હતો. ધીમે ધીમે તેના મનમાં ઈવા પ્રત્યે લાગણીના થર જામતા જતા હતા. તે ઘરે રવેશમાં એકલો બેઠો હોય અને કોઈ છોકરી સડક ઉપર નીકળે તો તેને ઈવા જતી હોય તેવો ભાસ થતો હતો.

ઈવાનું શરીર સૌષ્ઠવ પણ અનેક રીતે આકર્ષિત હતું. તેની કોડી જેવી આંખો, પરવળ જેવા હોઠ, ગુલાબના ફૂલ જેવા ગાલ, બગલાની ડોક જેવી પાતળી ડોક, આકાશને આંબવા થનગનતા હોય તેવા ઉરોજ દેહલાલિત્યને વધારે સુડોળ બનાવતા હતા. કમર સુધીના કાળા ભમ્મર વાળ, મેંદાના લોટ જેવી સફેદ માંસલ પિંડીઓ અને મટકતી ચાલ, આવું લથબથતું જોબન આંધળા માણસને પણ જોવા માટે મજબૂર કરે તેવું હતું. તેમાં જ્યારે એ પંજાબી ડ્રેસને બદલે સાડી પહેરીને આવે ત્યારે તેની કમરને જોવા માટે પુરુષ આંખો કામાંધ બની જતી હતી.

તે એટલી નિખાલસ અને વાચાળ હતી કે કોઈ પણ વ્યક્તિ તેના મોહપાશમાં જકડાઈ જાય. ઘણી વખત આલાપ અને ઈવાને કોઈ મીટિંગ કે પ્રચાર કાર્યક્રમ માટે સાથે જવાનું થાય ત્યારે જીપમાં કે ખાનગી બસમાં સાથે બેસવાનું થતું ત્યારે આલાપ તેને સ્પર્શવાની કોઈ તક જતી ન કરતો. કોઈ કોઈ વખત વિના કારણે આવી ચેષ્ટા કરી લેતો, પરંતુ આ બાબત ઈવાને કોઈ દરકાર ન હતી.

ઘણી વખત વાત નીકળે ત્યારે ઈવા આલાપને ઘેર આવવાનું આમંત્રણ આપતી તો આલાપ ત્યારે 'તમારે નાસ્તો કરાવવો પડશે' તેવી વાત કરતો. તે હસીને 'ચોક્કસ નાસ્તો કરાવીશ' તેવો સ્વીકાર કરતી હતી. આ વખતે આલાપ દ્વારા 'નાસ્તો' શબ્દ



બીજા અર્થમાં પ્રયોજાયો હશે તેનો ઈવાને ખ્યાન ન રહેતો. 'હું કહું તે નાસ્તો કરાવવો પડશે' ત્યારે 'તમારી પસંદ એ મારી પસંદ' એમ કહીને ઈવા આલાપને તાળી આપતી ત્યારે આલાપ પાણી પાણી થઈ જતો હતો.

આલાપના મનમાં વિકારનાં બીજ રોપાઈને ફેલાઈ ચૂક્યાં હતાં. તે ઈવા માટે પોતાની રીતે વિચારવા લાગ્યો હતો. તેણે 'નાસ્તા' માટે હા પાડી એટલે તેના મનમાં અવનવા વિચારો આવવા લાગ્યા હતા. તે એવું સમજવા લાગ્યો હતો કે તેનાં લગ્ન થયાં ને બે વર્ષ થવા છતાં સંતાન ન થયું તેનું કારણ કદાચ તેનો પતિ હશે. પતિ તેને પૂરો સંતોષ આપી નહીં શક્તો હોય એટલા માટે ઈવા તેની સાથે લળી લળીને વાત કરે છે. તેને ગમે તેવા લટકા કરે છે. કોઈ વખત તેને ગમે તેવાં કપડાં પહેરે છે. તેને મનગમતી વસ્તુ બનાવીને ઘેરથી લાવે છે અને ઓફિસમાં સ્ટાફ સાથે વહેંચીને જમે છે. આ વહાલ, પ્રેમ, લાગણી નથી તો બીજું શું છે?

ઈવા માટે આલાપનું વ્યક્તિત્વ પણ એટલું જ આકર્ષિત હતું. સમગ્ર સ્ટાફ વચ્ચે જ્યારે ઈવા વાત કરતી ત્યારે તેનું કેન્દ્રબિંદુ આલાપ જ રહેતો. આ વાત ઈવા-આલાપ ઉપરાંત બીજા સ્ટાફના સભ્યોએ પણ સ્વીકારી લીધી હતી.

હમણાં હમણાં છાપાના બે-ત્રણ દિવસથી એચ.આઈ.વી. પોઝિટિવના કેસો સરકારના ધ્યાને આવતાં આ અંગેની એક ઝુંબેશ શરૂ કરી દીધી હતી. શહેરના અમુક ચોક્કસ વિસ્તારમાં આ અંગેના પ્રચાર-પ્રસાર માટે ખાસ ટીમ બનાવીને મોકલી આપી હતી. તેમાં એક ટીમમાં આલાપ અને ઈવા પણ સામેલ હતાં. બન્ને સાથે સવારથી સાંજ કામ કરતાં હતાં.

એક દિવસે ઈવાએ આલાપને ઘરે નાસ્તો કરવા આવવા માટે આમંત્રણ આપ્યું. તે અવાક થઈ ગયો. તેને ઘણા વખતની મનની મુરાદ પૂરી થતી હોય તેમ લાગી. પહેલાં તો તે કશો જવાબ ન આપી શક્યો, પરંતુ ઈવાએ જ્યારે તેનો ખભો પકડીને ઢંઢોળ્યો ત્યારે જવાબ આપ્યો કે, 'આજે નહીં, આવતી કાલે કાર્યક્રમ રાખીશું.' ઈવાએ હા પાડી અને બન્ને છૂટાં પડ્યાં.

> **આમ તો સ્ટાફમાં બીજા પણ કર્મચારી ભાઈઓ-બહેનો હતાં, પરંતુ ઈવાને આલાપ સાથે અને આલાપને ઈવા સાથે વધારે બનતું હતું**

આલાપ આખી રાત સૂઈ ન શક્યો. આવતી કાલે તે ઈવાના ઘેર જશે અને પછી 'નાસ્તો' કરશે તેના વિચારમાં ખોવાઈ ગયો. ઈવા નખશિખ સુંદર લાગતી હતી. ઈશ્વરે આપેલ સુડોળ દેહને પોતે કઈ રીતે સ્પર્શ કરશે? તેના હાથ, તેના પગ, તેના ગાલ, તેના હોઠ, તેની આંખો, એક પછી એક શરીરના ભાગો નજર સામે તરવા લાગ્યા. વિચારમાં ને વિચારમાં તેણે પોતાનો હાથ લાંબો કર્યો ત્યાં તો આ સ્વપ્ન છે એનો ખ્યાલ આવ્યો. ભ્રમ ભાંગી ગયો. તે મોડી રાત્રે માંડ સૂઈ શક્યો.

સવારે ઝટપટ તૈયાર થઈને તાલુકા મથકેથી જિલ્લા મથકે બસમાં જવા નીકળ્યો. ઈવા બસ સ્ટોપ ઉપર તેની રાહ જોતી હતી. બન્ને કામ ઉપર ગયાં. કામ કરતા આલાપની આંખો ઈવાના શરીર ઉપર અને મને તેણે આમંત્રણ આપેલ 'નાસ્તા'ની ડિશ ઉપર ભમી રહ્યું હતું.

બપોરના બે વાગવા આવ્યા એટલે ઈવાએ આલાપને કહ્યું, 'ચાલો ઘેર જઈશું?'

આલાપ તો આટલી જ રાહ જોતો હતો. તેણે કહ્યું કે હું તો ક્યારનો તમારા આદેશની રાહ જોતો હતો. 'આમેય મને બહુ ભૂખ લાગી છે' એમ કહી પેટ ઉપર હાથ ફેરવ્યો અને આંખથી અભિનેષ નજરે ઈવા સામે જોયું.

રિક્ષા કરી બન્ને ઈવાના ઘેર ગયાં. આલાપ મનમાં ઈવા 'નાસ્તા'માં શું આપશે તેની કલ્પના કરવા લાગ્યો. લાગ પડે ત્યારે ઈવાના શરીરને સ્પર્શ કરી લેતો હતો.

બન્ને ઈવાના ઘેર પહોંચ્યાં. ઘર શહેરથી ઘણું દૂર હતું. વિસ્તાર એકદમ શાંત હતો. ઈવાના ઘેર તાળું હતું. તાળું ખોલી બન્ને અંદર ગયાં એટલે ઈવા આલાપ માટે પાણીનો ગ્લાસ લઈને આવી. આલાપે હાથનો સ્પર્થ થાય તેવી રીતે ગ્લાસ લઈને પાણી પીધું.

તેના મનમાં દ્વંદ્વ યુદ્ધ ચાલી રહ્યું હતું. આજે ઘણા દિવસે તેના મનની મુરાદ પૂરી થવા આવી હોય તેમ લાગતું હતું. ઈવા બેડરૂમમાં જઈ સાડી કાઢીને ગાઉન પહેરી આવી. ગુલાબી આછા ગાઉનમાં તેનું સમગ્ર શરીર સ્પષ્ટ દેખાઈ આવતું હતું. પોતે ફ્રેશ થઈ પછી આલાપને ફ્રેશ થવા માટે કહેતાં આલાપ બેડરૂમ, રસોડા તેમ બધી જગ્યાએ ફરી વળ્યો.

પાછો આવી સોફા ઉપર ગોઠવાઈ ગયો. હાથમાં છાપું લીધું. વાંચવાનો ડોળ કર્યો, બાકી મન 'નાસ્તો' કરવાના અંતિમ તબક્કે પહોંચી ગયું હતું. હવે ઈવા રૂમની અંદર આવે એટલે તેને પ્રપોઝ કરવાની માનસિક તૈયારી કરી રાખી હતી. થોડી વારે ઈવા બે ડિશમાં નાસ્તો લઈ આવી. એક ડિશ આલાપ સામે ધરીને બોલી, 'લ્યો, તમને બહુ ભૂખ લાગી છેને? આજે ધરાઈને નાસ્તો કરો.'

નાસ્તાની ડિશ સાથે આલાપ સામે હાથ લંબાવતાં આલાપે ઈવાનો હાથ પકડી લીધો અને પોતાની તરફ ખેંચતાં કહ્યું, 'ઈવા, હું આ નાસ્તાની નહીં, પરંતુ બીજા નાસ્તાની વાત કરતો હતો.'

આલાપે ઈવાને એક વચનમાં ઉચ્ચારતાં તે પણ એક વચનમાં પોતાનો હાથ પાછો ખેંચતાં બોલી.

'આલાપ, હું પણ ઘણા દિવસથી તારા વર્તનને જોઈ રહી હતી માટે જ મારા ઘેર બોલાવી તને 'નાસ્તા' માટે વાત કરી. સાચી વાત કરું તો મારા દિયર તારા જેવા જ હેન્ડસમ અને રોમેન્ટિક હતા. તે આ પ્રકારના 'નાસ્તા' માટે ટેવાઈ ગયા પછી તેમને એચ.આઈ.વી. લાગુ પડ્યો અને એક વર્ષ પહેલાં ગુજરી ગયા.'

આમ કહી ઈવા અંદરના રૂમમાં જઈ સ્વર્ગસ્થ દિયરનો ફોટો લઈ આવી.

'તારી આવી દશા ન થાય અને સાચી દિશા મળે તે માટે ખાસ વિનંતી કે 'નાસ્તો' કરવા કરતાં પોતાના ઘરના ભોજનની થાળી ઉત્તમ છે. નહીંતર પસ્તાવું પડે છે. રિબાવું પડે છે.

આ સમજાવવા માટે જ તને ઘેર લાવી છું બાકી તારી જિંદગી તને જીવવાનો અધિકાર છે. રસ્તો તારે પસંદ કરવાનો છે.' આલાપે ઈવાનો હાથ પોતાના માથા ઉપર મૂક્યો અને પોતાની દિશામાં ચાલતો થયો. ઈવા એક પ્રચારક તરીકે આલાપને જોતી રહી. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| Priest | ભક્ત |
| Monk | ઋષિમુનિ |
| Hermit | ધર્મગુરુ |
| Devotee | જાત્રાળુ |
| Pilgrim | સાધુ |

### ઓળખાણ પડી?

મહારાજા કૃષ્ણરાજ વોડેયારએ બંધાવેલો કૃષ્ણરાજ સાગર ડેમ કયા રાજ્યમાં આવેલો છે એ ખબર છે?



અ) કર્ણાટક બ) તામિલનાડુ ક) ઓડિશા ડ) કેરળ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ૨ હા | ૩ શિ | વ | ૪ રા | ત્રિ | | ૫ પા | ર્વ | ૬ તી |
| ૭ હે | ર | ત | | જ | | ૮ આ | ળ | | ર્થ |
| શ્વ | | ૯ લ | ૧૦ પ | કા | | દિ | | ૧૧ અ | |
| ૧૨ ર | ૧૩ સા | | ૧૪ ર | જ | ૧૫ સ | | ૧૬ શ | ર | ૧૭ મ |
| | ૧૮ વ | ર | સ | | ૧૯ દ | ક્ષ | | ૨૦ વ | લ્લિ |
| ૨૧ ગ | જ | | | ૨૨ કુ | | | ૨૩ મ | લ્લિ | કા |
| જા | | ૨૪ ઓ | ૨૫ મ | કા | ૨૬ રે | શ્વ | ર | | ર્જુ |
| ૨૭ ન | ૨૮ વ | | ન | | ચ | | ણ | | ન |
| ૨૯ ન | ર | ૩૦ મ | | ૩૧ બા | ક | ૩૨ સ | | ૩૩ પા | |
| | ૩૪ સો | મ | ના | થ | | ૩૫ મ | હા | કા | લ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ | |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| ૧૦ | | | | ૧૧ | | | ૧૨ | | |
| | | | ૧૩ | | | ૧૪ | | | |
| ૧૫ | | ૧૬ | | | ૧૭ | | | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | | | | | ૨૧ | | |
| ૨૨ | | | | ૨૩ | | | | | ૨૪ |
| | | ૨૫ | | | | | | ૨૬ | |
| ૨૭ | ૨૮ | | | | | ૨૯ | ૩૦ | | |
| | ૩૧ | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. પરલી (બીડ)માં આવેલું જ્યોતિર્લિંગ (૪)
૪. પુણે જિલ્લામાં આવેલું જ્યોતિર્લિંગ (૫)
૭. પાણીનો હોજ (૨)
૮. --- પછી વારો, મારા પછી તારો (૨)
૧૦. --- આપવો એટલે વઢવું, ધમકાવવું (૩)
૧૧. ચરબી (૨)
૧૨. પાણીની છાંટ, ફર ફર (૩)
૧૩. દુનિયા, જગત (૨)
૧૪. વર્ષ, શૂળ (૨)
૧૬. હિમાલયમાં આવેલું જ્યોતિર્લિંગ (૫)
૧૮. મર્યાદા, સીમા, છેડો (૨)
૧૯. પૂરમાં --- એટલું બચાવી લેવું (૪)
૨૧. પરિસ્થિતિ, હમણાં, હાલત (૨)
૨૨. મને--- કાંટો વાગ્યો (૨)
૨૩. ચીરી નાખે એવું, અતિ દુઃખદ (૪)
૨૫. અંજતા-ઇલોરા પાસે આવેલું જ્યોતિર્લિંગ (૪)
૨૬. રવિવારે દરેક છાપાની--- આવે (૨)
૨૭. રીતરિવાજ, પરંપરા, રૂઢિ (૩)
૨૯. પરાજય (૨)
૩૧. શંકર, મહાદેવ (૨)
૩૨. લાચાર, બેબસ (૪)

**ઊભી ચાવી**

૧. વિષ્ણુનું ધામ (૩)
૨. જડત્વ (૪)
૩. --- કાળ થયા કરે (૨)
૫. કામદેવ (૨)
૬. સખત (૩)
૯. દક્ષિણ ભારતના છેડે આવેલું જ્યોતિર્લિંગ (૪)
૧૨. ચારિત્ર્ય (૨)
૧૩. છુટા પડવું તે (૩)
૧૪. સંગાથ (૨)
૧૫. નાસિક પાસે આવેલું જ્યોતિર્લિંગ (૫)
૧૬. --- રે મળેલા મનના મેળ (૨)
૧૭. મશહૂર, માનવંત (૪)
૧૮. ઉકેલ, સમાધાન (૨)
૨૦. ઘાસચારો (૨)
૨૧. તારી જો --- સુણી કોઇ ના આવે (૨)
૨૩. વારાણસીનું જ્યોતિર્લિંગ (૪)
૨૪. શિવનો જયેષ્ઠ પુત્ર (૪)
૨૫. રાજસ્થાની લોકપ્રિય લોકનૃત્ય (૩)
૨૮. સાથે (૨)
૨૯. નુકસાન, ખોટ (૨)
૩૦. ફળોનો જ્યૂસ (૨)

### ગુજરાત મોરી મોરી રે

આપણા દેશનો જે ભૌગોલિક વિસ્તાર અંગ્રેજીમાં North East India તરીકે ઓળખાય છે એ વિસ્તાર ગુજરાતીમાં કઈ રીતે જાણીતો છે એ જણાવો.

અ) વાયવ્ય ભારત બ) ઈશાન ભારત
ક) અગ્નિ ભારત ડ) નૈઋત્ય ભારત

### માતૃભાષાની મહેક

નિરંજન એટલે પરમાત્મા. ત્રિગુણાતીત એટલે સત્ત્વ, રજસ અને તમસ એ ત્રિગુણી માયાના ત્રણે ગુણોથી પર તે નિરંજન કહેવાય. માયાનું અંજન પરમાત્માને લાગતું નથી, તેથી તે નિરંજન કહેવાય છે. નિરંજના એટલે દુર્ગા અથવા સીતા માતાનું પણ એક નામ છે. દ્વેષ વિનાની કે કલંક રહિત નારી નિરંજની તરીકે ઓળખાય છે.

### સુડોકુ-૮૦૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | ૨ | | |
| ૮ | ૭ | | | | | | | ૫ |
| ૬ | | | | ૫ | | ૯ | ૮ | |
| | ૩ | | | ૮ | | ૫ | | ૯ |
| ૪ | | | | | | | | ૧ |
| ૫ | | ૬ | | ૩ | | | ૭ | |
| | ૬ | ૪ | | ૯ | | | | ૮ |
| ૭ | | | | | | | ૬ | ૩ |
| | | ૮ | | | ૫ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૬ | ૧ | ૭ | ૪ | ૯ | ૨ | ૮ |
| ૨ | ૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૬ | ૧ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૨ | ૬ | ૯ | ૩ | ૭ | ૫ |
| ૯ | ૮ | ૨ | ૩ | ૧ | ૫ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૬ | ૧ | ૯ | ૮ | ૭ | ૫ | ૩ | ૨ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૧ | ૮ | ૯ |
| ૩ | ૭ | ૮ | ૫ | ૯ | ૧ | ૨ | ૪ | ૬ |
| ૧ | ૪ | ૫ | ૭ | ૨ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૬ | ૨ | ૯ | ૪ | ૩ | ૮ | ૭ | ૫ | ૧ |

### ઈર્શાદ

તું એ વર્ષા છે કે એકાએક જે વરસી પડે છે,
મુજ તૃષા એવી જે બારે માસ ચાતક હોય છે.
– ગની દહીંવાળા

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

વ્યવસાયને લગતી બહુ જ જાણીતી કહેવત 'સઈ, સોની ને સાળવી એને જમ ન શકે જાળવી'માં સાળવી અન્ય કયા નામે પણ ઓળખાય છે એ કહી શકશો?

અ) દરજી બ) વણકર ક) સુથાર ડ) કડિયો

### માઈન્ડ ગેમ

હિમાલયમાંથી નીકળી દેવપ્રયાગમાં અલકનંદા સાથે સંગમ થયા બાદ આગળ ગંગા તરીકે ઓળખાતી નદીનું નામ જણાવો.

અ) બ્રહ્મપુત્રા બ) ગોમતી
ક) ભાગીરથી ડ) ધનેશ્વરી

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પ્રવચન | Sermon |
| પ્રાર્થના | Prayer |
| દીક્ષા | Renunciation |
| આરાધના | Worship |
| આસ્થા | Faith |

ઓળખાણ પડી?
અયોધ્યાપુરમ

માઈન્ડ ગેમ
૬૨૪૦

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પોપટ

ગુજરાત મોરી મોરી રે
ધરમપુર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ સંઘવી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) મહેશ દોશી (૧૩) નૂતન વિપીન શાહ (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાગવાળા (૧૬) શીરીન ઔરંગાબાગવાળા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) જ્યોતી ખાંડવાલા (૨૧) અરવિંદ કામદાર (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભાવના કર્વે (૨૫) રસીક જુઠાણી- ટોરન્ટો-કેનેડા (૨૬) જ્યોત્સના ગાંધી (૨૭) રમેશ દલાલ (૨૮) ઈનાક્ષી દલાલ (૨૯) હીના દલાલ (૩૦) નયના ગિરીશ મિસ્ત્રી (૩૧) પષ્પા ખોના (૩૨) જગદીશ ઠક્કર (૩૩) નિતીન જે. બજેરીયા (૩૪) અંજુ ટોલીયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# અંત સમયની સ્થિતિ



વર્ષોથી અડીખમ ઊભેલું વૃક્ષ તેના અંત સમયે પડી ભાંગે તો તેમાં પણ તેનું ગૌરવ વ્યક્ત થાય. વર્ષો સુધી જેણે જંગલ પર રાજ કરેલું છે તે સિંહ તેના અંત સમયે ગૌરવથી મૃત્યુનો સ્વીકાર કરતો હોય તેમ જણાય. સાત્વિક સિદ્ધાંત સાથે સમગ્ર જીવન વ્યતીત કર્યા બાદ વૃદ્ધ વડીલના ચહેરા પર આયુષ્ય પૂરું થવાની અણીએ પણ એક પ્રકારનું ગૌરવ કાયમ રહે. અંત સમયે પ્રતીત થતું ગૌરવ એ જીવનની એક અદ્‌ભુત ઘટના છે.

સમગ્ર જીવનમાં ગૌરવ જળવાઈ રહે તે રીતે જીવન વ્યતિત કરાયું હોય, ક્યાંય અન્યાય કર્યો ન હોય અને અન્યાય સ્વીકાર્યો ન હોય, પ્રત્યેક ઉત્તરદાયિત્વનો ઈમાનદારીથી નિભાવ કર્યો હોય, સાંસ્કૃતિક પરંપરા જાળવી રાખી હોય, બિનજરૂરી વિરોધ કરવાનો પ્રયત્ન ન કર્યો હોય, માતા-પિતાની સેવા કરી હોય અને વડીલોની આમાન્યા જાળવી હોય, અનુજ પ્રત્યેનો ધર્મ નિષ્ઠાથી નિભાવ્યો હોય, સૃષ્ટિનાં સમીકરણમાં ખલેલ પડે તે પ્રકારની પ્રવૃત્તિથી દૂર રહ્યા હોય, જીવનમાં સત્યને હંમેશાં મહત્ત્વ આપ્યું હોય, સાત્વિક બાબતોનો હંમેશાં સ્વીકાર કરી તે પ્રમાણે જિંદગીને ઢાળી હોય, ઈમાનદારીથી કમાણી કરીને તેમાંથી થોડી બચત કરી જરૂરિયાતમંદને મદદ કરી હોય, ભૂખ્યાને બટકામાંથી બટકું આપ્યું હોય અને શાસ્ત્ર અને ગુરુમાં વિશ્ર્વાસ રાખ્યો હોય તો અંત સમયનું ગૌરવ ચોક્કસ જળવાઈ રહે.

કહેવાય છે કે સમગ્ર જીવન જે રીતે વ્યતીત થાય તે મુજબની પરિસ્થિતિ અંત સમયે સામે આવે. જીવનભર અસત્યને મહત્ત્વ આપ્યું હોય અને અસત્યનો સહારો લીધો હોય તો અંત સમયે અસત્ય સામે આવીને ઊભું રહે. આખી જિંદગી પાપની આસપાસ ગોઠવાઈ હોય તો અંત સમયે તે પાપ તેનું પરિણામ પ્રબળતાથી સ્થાપિત કરે. જીવનભર હિંસા કરી હોય અને મારકાટને જીવનશૈલી બનાવી દીધી હોય તો અંતનું કારણ તે કે તે પ્રકારની હિંસા જ બને. આખી જિંદગી શ્રદ્ધા રાખી હોય તો અંત સમયે તે શ્રદ્ધાનું પરિણામ મળે. જેવી જિંદગી તેઓ અંત. જિંદગી જો ગૌરવપૂર્ણ હોય તો અંત પણ ગૌરવથી ભરપૂર હોય.

આમાં અપવાદ પણ છે. કહેવાય છે કે એક ક્ષણમાં પરિસ્થિતિ બદલાઈ શકે. ગીતામાં પણ જણાવાયું છે કે મહાન પાપી પણ ક્ષણમાત્રમાં ધર્માત્મા બની શકે છે. ક્ષિપ્રં ભવતી ધર્માત્મા કહીને શ્રીકૃષ્ણએ આ વાત સ્થાપિત કરી છે. પણ આ પ્રકારના બદલાવ માટે એક પ્રબળ આંતરિક બળ જરૂરી છે.

વ્યક્તિ રાતોરાત ધર્માત્મા ત્યારે જ બની શકે જ્યારે જીવનમાં જબરજસ્ત આંચકો અનુભવ્યો હોય, સાંસારીક તેમજ સામાજિક સમીકરણોની વ્યર્થતા દ્રઢતાપૂર્વક સમજાઈ ગઈ હોય, ધ્યેય વગર પસાર થતાં જીવનને એકદમ સાત્વિક ધ્યેય મળી ગયું હોય, પૂર્વ જન્મના કોઈ સંસ્કારને આધારે આધ્યાત્મિકતાનો માર્ગ એકાએક સ્પષ્ટ થઈ ગયો હોય, એકાએક ગુરુદેવની કૃપાદ્રષ્ટિ પ્રબળ થઈ ગઈ હોય, ક્ષણભર માટે પણ આત્માની કે ઈશ્ર્વરની પ્રતીતિ થઈ હોય, શાસ્ત્રના ગૂઢ અર્થ એકદમ સમજાવા માંડ્યા હોય, સંત પુરુષના આશીર્વાદ પ્રાપ્ત થયા હોય અને સમગ્ર પરિસ્થિતિ હકારાત્મકતાથી ગોઠવાતી જતી હોય. આ બધી સંભાવનાઓ તો છે જ. દરેક વ્યક્તિ વાલિયા લુંટારામાંથી વાલ્મીકિ બનવા સક્ષમ છે જ.

વ્યક્તિએ અંત કેવો જોઈએ છે તે નક્કી કરી દેવું જોઈએ. અંત સમય કેવો હોવો જોઈએ એનું નિર્ધારણ કરી વ્યક્તિએ ઊલટા ક્રમમાં જીવન વ્યતીત કરવાની શરૂઆત કરી દેવી જોઈએ. છેલ્લી ક્ષણે શેની અનુભૂતિ કરવી છે તે નક્કી કરી જીવનનું છેલ્લું વર્ષ કેવી રીતે પસાર કરવું જોઈએ તે નક્કી થઈ શકે. અને તે રીતે એની પહેલાંના અને પછી તેની પહેલાંના વર્ષ બાબતે નક્કી થઈ શકે. આની માટે એક સરળ રીત છે. તમારી સૌથી નજીકની વ્યક્તિઓ તમારા મૃત્યુ બાદ તમને કઈ રીતે યાદ રાખે તેવું તમે ઈચ્છો છો, તે નક્કી કરી અત્યારથી જ તે પ્રમાણે જીવન જીવવાની શરૂઆત કરી દેવી. પરંતુ ધ્યાન એ રાખવાનું કે આ નિર્ધારણ સાત્વિકતા આધારિત હોવું જોઈએ.

દરેક વ્યક્તિ એમ ઈચ્છે છે કે જીવન પણ ગૌરવપૂર્ણ હોય અને મૃત્યુ પણ ગૌરવયુક્ત હોય. કોઈ વ્યક્તિ લાચારીમાં જીવવા પણ નથી માગતી અને મૃત્યુ સમયે પણ લાચારી નથી ઈચ્છતી. દરેક વ્યક્તિને સ્વાભિમાન હોય છે. સ્વાભિમાન યુક્ત જીવન તેમને જોઈતું હોય છે. મૃત્યુ વખતે પણ તે સ્વાભિમાન જળવાઈ રહે તેવી દરેકની ઈચ્છા હોય તે સ્વાભાવિક છે. પ્રશ્ન એ છે કે આ સ્વાભિમાન કે ગૌરવ માટે પ્રયત્ન કેવા પ્રકારનો કરવામાં આવે છે. ગૌરવ છીનવીને, માગીને, પ્રલોભનો આપીને, ભ્રમ ઊભો કરીને કે અનીતિના માર્ગથી પ્રાપ્ત ન જ થાય. ગૌરવ પ્રાપ્ત કરવામાં પણ ગૌરવ હોવું જોઈએ.

જેસલ જાડેજો જ્યારે એમ કહે કે છેલુકી વેળાની અમને ગાયત્રી સંભળાવજો જ્યારે એ સ્પષ્ટ હોય છે કે કેવા પ્રકારના અંતની તેમને ઈચ્છા છે. દરેક વ્યક્તિ આટલી અને આવી સ્પષ્ટ નથી હોતી. હકીકત તો એ છે કે વ્યક્તિ અંત માટે તૈયાર જ નથી હોતી. અંત આવી જાય છે, તેની માટે કોઈપણ પ્રકારની તૈયારી કરાયેલી નથી હોતી. વાસ્તવિકતા એ છે કે અંત કોઈને જોઈતો જ નથી હોતો. યક્ષના પ્રશ્નના જવાબમાં યુધિષ્ઠિરે જણાવેલું તે મુજબ, દરેક વ્યક્તિ એવું વર્તન કરતો હોય છે કે જાણે તેનો અંત આવવાનો જ નથી, દુનિયાનું આ સૌથી મોટું આશ્ચર્ય છે.

પછી તો જેવો હોય તેવો અંત સ્વીકારવો પડે. એમાં ગૌરવ પણ હોય શકે કે લાચારી પણ. એમાં ધાર્મિકતા પણ હોય શકે કે અસત્યનું પ્રભુત્વ પણ. તેમાં સંતોષ હોઈ શકે કે અનેક ફરિયાદ પણ. તેમાં શાંતિ હોઈ શકે કે ઉગ્ર વિરોધ પણ. આગળની ગતિ માટે અંત સમયની સ્થિતિ બહુ મહત્ત્વની ગણાય છે. તેની માટે ગંભીરતા ધારણ કરવી જરૂરી છે.

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

## નિષ્કુળાનંદસ્વામીઃ

# વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કબદ્ધ સર્જક



(ગતાંકથી ચાલુ)

૨. ‘હરિબળગીતા’

મારી દૃષ્ટિએ સ્વામિનારાયણ સંપ્રદાયની તાત્ત્વિક પીઠિકાનો પરિચય કરાવતો નિષ્કુળાનંદ સ્વામીકૃત ‘હરિબળગીતા’ ભક્તિમાર્ગનો મહિમા તર્કપૂત રીતે કથતો હોઈને એની મહત્તા ઘણી છે. પ્રથમ કડવાના આરંભે જ તેઓ કથે છે :

‘પુરુષોત્તમ પ્રગટનું, નામ નિર્ભય નિશાણ
જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ’. (કડવું-૧, કડી-૩)

‘જપ તપ તીર્થ જોગ જગન, વ્રત વિધિ દિયે વળી દાન
નિષ્કુળાનંદ નારાયણના, નાવે નામ સમાન’. (કડવું-૧, કડી-૮)

અહીં શ્રીહરિને શરણે રહીને એમના નામ-જાપ સ્મરણનો મહિમાથી ભક્તિભાવના ગ્રંથના કેન્દ્રમાં છે. બે માર્ગ છે એક પ્રેમલક્ષણા ભક્તિ અને બીજો જ્ઞાનમાર્ગીભક્તિ. અહીં યોગના-જોગ કરતાં નામજાપનો મહિમા સ્પષ્ટ રીતે પ્રતિપાદિત કરતા પ્રેમભક્તિનાં લક્ષણો શરણ, આશ્રય, પ્રપત્તિ, ન્યાય, નિશ્ચય અને સ્વરૂપનિષ્ઠા સ્વીકાર કરવાથી જણાવે છે કે મોક્ષગતિ પ્રાપ્ત થાય છે. ઈશ્વરની ઈચ્છા એ જ પ્રારબ્ધ છે. ઈશ્વરની મરજી મુજબ વર્તવું, ઈશ્વરને આજ્ઞાધીન રહેવું, ઈશ્વરમાં અડગ શ્રદ્ધા રાખવી, ઈશ્વરની આર્તનાદે પ્રાર્થના, ઈશ્વરને નિયંતા ગણી સમર્પિત થવું અને ઈશ્વર પરત્વે વિનિત-નમ્રભાવ. આવી શરણભક્તિ, પ્રેમભાવ દાખવીને અનુસરવું સરળ છે. યોગમાર્ગમાં - જ્ઞાનમાર્ગમાં તો એના આઠ અંગોને અપનાવવા કઠિન છે. યોગમાર્ગ વારંવાર કરવાનો રહે. શરણાગતિમાં તો માત્ર એક જ વારની પ્રાર્થના મોક્ષદાયી બને છે. ગજરાજ અને દ્રૌપદી અને અનેક ષ્ટાંતોથી નિષ્કુળાનંદ ઇષ્ટદેવને સર્વોપરી ગણીને એમને જપવાનું આ ગ્રંથરચના દ્વારા સૂચવી જાય છે. કથાપ્રવાહમાં દૃષ્ટાંતને અનુસંગે તાત્ત્વિક મુદ્દાઓ સમજાવે છે. સાત-આઠ કડીના કડવા, વિવિધ રાગ સાથે સાથે જ્યાં સંવેદનાત્મક ભાવવિશ્વને પ્રસ્તુત કરવાનું હોય ત્યાં પદ કે ધોળમાં કૃતિને ગુજરાતી ભાષામાં સર્જી છે. ૪૪ કડવાં,૧૧ પદ-ધોળ. પ્રત્યેક કડવાને અને પદ-ધોળને અંતે નિષ્કુળાનંદની નામછાપ મુકાઈ છે. કુલ ચારસો કડી છે. કૃતિના ૪૪મા કડવામાં તેમણે સમય પણ આલેખેલ છે:

‘સંવત અઢાર અઠ્ઠાણુનો, માસ પુરુષોત્તમ પૂનમ દને,
નિષ્કુળાનંદ જનહિત અર્થે, કર્યો ગ્રંથ સમજી મને.’ (કડવું ૪૪, કડી-૮)

સંપ્રદાયને અભિપ્રેત શરણભક્તિનો મહિમા નિષ્કુળાનંદે એમની ૭૬ વર્ષની પ્રૌઢવયે અહીં આલેખ્યો છે, એને હું એમની અધ્યાત્મભક્તિ વિષયની પાકટ સમજનું પ્રતીતિપૂર્વક પરિણામ ગણું છું.

૩. ‘ચોસઠપદી’ :

હકીકતે આઠ-આઠ પદના સાંપ્રદાયિક ભક્તિભાવનાના સ્વરૂપનો આઠ ગુચ્છોનો આ સંચય ભક્તિવિભાવનાના ઉદ્‌ઘાટક છે. પ્રારંભના અષ્ટપદ ગુચ્છમાં ઇષ્ટદેવ સ્વામીનારાયણ તથા સંતોનો મહિમા વર્ણ્ય વિષય છે. પછી સંત અને અસંતના ભેદ વર્ણવીને સાચા સંતોની ઓળખ અંતઃકરણની આંખ ખોલીને કરવાની હોય છે. પછીના ગુચ્છમાં શુકદેવ, નારદ, સનકાદિ વગેરેનાં દૃષ્ટાંતો દ્વારા ભૌતિક વસ્તુ પરત્વેના મોહમાં ન રહેવાનું સૂચવાયું છે. ભગવાન ઇષ્ટદેવ સ્વામીનારાયણના મહિમાનાં પદોનું ગુચ્છ પણ ભક્તિભાવનું દ્યોતક છે. ઉપદેશ-બોધમૂલક ભક્તિભાવને પ્રગટાવતા પદોમાં નારી પરત્વેની આસક્તિના ત્યાગનું તથા વૈરાગ્યભાવને અપનાવવાનું વલણ આ પદરાશિ દ્વારા પ્રગટતું અવલોકવા મળે છે. કેટલાક પદ-ધોળમાં, કેટલાક પદ ગરબીના ઢાળમાં ઢાળ્યા છે. મૂળ તો પ્રેમભક્તિના મહાત્મ્યનું આલેખન કરીને એને દઢતાથી અનુસરવાનું કથન આ પદોનું ભાવવિશ્વ છે. ભક્તિતત્ત્વનું રૂપ અને મહિમા પ્રગટાવતી ‘ચોસઠપદી’ મને આવા કારણે મધ્યકાલીન ગુજરાતી ભક્તિ કવિતાની મહત્ત્વની રચના જણાઈ છે.

૪. ‘પુષ્પચિંતામણિ’ :

ઈશ્વરને ચાહતી વ્યક્તિ-હરિભક્તની વિયોગની-વ્યથાને પુષ્પના રૂપકથી ૩૧ દોહામાં વ્રજભાષામાં રચેલી આ રચના પ્રેમભક્તિનો સંદેશ કહે છે.

કેસરભીને કાનજી, ઘેર આયે ગોવિંદ
પ્યારે પ્રીતમ ઉપરે, વારી નિષ્કુળાનંદ.’ ૩૧

અંતિમ દોહામાં ભાવને-મૂળ નાયક કાનજી-ગોવિંદની ઉપર વારી ગયાના ભાવવિશ્વને આલેખીને આખી રચનાનો મર્મ પ્રગટ કર્યો છે. જુદા જુદા પુષ્પના ઉલ્લેખ મનોભાવના ઉદ્દીપક છે. વિરહ-વ્યથા, ભક્તની હરિથી વિખૂટા હોવાની પીડા ભક્ત હૃદયનો વિલાપ ભક્તિભાવનું પરિચાયક છે.

૫. ‘ચિહ્નો ચિંતામણિ’ :

શ્રીહરિના પગમાં-ચરણારવિંદમાં નિષ્કુળાનંદે સોળ મંગળ ચિહ્નોના દર્શન કરેલા. એ ચિહ્નના વર્ણનના સોળ દુહા વ્રજભાષામાં રચીને પોતાનો ભક્તિભાવ પ્રગટ કરેલ છે. ચરણકમળ વંદના, સ્પર્શ અને દર્શન ઇષ્ટદેવની ભક્તિનું એક ઘટક છે. એમના ચરણારવિંદ પૂજાનું પણ ઘટક છે. એમાંના ચિહ્નોના ભાવને વંદતી-ગુણ ગાતી આ લઘુરચના નાનકડું ભક્તિકાવ્ય છે.

૬. ‘ભક્તનિધિ’ :

ધોલેરા મંદિરમાં આયુષ્યનાં અંતિમ વર્ષો સુધી નિષ્કુળાનંદની સાહિત્ય ઉપાસના ચાલુ રહેલી. ઈ.સ. ૧૮૪૬માં રચાયેલી આ એમની અંતિમ રચના ગણાય છે. ૪૪ કડવાં, ૧૧ પદ, બે સોરઠા અને બે દોહા મળીને કુલ ૫૦૮ કડીની ગુજરાતી રચના નિષ્કામ ભક્તિનો મહિમા ગાય છે. નિષ્કુળાનંદે પ્રગટ ભગવાન-ઈષ્ટદેવની ભક્તિ, નિષ્કામભક્તિ, અવ્યભિચારિણી ભક્તિ, ધર્મઆદિ ત્રણ અંગ અને મહાત્મ્યજ્ઞાન સહિત ભક્તિ તથા પરિપૂર્ણ પ્રેમલક્ષણા ભક્તિ. આ પાંચ ઘટકો ઉપર ભાર મૂકીને ભક્તિવિભાવના સ્પષ્ટ કરી છે. પ્રત્યેક કડવાંમાં અંતે પોતાની નામછાપ અંકિત કરી છે. દત્તચિત્તે ભક્તિમાં જ રમમાણ રહેવાનું સૂચવતા કવિ ગાય છે.

‘જેમ નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ
પણ નટ ન જુએ કોઈને, જો જુવે તો બગડે કામ. ૪
તેમ ભક્તિ કરતાં ભક્તને, નવ જોવા દોષ-અદોષ,
ગુણ અવગુણ કેના ગોતતા, અતિ થાય અપશોષ. ૫
(કડવું-૧૦)

અનેક દૃષ્ટાંતો, વિવિધ પ્રકારના રાગ જેવા કે ધન્યાશ્રી, બિહાગડો, આશાવરી, ધોળ અને પરજને સમુચિત રીતે અહીં પ્રયોજ્યા જણાય છે. દોહા, સોરઠા અને કડવાબંધની વચ્ચે ઉચિત રીતે પદને પણ ગૂંથી લીધા છે. નિષ્કુળાનંદજીની સાંપ્રદાયિક ભક્તિ વિભાવનાને સુરેખ અભિવ્યક્તિ અર્પતી આ અંતિમ રચના ઘણી મહત્ત્વની છે. (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# કોઈ પણ સર્જન ‘શક્તિ’ સિવાય અશક્ય છે...



શિવજી યોગીસ્વરૂપે પાર્વતીજીની પ્રશંસા કરતાં કહે છેઃ સર્વ મનોકામના પરિપૂર્ણ કરનાર ભગવતી ભવાની ભુવનેશ્વરી શ્રી અંબાને સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર માનવામાં આવે છે. વળી આ આદ્યશક્તિ અંબાને આદિમાયા, આદિશક્તિ, મહાશક્તિ પણ માનવામાં આવે છે. ‘બ્રહ્મ’ સાથેનો મહામાયાનો સંબંધ અભેદ્ય છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ જ આ ‘અંબા’ મહાતત્ત્વ છે, જે સર્વની જનેતા છે, તે અનાદિ અનંત છે, જે જન્મ અને મૃત્યુથી મુક્ત છે. આ અંબા-ભવાનીનું યાને પાર્વતીજીનું સ્વરૂપ સગુણ, નિર્ગુણ અને કલ્યાણમય છે. એને મહાલક્ષ્મી, મહાસરસ્વતી, મહાકાલી, બ્રહ્માણિ આદિ અનેકવિધ નામથી ઓળખવામાં આવે છે. ‘અંબા’ મહાતત્ત્વ એ આદિજનની હોવાથી વંદનીય અને પૂજનીય છે. પ્રલય સમયે સમગ્ર વિશ્વને સમેટી લેવાની આ વિશ્વેશ્વરી અમોઘ શક્તિ ધરાવે છે. આ પૂર્ણ પ્રકૃતિમાં જીવપ્રાણીમાત્રની આકૃતિ પરિસમાપ્ત થાય છે, એમના દેહમાં સર્વ જીવોની આકૃતિ સમાઈ જાય છે. એમની કરોડો પ્રતિકૃતિઓ છે. સદાશિવની માફક શિવાના પણ અનેક અવતારો છે. એ મૂળ પ્રકૃતિ છે, એ અનાદિ છે, અનંત છે. બ્રહ્માંડની રચના આ ‘અંબા’ મહાતત્ત્વને આભારી છે. વિશ્વમાં જે કાંઈ દૃષ્ટિગોચર થાય છે તે એમને આભારી છે. આ મહાતત્ત્વ મહાશક્તિ છે, પરમ પુરુષ દ્રષ્ટા છે, ચરાચર જગત દૃશ્ય છે. તે સર્વથી પર છે, દિવ્યાંગના છે. આ ‘અંબા’ આરાસુરી એટલે જીવપ્રાણીમાત્રની જનેતા, આખું જગત, બ્રહ્માંડ વગેરે ‘અંબા’માં આવિર્ભાવ પામ્યું છે. એમનામાં સમાયેલું છે. આ ‘અંબા’ અખિલ જગતની ધાત્રી છે. અંબાની શક્તિથી વંચિત એક પણ વસ્તુ આ વિશ્વમાં દૃષ્ટિગોચર થતી નથી. જો આ આદ્યશક્તિની શક્તિ અલગ થઈ જાય તો વિશ્વની વ્યવસ્થા ખોરંભે પડી જાય.

ભવાની ભુવનેશ્વરી આદ્યશક્તિનો મહિમા અપરંપાર છે. પુરુષ શક્તિ જ્યારે પરાજય પામે અને એના બળના દીવડા જ્યારે ઓલવાઈ જાય છે, અસુરો વિજયઘેલા બની ત્રણેય લોકને ત્રાહિ ત્રાહિ પોકારાવે છે ત્યારે સ્ત્રીશક્તિ, માતૃશક્તિ એટલે કે ભવાની ભુવનેશ્વરી પોતાના મહાબળથી ધર્મ અને ધરતીનું રક્ષણ કરે છે. આસુરી તત્ત્વો સામે લડવાનું કર્તવ્ય આવીને ઊભું રહે છે ત્યારે આ શક્તિ ક્ષણભરની ઢીલ કર્યા સિવાય મહાદૈત્યો સામે યુદ્ધમાં ઊતરે છે, અને એનો ધ્વંસ કરી ધર્મની સ્થાપના કરે છે. શરણે આવેલાનું નિત્ય કલ્યાણ કરનાર રિદ્ધિ અને સિદ્ધ સ્વરૂપા માતા ભવાનીને આપણે હંમેશાં વંદન કરવાં જોઈએ, કારણ કે માતા ભવાની કૃપારૂપી ‘વર્ષા’ વરસાવતાં પૃથ્વીવાસીઓને પરિતૃપ્ત કરે છે. સાથોસાથ પશુ-પંખી, માનવ, જીવ-જંતુ, વનસ્પતિ, વૃક્ષો વગેરેને પણ પરિતૃપ્ત કરે છે, પાલન કરે છે, પોષણ કરે છે અને રક્ષણ કરે છે. મા અંબાએ તો આસુરી તત્ત્વોનો તો બહુધા વિનાશ કર્યો છે. દાનવ-શક્તિને આ ભવાની ભુવનેશ્વરીએ ભસ્મીભૂત કરી છે.

***

સર્વ કોઈની સર્વસ્વ મા ભવાની જ છે. જ્યારે ઉપાસના-પૂજા-ભક્તિ કરતાં હોઈએ ત્યારે ભવાની શક્તિને ભિન્ન ગણે તો તે ‘શૂન્ય’ છે. કોઈ પણ સર્જન ‘શક્તિ’ સિવાય અશક્ય છે. આ શક્તિ સહસ્ર સાવજને શરણે લાવવાની દિવ્ય શક્તિ ધરાવે છે. ત્રણેય ભુવનને સુખ, શાંતિ અને સમૃદ્ધિ બક્ષવાનું અલૌકિક અને અનોખું પ્રાબલ્ય આ ‘અંબા’ મહાતત્ત્વ ધરાવે છે.

ભગવાન શિવે યોગી સ્વરૂપે ‘શક્તિ’ના ઐશ્વર્યની વાત કરીને કહ્યું કે, ‘હું ખૂબ જ થાકી ગયો છું, એટલે રાત્રે હું અહીં વિશ્રામ કરવા ઇચ્છું છું, રાતવાસો કરીને સવારે ચાલ્યો જઈશ.’

આહુકે આતિથ્યસત્કારથી પ્રેરાઈને ફળફળાદિ ધર્યાં અને કહ્યું, ‘યોગી આપની મુખાકૃતિથી જણાય છે કે આપ થાકેલા છો, પણ વિશ્રામ પહેલાં ફળાહાર ઉત્તમ રહેશે, આપ આ ફળાહાર આરોગો ત્યાં સુધીમાં હું ઉત્તમ જળની પ્રાપ્તિ કરાવું.’

ભગવાન શિવ (યોગી સ્વરૂપે)ઃ ‘મેં તમને પહેલાં જ કહ્યું કે આરાસુરી અંબાનાં દર્શને જાઉં છું, નકોરડો ઉપવાસ છે.’

આહુકઃ (જરા વિચારીને કહ્યું) ‘મહારાજ! અમારી આ નાનકડી પર્ણકુટિમાં આપ શી રીતે રહેશો?’

ભીલ આહુકના શબ્દો સાંભળીને યોગી મહારાજે ચાલવા માંડયું, ત્યાં જ ભીલપત્ની આહુઆ બોલી ઊઠી, ‘સ્વામી! યોગી મહારાજને રોકો. તમે શું તમારો ગૃહસ્થ ધર્મ ભૂલી ગયા? ઝૂંપડી નાની છે તેથી શું થયું? તમે તથા યોગી મહારાજ ઝૂંપડીની અંદર આરામ કરજો, હું રક્ષણ કાજે શસ્ત્રો લઈ બારણે બેસીશ, સવાલ ફક્ત એક રાતનો છે...’

પત્નીની વાત સાંભળી ભીલ આહુક યોગીની પાછળ દોડ્યા અને કહ્યું, ‘મહારાજ આમ ક્રોધિત ના થાઓ, હું આહુક અને મારી પત્ની આહુઆ તમને વિનંતી કરીએ છીએ કે તમે અમારી ઝૂંપડીએ રાત્રિરોકાણ કરી અમારી પર્ણકુટિને પાવન કરો.’

ભીલ આહુકે પ્રેમપૂર્વક આગ્રહ કરતાં આગંતુક યોગી રોકાઈ ગયા. ભીલ આહુકે યોગી (ભગવાન શિવ) માટે પથારી બનાવી આપી. યોગી તુરંત નિદ્રાધીન થઈ ગયા.

ભીલ આહુક વિચારવા લાગ્યો કે, તેની પત્ની આહુઆ સ્ત્રી-અબળા છે કોઈ જંગલી જાનવર આવી ચઢે તો શું થશે, માટે મારે જ શસ્ત્રો ધારણ કરીને ઝૂંપડીનાં દ્વારે બેસવું જોઈએ અને પત્નીની પથારી પણ ઝૂંપડીની અંદર જ કરાવવી જોઈએ.

રાત બહુ વીતી ગઈ હતી. તેઓ બંને અંદર સૂતાં અને ભીલ આહુક બારણાની બહાર અગ્નિ પ્રગટાવીને, શસ્ત્રો ધારણ કરીને બેઠો, જેથી જંગલી જાનવર નજીક ન આવે, પરંતુ રાત્રે અઘટિત ઘટના બની ગઈ. દિવસના અથાગ પરિશ્રમને લીધે ભીલ આહુકને નિંદર આવી ગઈ. આહુક પાસે જે અગ્નિ પ્રજ્વલિત હતો તે ઓલવાઈ ગયો અને મધરાતે હિંસક પશુએ નિદ્રાધીન ભીલ આહુકને મારી નાખ્યો.

સવારે યોગી મહારાજે અને આહુઆએ જાગીને જોયું તો ઘવાયેલો અને મૃત્યુ પામેલો આહુક આંગણા પાસે પડ્યો હતો. ભીલડી આહુઆ આક્રંદ કરવા લાગી. યોગી મહારાજે ભીલડીને આશ્વાસન આપ્યું.

ભીલડી આહુઆઃ ‘મહારાજ! ચિંતાનું કોઈ કારણ નથી, આવું મૃત્યુ તો પરમ ભાગ્યશાળીને જ મળે. હવે હું તો તેમની સાથે સતી થઈશ, જેથી અમારા બંનેનું કલ્યાણ થશે.’

ભગવાન શિવ (યોગી સ્વરૂપે)ઃ ‘પુત્રી સતી થવું યોગ્ય નથી.’

પતિના અવસાનથી દુઃખી થયેલી ભીલડી આહુઆએ ભગવાન શિવની વાત ન માનતાં ચિતા ખડકી અને પતિનું શરીર (શબ) ખોળામાં રાખી સતી થવા તૈયારી કરી.

ભગવાન શિવે તે વખતે દર્શન આપી ભીલડી આહુઆને વરદાન માગવા કહ્યું, પરંતુ ભીલડી તો ચિતા પર ધ્યાનમગ્ન બની ગઈ હતી અને એ જ ક્ષણે યોગાગ્નિ દ્વારા એ ચિતા સાથે બળવા માંડી.

આખરે શિવજીએ તેમને સામે ચાલીને વરદાન આપ્યું કે ‘હે આહુક અને આહુઆ તમે મારા પરમ ઉપાસક હતાં, તમારી પરીક્ષા લેવા આવ્યો હતો કે તમે ખરેખર મારા ઉપાસક છો કે ઢોંગી છો. હું તમને વરદાન આપું છું કે આગલા જન્મમાં આહુક નિષધ દેશના રાજા વીરસેનને ત્યાં પુત્ર નળ રૂપે જન્મ લેશે અને આહુઆ તારો જન્મ વિદર્ભ દેશમાં રાજા ભીમસેનને ત્યાં પુત્રી દમયંતી રૂપે થશે. જતિ એવો હું ભગવાન શિવ હંસ સ્વરૂપે અવતાર ધારણ કરીશ અને આપત્તિકાળ દરમિયાન તમારા બંનેનો સંયોગ કરાવીશ. તમે બંને રાજસુખ ભોગવીને અંતે મોક્ષમાર્ગનાં સોપાન સર કરશો.’

એટલું કહીને ભગવાન શિવ ત્યાં ‘અચલેશ્વર’ લિંગ રૂપે સ્થિત થયા. (ક્રમશઃ) ■

નળ - દમયંતીના અવતાર રહસ્યની આ કથા અતિપાવનકારી છે. આ કથાનું જે શ્રવણ-પઠન કરે છે તે મોક્ષગતિને પામે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, ભાગીરથી ગંગાને જગતના કલ્યાણાર્થે પોતાની જટામાં ઝીલનાર સદાશિવનો મહિમા અપરંપાર છે. જગતને ‘શિવ’ એટલે કે ‘કલ્યાણ’ની તાતી જરૂર છે. ભાવિક ભક્તોએ સદાશિવને નમન કરી શિવમય જગતના સર્જનમાં લાગી જવું જોઈએ. સદાશિવનો પાવન માસ શ્રાવણ છે, પરંતુ શિવકાર્ય કરવા માટે તો બારેય માસ શ્રાવણ જ છે.

# માર્કેટ કેપમાં ₹ ૧૮.૧૯ લાખ કરોડનો ઘટાડો, એફઆઈઆઈની ₹ ૨૫,૪૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી

મુંબઇઃ શેરબજારમાં સમીક્ષા હેઠળના પાછલા સત્રમાં તમામ સેક્ટરના ઈન્ડેક્સની પીછેહઠ સાથે માર્કેટ કેપમાં રૂ. ૧૮.૧૯ લાખ કરોડનો ઘટાડો અને એફઆઈઆઈની રૂ. ૨૫,૪૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી જોવા મળી હતી. ૨૮ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૫, ૩૧૧.૦૬ના બંધથી ૨,૧૧૨.૯૬ પોઈન્ટ્સ (૨.૮૧ ટકા) ઘટ્યો હતો.

સેન્સેક્સ ૨૪ ફેબ્રુઆરી અને સોમવારે ૭૪,૮૯૩.૪૫ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૭૪,૯૦૭.૦૪ અને ૨૮ ફેબ્રુઆરી અને શુક્રવારે નીચામાં ૭૩,૧૪૧.૨૭ સુધી જઈ અંતે ૭૩,૧૯૮.૧૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૩૮૪.૦૧ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૦૨.૨૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૧૮.૧૯ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૩.૩૮ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૩.૫૫ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૩.૮૧ ટકા ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ ૪.૪૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૬.૦૫ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ૪.૮૯ ટકા અને એસએમઈ આઈપીઓ ૮.૩૩ ટકા ઘટ્યો હતો.

બધા સેકટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં આઈટી ૭.૭૬ ટકા, ટેક ૬.૯૦ ટકા, પીએસયુ ૫.૯૨ ટકા, રિયલ્ટી ૫.૬૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૫.૫૫ ટકા, કેપિટલ ગુડ્સ ૫.૪૧ ટકા, પાવર ૫.૩૮ ટકા, ઓટો ૪.૭૩ ટકા, મેટલ ૪.૦૯ ટકા, હેલ્થકેર ૩.૫૫ ટકા, એફએમસીજી ૨.૯૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૮૮ ટકા અને બેન્કેક્સ ૧.૫૫ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં માત્ર ત્રણ શેરમાં સુધારો નોંધાયો હતો, જેમાં એચડીએફસી બેન્ક ૨.૨૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૭૧ ટકા અને એક્સિસ બેન્ક ૨.૨૮ ટકા ઊછળ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી ઓછા ઘટેલા શેર બજાજ ફિનસર્વ ૦.૨૯ ટકા અને નેસ્લે ઈન્ડિયા ૧.૧૫ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ કંપનીઓમાંથી સૌથી વધુ ઘટેલી પાંચ કંપનીઓમાં ટેક મહિન્દ્ર ૧૦.૭૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧૦.૩૨ ટકા, ટીસીએસ ૮.૬૬ ટકા, ટાટા મોટર્સ ૮.૪૪ ટકા અને એચસીએલ ટેક્નોલોજી ૭.૯૯ ટકા ગબડ્યો હતો. દરમિયાન કોર્પોરેટ હલચલમાં જાહેર ક્ષેત્રની ધિરાણકર્તા ઇન્ડિયન ઓવરસીઝ બેંકને ૬૯૯.૫૨ કરોડ રૂપિયાની જીએસટી ડિમાન્ડ નોટિસ મળી છે, બેન્કે નોટિસને પડકારવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

એરગનના ઉત્પાદન માટે પરવાનો ધરાવતી ટ્રાજેક્ટ્રોન સ્પોર્ટસે તેના પહેલા પ્રોજેકટ આરવાન અંતર્ગત આધૂનિક કસ્ટમ બિલ્ટ એરગનનું ઉત્પાદન કર્યુ છે, જે આંતરરાષ્ટ્રીય ગુણવત્તા ધરાવતી પહેલી સ્વદેશી આધુનિક પ્રીચાર્જ્ડ ન્યુમેટિક (પીસીપી) એરગન ગણાય છે. ભારતીય એરગનની બજાર એક અંદાજે ત્રણ અબજ ડોલરની છે.

ડિજીટલ રેવોલ્યુશનને કારણે ખાસ કરીને વિદ્યાર્થીઓ અને બાળકોના વધતા જતાં સ્ક્રીન ટાઈમિંગને લીધે સર્જાતા અનેક દુષણો સામે રક્ષણ આપવા અને પેરેન્ટસને સહાય કરવા પેરેન્ટ જીની એપ તૈયાર કરવામાં આવી છે. અમેરિકામાં ડલ્લાસ ખાતે હેડક્વર્ટર ધરાવતી આ કંપની ચેન્નઈમાં કચેરી ધરાવે છે.

'એ' ગ્રુપની ૭૧૮ કંપનીઓમાંથી ૫૩ કંપનીઓના ભાવ વધ્યા, ૬૬૪ કંપનીઓના ભાવ ઘટ્યા હતા અને એકનો સ્થિર રહ્યો હતો. જ્યારે 'બી' ગ્રુપની ૧૨૬૧ કંપનીઓમાંથી ૮૭ કંપનીઓના ભાવ વધ્યા, ૧,૧૭૪ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. બીએસઈ ૧૦૦માં નવ કંપનીઓ વધી, ૯૧ કંપનીઓ ઘટી. બીએસઈ ૨૦૦માં ૧૫ કંપનીઓ વધી, ૧૮૫ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં ૩ કંપનીઓ વધી, ૨૭ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૩૯ કંપનીઓ વધી, ૪૬૦ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપની ૧૨ કંપનીઓ વધી, ૧૨૦ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૭૨ કંપનીઓ વધી, ૮૬૪ કંપનીઓ ઘટી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૨૫,૧૩૬.૭૮ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૨૫,૪૬૦.૫૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

# ધોબીપછાડ ધોવાણ બાદ આ સપ્તાહે શું થશે? તેજી માટે નિફ્ટીએ ૨૩,૦૦૦ની પ્રતિકારક સપાટી પાર કરવી અનિવાર્ય

**ફોરકાસ્ટ**

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ શેરબજારે પાછલા સપ્તાહે રોકાણકારોને ધોબીપછાડ ધોવાણનો સાક્ષાત્કાર કરાવ્યો છે, ત્યારે આગામી દિવસોમાં હજુ કેટલું ધોવાણ થશે, કે સુધારાનો આવકાશ છે એ જાણવાની સૌને ઉત્સુકતા છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૪૭૪ લાખ કરોડ રૂપિયા હતું, જે ૨૮ ફેબ્રુઆરીના રોજ ઘટીને ૩૮૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયું, એટલે કે પાંચ મહિનામાં રોકાણકારોની સંપત્તિમાં ૯૦ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે.

એ જ રીતે, ઓક્ટોબર ૨૦૨૪થી નિફ્ટી દર મહિને ઘટાડા સાથે બંધ થયો છે. પાંચ મહિનામાં એમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે. ૧૯૯૬ પછી પહેલીવાર બજારમાં સતત પાંચ મહિના સુધી ઘટાડો થયો છે. આ પહેલાં ૧૯૯૬માં બજારમાં જુલાઈથી નવેમ્બર સુધી સતત પાંચ મહિના સુધી ઘટાડો નોંધાયો હતો. આ પાંચ મહિના દરમિયાન નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૨૬ ટકા ઘટ્યો હતો.

બજારના અભ્યાસુઓ અનુસાર નિફ્ટી જ્યાં સુધી ૨૩,૦૦૦ પોઇન્ટની અવરોધક સપાટી પાર ના કરે ત્યાં સુધી બેન્ચમાર્કમાં સુધારાના પંથે વળવાની સંભાવના ઓછી છે. અસ્થિરતા સહેજ ઓછી થાય, પરંતુ અનિશ્ચિતતાનો માહોલ નિફ્ટીને નડતો રહેશે અને માર્ચ સિરીઝ મુશ્કેલ છે, જોકે માર્કેટ સાઇકલનો દસ વર્ષનો રેકોર્ડ માર્ચમાં સુધારાની આશા પણ દર્શાવે છે! અલબત્ત એ અલગ દષ્ટિકોણ અને અલગ અભ્યાસનો વિષય છે. અમુક નિષ્ણાતો નાની પુલબેક રેલી અથવા બજારની ઓવરસોલ્ડ પોઝિશન જોતાં નાના બાઉન્સ બેકની શક્યતા પણ જોઇ રહ્યાં છે.

જોકે, ટ્રમ્પ આગળના સમયમાં કેવા ડખા ઊભા કરે છે, તે પણ મહત્ત્વનું છે. યુક્રેનના ચીફ ઝેલેન્સ્કીએ અમેરિકના પ્રેસીડેન્ટ ટ્રમ્પને ચીપીયો પછાડીને સ્પષ્ટ ભાષામાં પુષ્પા સાલા ઝુકેગા નહીં, એવો સંકેત આપી દીધો હોવાથી જીઓ પોલિટિકલ ટેન્શન યથાવત રહ્યું છે. આ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારો સતત વેચવાલી કરી રહ્યાં છે અને હાલ તો તેમાં ઓટ આવવાને કોઇ કારણ દેખાતું નથી. ટેક્નિકલ નિષ્ણાતો એવી સલાહ આપી રહ્યાં છે કે જ્યાં સુધી ઇન્ડેક્સ ૨૨,૭૦૦ પોઇન્ટથી ૨૩,૦૦૦ પોઇન્ટના પ્રતિકાર ઝોનની નીચે રહે ત્યાં સુધી સેલ ઓન રાઇઝનો અભિગમ અપનાવવો જોઈએ. જો નિફ્ટી આ પ્રતિકાર સ્તરથી નિર્ણાયક રીતે ઉપર વધે તો જ તેજીની પુનર્જીવનની પુષ્ટિ થશે.

નિફ્ટીએ સતત પાંચ મહિનાની એકધારી પીછેહઠ સાથે રોકાણકારોની સંપત્તિમાં નોંધપાત્ર ધોવાણ સાથે તેમનો આત્મવિશ્વાસ પણ હલાવી નાંખ્યો છે. પાંચ મહિનાની પછડાટમાં નિફ્ટીમાં આશરે ૨૬ ટકાનો કડાકો નોંધાયો છે. નિફ્ટી અને નિફ્ટી બેંક તેમના સપ્ટેમ્બર ૨૦૨૪ના ઉચ્ચતમ સ્તરથી અનુક્રમે ૧૬ ટકા અને ૧૧.૨૦ ટકા ઘટ્યા છે. તે એ પણ સૂચવે છે કે સતત વેચાણ પછી, રિકવરીમાં પણ બેથી ચાર ક્વાર્ટર વચ્ચે વધુ સમય લાગે છે.

અગ્રણી માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, જેમ જેમ નિફ્ટી નાણાકીય વર્ષના અંતિમ મહિનામાં પ્રવેશ કરી રહ્યો છે, ઐતિહાસિક ડેટા સૂચવે છે કે આવા ૨૦ કિસ્સાઓમાંથી, ૧૩ ઇન્ડેક્સ માટે સકારાત્મક રહ્યા છે. જો કે, વર્તમાન સેટઅપને જોતાં, રિકવરીની સંભાવનાઓ અંધકારમય દેખાય છે. ઇન્ડેક્સ સતત પાંચ વખત એક્સપાયરી માટે તેના પાછલા મહિનાના ઉચ્ચ સ્તરથી ઉપર બંધ થવામાં નિષ્ફળ ગયો છે, જે માળખાકીય રીતે નબળા ટેકનિકલ આઉટલુક સૂચવે છે. ઘટતો ઓપન ઇન્ટરેસ્ટ, ઊંચા સ્તરનું રોલઓવર અને એફપીઆઇની નિરસ પ્રવૃત્તિનું સંયોજન સૂચવે છે કે જ્યારે ડાઉનટ્રેન્ડ ગતિ ગુમાવી રહ્યું છે, ત્યારે વોલેટિલિટી બંને બાજુ પ્રબળ રહેવાની શક્યતા છે.

ટેકનિકલ દ્રષ્ટિકોણથી, ઇન્ડેક્સના નાના પુલબેક માટેની છેલ્લી આશા ૨૨,૦૦૦ સ્તરની આસપાસ છે, જ્યાં નોંધપાત્ર પુટ રાઇટિંગ મજબૂત સપોર્ટ ઝોન સૂચવે છે. દરમિયાન, ૨૨,૫૦૦-૨૨,૬૦૦ રેન્જમાં નિશ્ચિતપણે પ્રતિકાર છે, જે ટૂંકા ગાળાની મૂવિંગ એવરેજ અને ટેકનિકલ અવરોધોના સમૂહ સાથે સુસંગત છે. મોટા ઓસિલેટર ઓવરસોલ્ડ ક્ષેત્રમાં સ્થિર હોવાથી, કામચલાઉ બાઉન્સ બેકની શક્યતા નકારી શકાય નહીં. હાલ માટે, જ્યાં સુધી નિફ્ટી ૨૩,૦૦૦ના નિર્ણાયક પ્રતિકાર સ્તરની નીચે રહેશે, ત્યાં સુધી વેચાણકર્તાઓ નિયંત્રણમાં રહેવાની અપેક્ષા છે. ૨૨,૦૦૦ની નીચે નિર્ણાયક ભગ વેચાણના સ્તરને વધુ તીવ્ર બનાવી શકે છે.

વિશ્લેષકો કહે છે કે નિફ્ટી ડેન્ઝર ઝોનમાં પ્રવેશી ગયો છે. નિફ્ટીમાં છેલ્લી વખત સતત પાંચ મહિનાનો ઘટાડો જુલાઈ અને નવેમ્બર ૧૯૯૬ વચ્ચે જોવા મળ્યો હતો. નિફ્ટીમાં ફક્ત બે વાર પાંચ મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે ૧૯૯૮ અને ૨૦૦૧માં ચાર મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે. રેકોર્ડ પરનો સૌથી લાંબો ઘટાડો સપ્ટેમ્બર ૧૯૯૪થી એપ્રિલ ૧૯૯૫ વચ્ચે સતત આઠ મહિનાનો રહ્યો છે.

ભારતના બંને મુખ્ય બેન્ચમાર્ક સપ્ટેમ્બર ૨૦૨૪ના તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી અંદાજે ૧૪ ટકા જેટલા ઘટ્યા છે, કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ ઉપરાંત આગળ પણ કામગીરી નબળી રહેવાની આશંકા, ટ્રમ્પ ટેરિફ ટેરરને કારણે વિદેશી સંસ્થાકીય ફંડોની એકધારી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય વેપારમાં વધી રહેલી અનિશ્ચિતતાને કારણે ઇક્વિટી માર્કેટનું મોરલ સાવ ખખડી ગયું છે.

# એકમે સોલાર હોલ્ડિંગ્સ ૧૦ મેગાવોટનો લક્ષ્યાંક સાધવા માટે ₹ ૧૭,૦૦૦ કરોડનું રોકાણ કરશે

મુંબઇઃ ગ્રીન એનર્જીમાં વિસ્તરણ ઝડપથી આગળ વધારવાના ભાગરૂપે એકમે સોલાર હોલ્ડિંગ્સે રિન્યુએબલ પ્રોજેકટમાં ક્ષમતા વિસ્તરણ માટે ૨૦૨૬માં અંદાજે રૂ. ૧૭૦૦૦ કરોડના કેપેક્સ સાથે ૧૦ મેગાવોટનો લક્ષ્યાંક હાંસલ કરવાનો નિર્ધાર કર્યો છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામને બજેટમાં ન્યુક્લિઅર એનર્જી મિશનની જાહેરાત કરવા સાથે ખાનગી કંપનીઓને ન્યુક્લિઅર પાવર સેક્ટરમાં સહભાગી થવાનું આમંત્રણ આપ્યું છે. કંપની ન્યુક્લિઅર એનર્જી ક્ષેત્રે યોગ્ય તક મળતા પ્રવેશવાની પણ વિચારણા કરી રહી છે.

ફર્મે રાજસ્થાનના જેસલમેર ખાતે ૧,૨૦૦ મેગાવોટનો આઇએસટીએસ (ઇન્ટર-સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ) એસઇસીઆઇ (સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત કર્યો હોવાથી તેનો ઓપરેશનલ પોર્ટફોલિયો વધારીને ૨,૫૪૦ મેગાવોટ સુધી પહોંચ્યો છે.

રિન્યુએબલ એનર્જી કંપની એકમે સોલર હોલ્ડિંગ્સ નાણાકીય વર્ષ૨૦૨૬ના અંત સુધીમાં ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સ માટે કેપેસિટી એક્સપાન્શન પેટે રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૧૭,૦૦૦ કરોડની વચ્ચે ખર્ચ કરશે, એમ કંપનીના સીઇઓ નિખિલ ઢીંગરાએ જણાવ્યું હતું. રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં સૌર અને પવન ઉર્જા પ્રોજેક્ટ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરતી આ કંપનીએ ૨૦૩૦ સુધીમાં ૧૦ ગીગાવોટનું લક્ષ્ય હાંસલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ સંદર્ભે પત્રકારોને સંબોધિત કરતી વખતે, તેમણે કહ્યું કે, હાલમાં, અમારી પાસે ૨.૫ ગીગાવોટ જેટલી ઓપરેશનલ ક્ષમતા છે અને નિર્માણાધીન પ્રોજેક્ટ્સના સંદર્ભમાં, અમે સંપૂર્ણપણે તૈયાર છીએ અને બે તબક્કામાં અમારૂ ક્ષમતા વિસ્તરણ પૂર્ણ કરીશું. પ્રથમ તબક્કામાં, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં તેની ક્ષમતા પાંચ ગીગાવોટ સુધી વિસ્તરણ કરશે અને બીજા તબક્કા માટે, તેઓ નાણાકીય વર્ષ ૨૦૨૭ના અંત સુધીમાં લગભગ ૭ ગીગા વોટ સુધી વિસ્તરણ કરશે.

કંપનીએ રાજસ્થાનના જેસલમેરમાં ૧,૨૦૦ મેગાવોટનો ઇન્ટર સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ, સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત કર્યો છે. જો કે આઇએસટીએસ પ્લાન્ટ માટે, ઉર્જા સંગ્રહ એવી વસ્તુ છે જે કંપની આગામી બે ત્રિમાસિક ગાળામાં પ્લાન્ટ કરવા જઈ રહી છે. હાલમાં, સાઇટમાં સોલાર પ્લાન્ટનો સમાવેશ થાય છે કારણ કે તેમનો એસઇઆઇસી સાથે ૨૫ વર્ષ માટે માત્ર સૌર ઊર્જા પૂરી પાડવાનો કરાર છે.

# સેબીના માજી ચેરમેન અને અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરવા એસીબી કોર્ટનો આદેશ

મુંબઇઃ મુંબઈની વિશેષ એસીબી કોર્ટે શનિવારે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના કેસમાં સેબીના પૂર્વ ચેરમેન માધવી પુરી બુચ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને સેબીના ટોચના અધિકારીઓ સામે એફઆઇઆર નોંધવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કોર્ટે ૩૦ દિવસમાં કેસ સાથે સંબંધિત સ્ટેટસ રિપોર્ટ જમા કરાવવાનો પણ આદેશ આપ્યો છે. વિશેષ એસીબી કોર્ટે કડક ટિપ્પણી કરતા કહ્યું કે, દસ્તાવેજો પરની સામગ્રી અને સમીક્ષા કર્યા બાદ કોર્ટને જણાયું છે કે, આરોપોમાં કોગ્નિઝેબલ ગુનાનો ખુલાસો થયો છે, તેથી તપાસની જરૂર છે. નિયમનકારી ભૂલો અને મિલીભગતના પ્રથમદર્શી પુરાવા છે, જેની નિષ્પક્ષ તપાસ કરવાની જરૂર છે. કાયદાના અમલીકરણ અને સેબીની નિષ્ક્રિયતાના કારણે કલમ ૧૫૩(૩) સીઆરપીસી હેઠળ ન્યાયિક હસ્તક્ષેપની જરૂર છે. કોર્ટે ટિપ્પણીમાં એસીબી અપરાધિક એમ.એ.સં.૬૦૩/૨૦૨૪નો પણ ઉલ્લેખ કર્યો છે. હિન્ડનબર્ગના રિપોર્ટમાં અદાણી જૂથના શેર્સમાં ગેરરીતિ થઈ હોવાના આરોપમાં સેબીના વડા માધબી પુરી બુચ અને તેમના પતિની પણ સંડોવણી હોવાનો આરોપ મૂકાયો હતો. જો કે, માધબી પુરી બુચ સતત આ આરોપોને નકારી રહ્યા છે.

# શૅરબજારની અફડાતફડી વધતાં ૬૧.૩૩ લાખથી વધુ એકાઉન્ટ બંધ

મુંબઇઃ શેરબજારમાં અફડાતફડી અને ખાસ કરીને એકધારી પડતી વધવાથી રિટેલ રોકાણકારોમાં ગભરાટ વધ્યો હોવાના સંકેત છે. જાન્યુઆરીમાં ૫૬ લાખ નવા એસઆઈપી એકાઉન્ટો ખુલ્યા સામે ૬૧ લાખથી વધુ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા છે. નવા એસઆઇપી રજિસ્ટ્રેશનની તુલનાએ બંધ થયેલા એકાઉન્ટોની સંખ્યા વધુ છે.

પાછલા ડિસેમ્બરમાં રૂ. ૨૬,૪૫૯ કરોડના ઇન્ફ્લોની સામે જાન્યુઆરીમાં રૂ. ૨૬૪૦૦ કરોડનું રોકાણ નોંધાયું છે. શેરબજારોમાં પાછલા કેટલાક મહિનાઓથી થઈ રહેલા ધોવાણના પરિણામે રોકાણકારોનો વિશ્વાસ ડગમગવા લાગ્યો છે.

મ્યુચ્યુઅલ ફંડોમાં ઈક્વિટી ફંડોમાં જાન્યુઆરીમાં રોકાણ પ્રવાહ એકંદર જળવાઈ રહ્યા છતાં ૩.૬ ટકાનો ઘટાડો નોંધાયા સાથે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) થકી થતાં રોકાણમાં રોકાણકારો સાવચેત બન્યા છે.

જાન્યુઆરીમાં એસઆઈપી એકાઉન્ટો બંધ થવાનો આંક, નવા રજીસ્ટર્ડ થયેલા એકાઉન્ટોના આંકથી વધી ગયો છે. જાન્યુઆરીમાં ૫૬ લાખ નવા એસઆઈપી એકાઉન્ટો ખુલ્યા સામે ૬૧ લાખથી વધુ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા છે. આમ નેટ ધોરણે એસઆઈપી એકાઉન્ટમાં સતત છઠ્ઠા મહિને ઘટાડો થયો છે.

બંધ થયેલા એકાઉન્ટનોની સંખ્યા જે ડિસેમ્બર ૪૪.૯૦ લાખ હતી, એ જાન્યુઆરીમાં ૬૧.૩૩ લાખ થઈ છે. જ્યારે નવા એસઆઈપી રજિસ્ટ્રેશન ડિસેમ્બરમાં ૫૪.૨૭ લાખ એકાઉન્ટ થયા હતા, એ જાન્યુઆરીમાં ૫૬.૧૯ લાખ થયા છે. જ્યારે એસઆઈપી થકી રોકાણ પ્રવાહ જે ડિસેમ્બરમાં રૂ.૨૬,૪૫૯ કરોડનો નોંધાયો હતો, એ જાન્યુઆરીમાં રૂ.૨૬,૪૦૦ કરોડ નોંધાયો હોવાનું એમ્ફીના આંકડામાં દર્શાવાયું છે.

બજારના જાણકારોનું માનવું છે કે, રોકાણકારો એસઆઈપીઝ કેન્સલ કરી રહ્યા હોય સંકટનો પ્રથમ સંકેત અને ચિંતા છે. આ એસઆઈપી રદ થવાનો ટ્રેન્ડ ફેબ્રુઆરીમાં વેગ પકડે તો નવાઈ ન પામશો.

એસેટ મેનેજમેન્ટ કંપનીઓનું કામ માત્ર ફંડના સંચાલન અને બેન્ચમાર્કને આઉટપર્ફોર્મ કરવાનું માત્ર હોતું નથી, પરંતુ રોકાણકારો અને ઈન્ટરમીડિયરીના હેન્ડહોલ્ડિંગનું પણ હોય છે. અલબત અમુક સમીક્ષકોનું માનવું છે કે, આ હજુ ટ્રેન્ડ ન કહી શકાય. છેલ્લા બે ત્રિમાસિકમાં ઓટો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના વપરાશમાં ઘટાડા સાથે માંગમાં ઘટાડો જોવા મળ્યો છે. ફુગાવો અને ઉપભોક્તાનો ઓછો વિશ્વાસ કદાક ઊંચા ખર્ચ તરફ દોરી જાય છે, જે ટૂંકાગાળા માટે એસઆઈપીની સંખ્યાને અસર કરે છે.

મુંબઈ ખાતે ન્યાયાધિકારીની વડી અદાલતમાં
ટેસ્ટામેન્ટરી એન્ડ ઈન્ટેસ્ટેટ હકૂમત
૨૦૨૪ની પીટીશન નં. ૪૧૮૭

૬૬૪, રોશન મેન્શન, B વીંગ, ૧લો માળ, પારસી કોલોની, દાદર પૂર્વ, મુંબઈ-૪૦૦૦૧૪ ખાતે રહેનાર અને સ્વ. નરગીશ જમશેદજી કારભારી, પારસી, ઝોરોસ્ટ્રીઅન, મુંબઈના ભારતીય રહેવાસી, વ્યવસાયઃ ગૃહિણી, અવિવાહિત કુમારિકા તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૧૫ના છેલ્લા વીલ અને ટેસ્ટામેન્ટ માટેના પ્રોબેટ માટેની પીટીશન ...મરહૂમ

૧. બહેરામ મીનુ વાડિયા )
વય આશરે ૭૦ વર્ષ, પારસી, ઝોરોસ્ટ્રીઅન)
વ્યવસાયઃ વ્યવસાયિક, મુંબઈના )
ભારતીય રહેવાસી, )
૬૧૯ બાનો હવેલી, પારસી જીમખાના )
પાછળ, જામે જમશેદ રોડ, પારસી )
કોલોની, દાદર, મુંબઈ - ૪૦૦૦૧૪ ખાતે )
રહેનાર, ઉપરોક્ત નામવાળા મરહૂમના )
છેલ્લા વીલ અને ટેસ્ટામેન્ટમાં નામ )
અપાયેલ એક્ષીક્યુટર્સના એક હોઈ )
૨. ફરઝાન દિન્યાર મેડોન )
વય આશરે ૪૧ વર્ષ, પારસી, ઝોરોસ્ટ્રીઅન)
વ્યવસાયઃ સર્વિસ, મુંબઈના )
ભારતીય રહેવાસી, )
ફ્લેટ નં. ૨૦૨, ૨જો માળ, મોતી )
મહેલ કો.ઓપ. હા. સોસાયટી, )
૨૮ સેનાપતિ બાપટ માર્ગ, )
માહિમ રેલવે સ્ટેશનની સામે, )
માહિમ પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૧૬ )
ખાતે રહેનાર, ઉપરોક્ત નામવાળા )
મરહૂમના છેલ્લા વીલ અને ટેસ્ટામેન્ટમાં )
નામ અપાયેલ એક્ષીક્યુટર્સના એક હોઈ )
....અરજદારો

સાઈટેશન
પ્રતિ,
તમામ લાગતા વળગતા

જો આપ ઉપરોક્ત નામવાળા મરહૂમની એસ્ટેટમાં કોઈપણ હિત ધરાવવાનો દાવો કરતા હોય તો આથી આપને આવવા અને પ્રોબેટની મંજૂરી પહેલાં કાર્યવાહી જોવા પ્રશસ્તિ છે.

જો આપ પ્રોબેટની મંજૂરીનો વિરોધ કરવા ઈચ્છતા હો તો આપે આ સાઈટેશન આપ પર બજાવ્યાની તારીખથી ૧૪ દિવસમાં પ્રોથોનોટરી એન્ડ સિનિયર માસ્ટરની ઓફિસમાં એક કેવિએટ નોંધાવવી જોઈશે.

આથી આપને જાણ કરવામાં આવે છે કે લાયકાતની શરતો મુજબ સ્ટેટ લીગલ સર્વિસીઝ ઓથોરીટીઝ, હાઈકોર્ટ લીગલ સર્વિસીઝ કમિટીઝ, ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસીઝ ઓથોરીટીઝ તથા તાલુકા લીગલ સર્વિસીઝ કમિટીઝ પાસેથી નિઃશુલ્ક લીગલ સર્વિસીઝ આપની માટે ઉપલબ્ધ છે અને જો આપ લાયક ઠરશો અને ફ્રી લીગલ સર્વિસીઝનો લાભ લેવા ઈચ્છુક હશો તો તેવી બાબતમાં આપ ઉપરોક્ત લીગલ સર્વિસીઝ ઓથોરીટીઝ/કમિટીઝમાંથી કોઈપણનો સંપર્ક કરી શકો છો.

સાક્ષી શ્રી આલોક અરાઢે, મુખ્ય ન્યાયાધીશ, મુંબઈ અને આજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૫

સહી/-
પ્રોથોનોટરી અને સીનીયર માસ્ટર માટે
સહી/-
સીલર
સીલ
તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫
KRY લિગલ માટે
અરજદારો માટેના એડવોકેટસ

# ફેસલેસ એસેસમેન્ટમાં પણ કૌભાંડીઓ સક્રિયઃ સીબીઆઈના દરોડામાં સી.એ. ઝડપાયા

મુંબઇઃ આવકવેરાના રિટર્નના ફેસલેસ એસેસમેન્ટમાં કરદાતા અને આવકવેરા અધિકારીનો સીધો સંપર્ક જ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવી હોવા છતાંય આકારણીની અનિયમિતતાઓ આગળ કરીને કરદાતા પાસેથી પૈસા ખંખેરી લેવાની ગણતરી સાથે આકારણી અધિકારીઓને પોતાના અન્ય શહેરમાંના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મિત્રોનો સંપર્ક કરાવીને કરપ્શન કરવામાં મદદરુપ થતાં બે ડેપ્યુટી કમિશનર, બે ઇન્સ્પેક્ટર અને પાંચ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પર સીબીઆઈના અધિકારીઓએ દરોડા પાડ્યા છે. આવકવેરાના રિટર્નના ફેસલેસ એસેસમેન્ટમાં પણ કૌભાંડ કરવાનો માર્ગ ખોલી દેનારાઓમાં દિલ્હીના ડેપ્યુટી કમિશનર, મુંબઈના બે ઇન્સ્પેક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિલ્હી અને મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કેરળના કોટ્ટાયમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો સમાવશ થાય છે. આ તમામના ઘરો પર છઠી ફેબ્રુઆરીએ દરોડા પાડયા હવાનું સીબીઆઈએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે. કેન્દ્ર સરકારે ૨૦૧૯થી ફેસલેસ એસેસમેન્ટની સિસ્ટમ દાખલ કરી હતી.

# ભારત દુનિયાનું સૌથી ઝડપી વિકસતું અર્થતંત્ર બની રહેશેઃ આઇએમએફની આગાહી

નવી દિલ્હીઃ ભારતીય અર્થવ્યવસ્થા ઝડપથી ઊભરી રહી હોવાનો રિપોર્ટ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઇએમએફ)એ આપ્યો છે. આઇએમએફએ ભારતના અર્થતંત્ર પર વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઊભરતી ઈકોનોમી બનશે, જીડીપી ગ્રોથ ૬.૫ ટકા રહી શકે છે.

આ સિવાય જીડીપી ગ્રોથ જાળવી રાખવા અમુક પગલાંઓ લેવા પણ સલાહ આપી છે. જેથી વિશ્વની ત્રીજી ટોચની ઈકોનોમી બનવાનો ટાર્ગેટ ઝડપથી હાંસલ કરી શકાય. આ ઉપરાંત ત્રીજા ત્રિમાસિકમાં સારા સંકેત મવાની પમ આગાહી કરવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૬.૨ ટકા નોંધાયો છે. જો કે, તે અપેક્ષિત ૬.૩ ટકાના જીડીપી ગ્રોથ સામે ઓછો છે. બીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૫.૬ ટકા નોંધાયો હતો. નાણાકીય વર્ષના અંતે જીડીપી ગ્રોથ ૬.૫ ટકા નોંધાવાનો અંદાજ છે.

આઇએમએફએ જીડીપી ગ્રોથ જાળવી રાખવા ભારતને અમુક સલાહ પણ આપી છે. જે અનુસાર, મજબૂત ખાનગી રોકાણ અને એફડીઆઈને પ્રોત્સાહન આપવુ પડશે. નીતિગત માળખું, વેપાર કરવામાં સરળતાં તેમજ ટેરિફ, નોન ટેરિફ કપાતના માધ્યમથી બિઝનેસને એકીકૃત કરવો પડશે.

વૈશ્વિક પડકારો વચ્ચે ભારતનો જીડીપી ગ્રોથ ઝડપથી વધી રહ્યો છે. આ વેગને જાળવી રાખવા વ્યાપારિક, આર્થિક અને નાણાકીય સ્થિરતા આવશ્યક છે. ભારતના ખાનગી વપરાશમાં મજબૂત વૃદ્ધિનો ટેકો મળી રહ્યો છે. જીડીપી ગ્રોથમાં નજીવો ઘટાડો નોંધાયો હોવા છતાં ભારતીય અર્થતંત્ર વિકસી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ છ માસમાં વાર્ષિક છ ટકાના દરે ગ્રોથ નોંધાયો છે. મોંઘવારીનો દર આરબીઆઈના નિર્ધારિતબેથી છ ટકાના સ્તરે સ્થિર રહ્યો છે. આઇએમએફનું નવુ મૂલ્યાંકન ભારતની આર્થિક તાકાતને રેખાંકિત કરે છે. તેમજ લોંગટર્મ સમૃદ્ધિ સુનિશ્ચિત કરતાં ૨૦૪૭ સુધી દેશ વિકસિત રાષ્ટ્ર બનવાનો લક્ષ્ય હાંસલ કરશે. દેશમાં માથાદીઠ કુલ સ્થાનિક ઉત્પાદનમાં વધારો થયો છે. આઇએમએફએ ભારતીય અર્થવ્યવસ્થા અંગે રાહતભર્યા સમાચાર આપ્યા છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ઈકોરેપ રિપોર્ટમાં પણ સરકારની શ્રેષ્ઠ નીતિઓ અને ડીબીટી પ્રણાલીના લીધે ભારતમાં માથાદીઠ જીડીપી રૂ. ૨.૩૫ લાખ સુધી પહોંચવાનો અંદાજ છે.

## પબ્લિક નોટિસ

**નોંધ લો કે અમે અમારા અસીલો વતી અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં** વર્ણવેલ સ્થાવર મિલકતમાં **પેરુન્દુરાઈ શ્રીકાંતન શ્રીનિવાસન, શેષાદ્રી પેરુન્દુરાઈ શ્રીકાંતન, પેરુન્દુરાઈ શ્રીકાંતન કલ્યાણ, રાજેશ્વરી પદ્મનાભન ઐયર, ભવાની જગન્નાથન અને શ્રીકૃષ્ણન જગન્નાથનના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.** કોઈપણ શખ્સ જે સદર મિલકતના સંદર્ભમાં વારસો, હિસ્સો, વેચાણ, ગીરો, લીઝ, લીઅન, લાયસન્સ, ભેટ, કબજો, અસલ ટાઈટલ ડીડ્સના કબજા અથવા બોજા અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવા કે હક્ક ધરાવતા હોય તો આથી નીચે સહી કરનારને તેના / તેણીના આવા દાવાની આ નોટિસના છપાયાની તારીખથી ૧૪ દિવસમાં જાણ કરવી, જો કોઈ હોય તો, તમામ સહાયક દસ્તાવેજો સાથે જાણ કરવી, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સના દાવાઓ, જો કોઈ હોય તો, ત્યજી દીધેલ ગણાશે અને તેની કોઈ અસર રહેશે નહીં.

### મિલકતનું પરિશિષ્ટઃ

મુંબઈ શહેર અને મુંબઈ પરાં જિલ્લાના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લાના ચેમ્બુરની સબર્બન સ્કીમ નં. III માં ૧૨મો રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧ ખાતે આવેલ, પડેલ અને રહેલ ભરતમાં આશરે ૧૬૫ ચો. ફૂટ કાર્પેટ એરિયા તેના પર સ્થિત નં. ૧ ધરાવતું ગેરેજ તથા ખુલ્લી અગાશી સાથે ભરતમાં આશરે ૧૧૪૧ ચો. ફૂટ કાર્પેટ એરિયા **'રાજેશ્વરી'** તરીકે જાણીતી તેના પર ઊભેલ સ્ટ્રકચરના પ્રથમ માળ સાથે ભરતમાં આશરે ૬૩૩ ચો. વાર, ૫૩૦ ચો.મી.ની સમકક્ષ અથવા તેની આસપાસ પ્લોટ નં. ૫૦૪, CTS નં. ૧૪૨૬, ધરાવતો જમીનનો તે તમામ ટુકડો અને કકડો.

આજ તા. ૩જી માર્ચ, ૨૦૨૫.

**ગજરીયા & કું.**
એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ,
A-III, જીવન જ્યોત, કાવસજી પટેલ સ્ટ્રીટ,
ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### જાહેર સૂચના

સામાન્ય રીતે લોકોને અહીં માહિતી આપવામાં આવી છે કે શ્રી ભદ્રેશ જયકિશન મિસ્ત્રી (રત્નમણિ વસંતલાલ મિસ્ત્રીના ભત્રીજા) રત્નમણિ વસંતલાલ મિસ્ત્રી ના વતી મિસ્ત્રી રણછોડ હરીભાઇ (મૃતક) થી રત્નમણિ વસંતલાલ મિસ્ત્રી (સ્વર્ગીય શ્રી વસંતલાલ રણછોડદાસ મિસ્ત્રીની વિધવા) ના નામ પર ભાડાની રસીદ ના હસ્તાંતર માટે અરજી કરી છે, હાલ નિવાસી (રૂમ નંબર ૧૬, બિલ્ડિંગ નંબર ૭૭, સત્યસદન, બીજો માળ, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, જી.પી.ઓ., મુંબઇ - ૪૦૦ ૦૦૧).

કોઇપણ વ્યક્તિ, ઉપરોક્ત સંપત્તિમાં ધરાવતા કોઇ અધિકાર, શીર્ષક, દાવો અથવા રુચિ, વારસો દ્વારા, કબજો, ઉત્તરાધિકાર, મોર્ટગેજ, પૂર્વાધિકાર, લીઝ, ભેટ અથવા અન્યથા તેના સંદર્ભમાં કોઇ વાંધો હોય તો નીચે હસ્તાક્ષર કરનાર ને લીખિત માં આ નોટિસ ના પ્રકાશનની તારીખ થી 15 દિવસની અંદર જણાવી અને તેના સહાયક દસ્તાવેજો પ્રસ્તુત કરે અથવા તો કોઇ દ્વારા આવા દાવાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને તે દાવાઓ ને સ્વીકારવામાં આવશે નહીં.

**ટ્રસ્ટીઓ,**
**શેઠ ભાણજી દામજી ચેરિટી ટ્રસ્ટ**
શ્રી સત્યનારાયણ મંદિર, ૩૭/૪૧, કિકા સ્ટ્રીટ (ગુલાલવાડી), મુંબઇ - 400 004.

### પબ્લિક નોટિસ

આથી **ખબર** આપવામાં આવે છે કે ૧૮મો માળ, 'A' વિંગ **લોઢા ગ્રાન્ડિયર** બિલ્ડિંગ, સયાની રોડ, S.T. બસ ડેપો સામે, પ્રભાદેવી, મુંબઈ ૪૦૦૦૨૮ ખાતે ફ્લેટ નં. ૧૮૦૧ ખાતે તેમનું સરનામું ધરાવનાર **MS. શીરીન દિનશા બજાન** અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ તેના ખાલી કબજા સાથે બોજાઓથી મુક્તપણે, તમામ બેનીફીટ્સ, હક્કો, ક્લીઅર અને માર્કેટેબલ ટાઈટલ સાથે ફ્લેટ નં. ૧૮૦૧ હોઈ, એક રહેણાંક ફ્લેટ પ્રીમાઈસીસ, મુંબઈના અમારા અસીલો સંજય ચૌધરી અને સ્મિતા ચૌધરી (સૂચિત ખરીદદારો)ને વેચવા અને ટ્રાન્સફર કરવાનો ઈરાદો ધરાવે છે, જે અસલમાં ફ્લેટ નં. ૩, બિલ્ડિંગ નં. ૨૯, જૂની ખારેઘાટ કોલોની, હ્યુજીસ રોડ, મુંબઈ-૭ ખાતે તેમનું સરનામું ધરાવનાર **MS. શીરીન દિનશા બજાન અને શ્રી નૌશીર એન્જિનિયરના** નામમાં રજીસ્ટર્ડ હતું જેઓ ૧૭-૮-૨૦૨૨ના અવસાન પામેલ.

તમામ શખ્સો જે નીચે દર્શાવેલ મિલકતના સંદર્ભમાં વેચાણ, અદલાબદલી, ગીરો, ભેટ, લીઅન, વારસો, સહ-માલિકી, જાળવણી, કબજો, લાયસન્સ, ટેનાન્સી, લીઝ, સબ-લીઝ, અંડર લીઝ, ઈઝમેન્ટ કે બીજી કોઈ રીતે કોઈપણ દાવા/ઓ ધરાવતા હોય તો આથી સદરની જાણ અને ખબર લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને નીચેના સરનામે આ તા.થી **૧૪ દિવસમાં કરે**, નહીંતર, આવા દાવા/ઓ, જો કોઈ હોય તો તેને ત્યજી દીધેલ તરીકે ગણાશે અને બંધનકર્તા રહેશે નહીં અથવા બિન-હયાત રહેશે અને નીચે દર્શાવેલનું વેચાણ અમારા અસીલોની તરફેણમાં પૂર્ણ કરવામાં આવશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ:**

રૂ. ૫૦/- ફુલ્લી પેઈડના મૂ.કિં.ના દરેક અને બંને સહિત, વિશિષ્ટ નં. ૪૯૧ થી ૫૦૦ ધરાવતા દસ ફુલ્લી પેઈડ અપ શેર્સ માટે ફોલિયો નં. ૫૦ હેઠળ નોંધાયેલ, લોઢા ગ્રાન્ડિયર કો-ઓપરેટીવ હા.સો.લિ., દ્વારા અપાયેલ શેર સર્ટિ. નં. ૫ સાથે મુંબઈ શહેર અને મુંબઈ પરાંના નોંધણી પેટા-જિલ્લા અને જિલ્લામાં લોઅર પરેલ ડિવિઝનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૩૪૯ ધરાવતા સયાની રોડ, દાદર, મુંબઈ ખાતે આવેલ અને બંદૂકવાલા ચાલ તરીકે જાણીતી, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. IV, માહિમ ડિવિઝનના ફાઈનલ પ્લોટ નં. ૫૮૯ ધરાવતી જમીન પર તથા સયાની રોડ, S. T. બસ ડેપો સામે, પ્રભાદેવી, મુંબઈ ૪૦૦૦૨૮ ખાતે આવેલ કાંચવાલા ચાલ તરીકે સંયુક્ત રીતે જાણીતી G (સાઉથ) હેઠળ આકારાયેલ અને મુંબઈ શહેર અને મુંબઈ પરાંના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં સંબંધિત કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૧૩૨ લોઅર પરેલ ડિવિઝન ધરાવતા બૃહદ મુંબઈની મ્યુનિસિપલ કોર્પોરેશનની એસ્ટેટ ફાઈનલ પ્લોટ નં. ૫૮૮ ખાતે આવેલ જમીન પર ઊભેલ બિલ્ડિંગ લોઢા ગ્રાન્ડિયરના ૧૮મા માળ પર આવેલ, ભરતમાં આશરે ૧૪૩૨ ચો. ફુટનો કાર્પેટ એરિયા 'A' વિંગના ૧૮મા માળ પર **તે તમામ** રહેણાંક ફ્લેટ નં. ૧૮૦૧.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૨૫

સહી/-
**M. J. જૈન એન્ડ એસોસીએટ્સ**
એડવોકેટ્સ એન્ડ નોટરી,
શ્રીરામ બિલ્ડિંગ, ૨જો માળ, આલ્ફ્રેડ હોટેલની સામે, પ્રિન્સેસ સ્ટ્રીટ કોર્નર, મરીન લાઈન્સ (પૂ), મુંબઈ-૨. ફોનઃ ૯૮૨૦ ૧૧ ૩૯ ૩૯

# રાજ્યમાં કેન્દ્રીય પ્રધાનની દીકરી જ છે અનસેફ

## જળગાંવમાં યુવકોના જૂથે રક્ષા ખડસેની દીકરી અને સ્ટાફ સાથે કર્યું ગેરવર્તન

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન રક્ષા ખડસેએ રવિવારે મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લામાં એક કાર્યક્રમમાં યુવકોના જૂથ દ્વારા તેની દીકરી અને તેમના સ્ટાફના માણસોને હેરાન કરવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શુક્રવારે રાતે મુક્તાઈનગરના કોઠાલી ગામમાં સંત મુક્તાઈ યાત્રા દરમિયાન બનેલી ઘટના સંદર્ભે ખડસેએ મુક્તાઈનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કેન્દ્રીય પ્રધાન અને ભાજપનાં નેતાએ પત્રકારો સાથે વાત કરતાં કહ્યું હતું કે હું ગુજરાતમાં હતી અને મારી દીકરીએ પરવાનગી માટે મને ફોન કર્યો

(જુઓ પાનું ૪) ▶▶

### આરોપીઓ રાજકીય પક્ષનાઃ મુખ્ય પ્રધાન

કેન્દ્રીય પ્રધાન રક્ષા ખડસેની દીકરી સાથે દુર્વ્યવહાર કરવા બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મોટું વક્તવ્ય કર્યું હતું. રક્ષા ખડસેની દીકરીને હેરાન કરનારા યુવકો રાજકીય પક્ષના હતા અને એક યુવક તો પક્ષનો

(જુઓ પાનું ૪) ▶▶

### એકની ધરપકડઃ પોલીસ

જળગાંવના એક કાર્યક્રમમાં યુવાનોના જૂથે કેન્દ્રીય પ્રધાન રક્ષા ખડસેની પુત્રી અને તેની ફ્રેન્ડ્સની છેડતી કરતાં પોલીસે ગુનો નોંધી એકની ધરપકડ કરી હતી.

રક્ષા ખડસેની ફરિયાદને

(જુઓ પાનું ૪) ▶▶

### કૉંગ્રેસે ઠાલવ્યો ગુસ્સો

મુક્તાઈનગર ખાતે સંત મુક્તાઈ યાત્રા દરમિયાન કેન્દ્રીયપ્રધાન રક્ષા ખડસેની દીકરી અને તેમના સ્ટાફ સાથે થયેલા દુર્વ્યવહાર અંગે કોંગ્રેસ સરકાર પર રોષ વ્યક્ત કર્યો હતો. સુરક્ષા હોવા છતાં ખડસેની

(જુઓ પાનું ૪) ▶▶


### મારી ભાણેજની છેડતી કરનારા એકનાથ શિંદેના કાર્યકર્તાઃ રોહિણી ખડસે

સ્વારગેટ ખાતે બળાત્કારની ઘટના બાદ વધુ એક પ્રકરણે મહાયુતિ સરકાર ભીંસમાં મુકાઈ છે. આ વખતે બીજું કોઇ નહીં પણ કેન્દ્રીયપ્રધાન રક્ષા ખડસેની દીકરી અને શરદ પવાર જૂથની એનસીપીનાં નેતા

(જુઓ પાનું ૪) ▶▶


INVESTMENT HOUSE
દરેક કંપનીના Shares ખરીદશું:
Listed- Delisted, Physical,
Demat Shares તેમજ
Shares નાં કોઈપણ Problem માટે Service આપીશું: IEPF-Demat-Single Deceased-Probate-Succession-Duplicate-Transmission.
Contact: 9619315362, 9321043842, 8291225710
Email: investmenth07@rediffmail.com
www.investmenthouse.co.in




09 DAYS
SCENIC Georgia
DEP DATES 26th APR | 05th MAY | 15th MAY | 29th MAY | 07th JUN | 16th JUN
PACKAGE INCLUSIONS
• Helium Ballon Ride, Diamond Bridge, Dashbashi Canyon, Monument Of Chronicles, Alphabetic Tower,Ferris Wheel, અને Ali and Nino Statue નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• Luxurious Hotels
• તમામ એન્ટ્રન્સ ફી ટૂર કોસ્ટ માં સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



કુલીન કુમાર હોલિડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે. પ્રસ્તુત કરે છે...
ઑસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં આનંદ-પ્રમોદની યાદગાર ડૂબકી


તમારી ટૂર પેકેજ તમે જ બનાવો
₹ 85,000 થી શરૂ વ્યક્તિ દિઠ
4 રાત્રિ ગોલ્ડ કોસ્ટ
સાહસ કરવાની ઈચ્છા છે? સેલ્ફ ડ્રાઈવ કાર દ્વારા કોસ્ટલ ડ્રાઈવની દિલધડક સફર
પ્રસ્થાનઃ તમારી મનપસંદ તારીખમાં
ગ્રુપ પેકેજ
₹ 2,15,000 થી શરૂ વ્યક્તિ દિઠ
3 રાત્રિ ગોલ્ડ કોસ્ટ | 2 રાત્રિ બ્રિસ્બેન
• મુંબઈ થી મુંબઈ બધુ જ સામેલ • વર્લ્ડ ક્લાસ સિંગાપૂર એરલાઈન્સમાં મુસાફરી • બધાજ સાઈટસીઈંગ/હાઈ ટેક બસમાં મુસાફરી • આલીશાન સિટી સેન્ટર હોટેલ્સ • અત્યંત અનુભવી અને પ્રોફેશનલ ટૂર લીડર • ટૂર દરમ્યાન ભારતીય સ્વાદિષ્ટ ભોજન • સ્પષ્ટ વ્યવહાર / ટ્રાન્સપરન્ટ પોલિસી
પ્રસ્થાનઃ એપ્રિલઃ ૨૫ • મેઃ ૭, ૧૦, ૧૨, ૧૮, ૨૪, ૨૬, 30 • જૂનઃ ૦૪, ૧૦
SCAN ME
KULIN KUMAR HOLIDAYS
Queensland AUSTRALIA
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500




10 N 11 D
Vietnam
Feb - 27 | March - 08, 15 (Full), 19, 30
April - 10, 19, 30
May - 04, 11, 15, 22, 31
June - 11, 22

10 N 11 D
Japan Cherry Blossom
March: 20 (Full)
April: 02 (Special Departure), 09 (Full)
Alpine Route
April: 19 (Full) May: 09, 19

11 N 12 D
Azerbaijan with Georgia
May: 05, 12, 19
June: 02, 09, 16
July: 04, 16

12 N 13 D
Turkey
April: 15 (Full), 30
May:01 (Full), 04, 13, 15 (Full), 17,19 (Full)
20, 23, 26 | June - 05, 18
30 વર્ષનો અનુભવ, 30 વર્ષનો વિશ્વાસ


7 N 8 D
South Korea
Cherry Blossom Mar: 14 & 21 Apr: 02 & 09
Summer in south Korea
May: 02,12,20,25 | June: 02
સમાવેશઃ એરફેર, ટુરિસ્ટ વિઝા, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ, લક્ઝરિયસ હોટેલ, સાઈટીંગ માટે પ્રવેશ ફી, એક્ટિવીટીઝ, ભારતીય ટૂર મેનેજર, રાજસ્થાની મહારાજ*, ટીપ્સ અને બીજું ઘણું બધું
સિવાય આ ટૂર્સ તો ખરીજ
Croatia with Slovenia * Azerbaijan
*શરતો લાગુ
ઑરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.
AURORA TRAVEL-TOURS PVT.LTD
સંપર્ક : ઓફિસ નંબર ૭૦૨,૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, બી.ડી. માર્ગ, મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર.
ફોન : 022-23519710 / 11 / 12 / 13 / 14
જેસલ 98331 00845 | નીરાલી 9137601052 | ખુશ્બુ 9820798588 | વિશાલ ગોસાલિયા 98196 37535 | ધવલ 98219 21920 | નીલ 98218 90405



બોટાદ સંપ્રદાયના પાળિયાદ ગામે દીક્ષાર્થી દર્શનકુમાર હજારો ભાવિકોના જયનાદે બન્યા નવદીક્ષિત પૂ. દેવાર્યચંદ્રજી મુનિ :
ગચ્છાધિપતિ પૂ. શૈલેશચંદ્રજી મ.સા.ની આજ્ઞાથી પૂ. શ્રી ધીરગુરુદેવના શ્રીમુખે પૂ. જયેશચંદ્રજી મ.સા.ને 'ઉપાધ્યાય પદ'ની ઘોષણાથી ધર્મોલ્લાસ છવાયો









પૂ. શ્રી ધીરગુરુદેવની વિહારયાત્રા : તા. ૩ના બોટાદ, તા. ૪ના ગઢડા, તા. ૫ના દામનગર, તા. ૬ના લાઠી, તા. ૭ના સાવરકુંડલા તા. ૯ના ગોપાલગ્રામ.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**